# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

04
APRIL, 2026
SATURDAY



પેજ 2

ગુજરાતમાં 'સમાન નાગરિક ધારો' - લૈંગિક સમાનતાનું હથિયાર કે રાજકીય અખતરો?

પેજ 3

અમદાવાદમાં ભૂષણ ભટ્ટના પુત્ર અને લોધિકામાં ધીરુ સરવૈયાના પુત્રની એન્ટ્રી

પેજ 7

ઉનાના નાથળમાં યુવાનનું કૂવામાં પડી મોત

પેજ 5

ભૂલથી પણ ભૂલ ન કરતા, 'ઓપરેશન સિંદૂર' હજુ ચાલુ છેઃ રાજનાથ સિંહની પાકિસ્તાનને લલકાર



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 19 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## દિલ્હી-NCR અને જમ્મુ-કાશ્મીરમાં આંચકા અનુભવાયા, પાકિસ્તાન પણ ધ્રુજી ગયું

# 5.9ની તીવ્રતાના ભૂકંપથી અફઘાનિસ્તાનમાં 8નાં મોત

### પંજાબઃ ચંદીગઢ સહિત અમૃતસર અને લુધિયાણામાં પણ લોકોએ આંચકા અનુભવ્યા

• નવી દિલ્હી

દિલ્હી-NCR, પંજાબ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનનું હિંદુકુશ હતું. અફઘાન-તાજિકિસ્તાન સરહદ પર આવેલા ભૂકંપથી ઓછામાં ઓછા 8 લોકોનાં મોત થયા છે. અફઘાનિસ્તાનના કાબુલમાં શુક્રવારે મોડી સાંજે ભૂકંપથી 8 લોકોના મોત થયા છે, જ્યારે એક બાળકને ઈજા થઈ છે. 5.9ની તીવ્રતાના આ ભૂકંપના આંચકા પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પણ અનુભવાયા હતા, જોકે પાકિસ્તાનમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

પઠાણકોટના ભુલ્લા ચોક બજારમાં આવેલા એક ઘરમાં લટકાવેલા તાળાં હલતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. પાકિસ્તાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાત્રે 9:13 વાગ્યે નોંધાયો હતો. તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં હતું અને ઊંડાઈ જમીનથી 190 કિલોમીટર અંદર હતી. ભૂકંપના આંચકા ખૈબર પખ્તુનખ્વા, ઈસ્લામાબાદ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને



પંજાબના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા. આ પહેલા 3 નવેમ્બર 2025ના રોજ અફઘાનિસ્તાનના મઝાર-એ-શરીફમાં 5.9ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછા 20 લોકોના મોત થયા હતા. સેંકડો લોકો ઘાયલ થયા હતા. ભૂકંપથી શહેરની ઐતિહાસિક બ્લુ મસ્જિદને પણ નુકસાન પહોંચ્યું હતું. આ મસ્જિદ મઝાર-એ-શરીફનું મુખ્ય ધાર્મિક અને પર્યટન સ્થળ છે. આપણી પૃથ્વીની સપાટી મુખ્યત્વે 7 મોટી અને ઘણી નાની-નાની ટેક્ટોનિક પ્લેટોથી બનેલી છે. આ પ્લેટો સતત તરતી રહે છે અને ઘણીવાર એકબીજા સાથે અથડાય છે. અથડાવાથી ઘણીવાર પ્લેટોના ખૂણા વળી જાય છે અને વધુ દબાણ આવતા આ પ્લેટો તૂટવા લાગે છે. આવા સમયે નીચેથી નીકળેલી ઊર્જા બહાર નીકળવાનો રસ્તો શોધે છે અને આ ખલેલ પછી ભૂકંપ આવે છે. 467 વર્ષ પહેલાં ચીનમાં આવેલા ભૂકંપમાં 8.30 લાખ લોકોના મોત થયા હતા સૌથી જીવલેણ ભૂકંપ ચીનમાં 1556 માં આવ્યો હતો, જેમાં 8.30 લાખ લોકોના મોત થયા હતા. તીવ્રતાની દૃષ્ટિએ અત્યાર સુધીનો સૌથી ખતરનાક ભૂકંપ ચિલીમાં 22 મે 1960 ના રોજ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 9.5 હતી. તેના કારણે આવેલી સુનામીથી દક્ષિણ ચિલી, હવાઈ ટાપુ, જાપાન, ફિલિપિન્સ, પૂર્વી ન્યુઝીલેન્ડ, દક્ષિણ-પૂર્વ ઓસ્ટ્રેલિયા સહિત ઘણા દેશોમાં ભયાનક તબાહી મચી હતી. આમાં 1655 લોકોના મોત થયા હતા, જ્યારે 3000 લોકો ઘાયલ થયા હતા. દિલ્હી-NCR, જમ્મુ-કાશ્મીર અને ચંદીગઢ સહિત ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં આજે(3 એપ્રિલ) ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. આ ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં હતું. અફઘાનિસ્તાનમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.9 નોંધવામાં આવી છે, જેના કારણે ઉત્તર ભારતના અનેક ભાગોમાં તેની અસર જોવા મળી છે.

ભૂકંપના કારણે જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારો ધ્રૂજી ઉઠ્યા હતા અને એક પછી એક બે આંચકા આવતા લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. આવી જ સ્થિતિ દિલ્હી-NCRમાં પણ જોવા મળી હતી, જ્યાં નોઈડામાં ઓફિસોમાં કામ કરતા કર્મચારીઓ આંચકા અનુભવાતા જ તાત્કાલિક બિલ્ડિંગની બહાર દોડી આવ્યા હતા. આ સાથે જ રહેણાંક વિસ્તારોમાં પણ લોકો સાવચેતીના ભાગરૂપે પોતાના ઘરોની બહાર નીકળી ગયા હતા. જો કે રાહતની વાત એ છે કે અત્યાર સુધી રાજધાની સહિત અન્ય કોઈ પણ જગ્યાએથી કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના સમાચાર મળ્યા નથી. પૃથ્વીની અંદર કુલ સાત પ્લેટ છે. જે હંમેશા કાર્ય કરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાઈ છે તેને ફોલ્ટ ઝોન કહેવામાં આવે છે. જો ભૂકંપની તીવ્રતા 0 થી 1.9 રિક્ટર હોય તો તેનો અનુભવ થતો નથી. તેની જાણકારી સિસ્મોગ્રાફ દ્વારા મેળવવામાં આવે છે. બીજી તરફ 2 થી 2.9 રિક્ટર પર હળવી ધ્રુજારી અનુભવાય છે. આ સિવાય તેની તીવ્રતા જો 3 થી 3.9 હોય તો થોડા વધારે આંચકા અનુભવાય છે. આ ઉપરાંત 4 થી 4.9 રિક્ટર હોય તો બારીઓ તૂટી શકે છે જ્યારે 5 થી 5.9 રિક્ટર પર સામાન અને પંખા હલવા લાગે છે. જ્યારે ભૂકંપની તીવ્રતા 6 થી 6.9 હોય ત્યારે ઘરના પાયામાં તિરાડો પડી શકે છે અને જ્યારે તેની તીવ્રતા 7 થી 7.9 સુધી પહોંચે છે ત્યારે મકાનો પડી જાય છે અને ઘણો વિનાશ થઈ શકે છે.

## ઈરાને અમેરિકાનો 48 કલાકનો સીઝફાયરનો પ્રસ્તાવ ઠુકરાવ્યો:ફાઈટર જેટ બાદ હેલિકોપ્ટર પર અટેક કર્યો

### લાપતા પાયલટ પર ટ્રમ્પ બોલ્યા- તેમને નુકસાન પહોંચ્યું તો શું કરીશું ખબર નથી

• નવી દિલ્હી

ઈરાને દાવો કર્યો છે કે તેણે એક અમેરિકી ફાઈટર જેટની સાથે એક અમેરિકી હેલિકોપ્ટરને પણ નિશાન બનાવ્યું છે. ઈરાની ન્યૂઝ એજન્સી મેહર અનુસાર, જેટ પાડી દેવાયા બાદ પાઈલટને શોધવા આવેલા અમેરિકી હેલિકોપ્ટર પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પહેલા ઈરાને એક અમેરિકી ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર, આ F-15E વિમાન હતું, જ્યારે કેટલીક મીડિયા રિપોર્ટ્સમાં તેને F-35 જણાવવામાં આવ્યું છે. અમેરિકા પોતાના પાઈલટને બચાવવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું હતું, તે દરમિયાન હેલિકોપ્ટરને નિશાન બનાવવામાં આવ્યું. ઈરાને અમેરિકી પાયલટને જીવતો પકડવા પર ઈનામ પણ જાહેર કર્યું છે. જોકે, અમેરિકી અધિકારીઓ દ્વારા પણ હેલિકોપ્ટર પાડી દેવાના દાવાની હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. ઈરાનમાં અમેરિકી ફાઈટર જેટ પડ્યા બાદ લાપતા પાયલટને લઈને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો પાયલટને નુકસાન પહોંચશે તો અમેરિકા શું



કરશે, તે અંગે અત્યારે કંઈ કહી શકાય તેમ નથી. મીડિયા અહેવાલો અનુસાર, એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પને સંભવિત કાર્યવાહી વિશે પૂછવામાં આવ્યું હતું, પરંતુ તેમણે આ અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે માત્ર એટલું જ કહ્યું- અમે આશા રાખીએ છીએ કે એવું નહીં થાય. ઈરાનનો દાવો- નવા એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમથી US જેટ તોડી પાડ્યુંઈરાને દાવો કર્યો છે કે તેણે પોતાની નવી એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમની મદદથી અમેરિકી ફાઈટર જેટને તોડી પાડ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ નીકળ્યા અવકાશયાત્રીઓ 34 હજાર કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધ્યા

વોશિંગ્ટન :આર્ટેમિસ-2 મિશન હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. લોન્ચના એક દિવસ પછી શુક્રવારે સવારે 5:19 વાગ્યે ઓરિયન કેપ્સ્યુલે થ્રસ્ટર્સ ફાયર કર્યા અને પૃથ્વીની કક્ષા છોડી દીધી. હવે તે આગામી 4 દિવસ અવકાશમાં મુસાફરી કરશે અને ત્યાં પહોંચશે, જ્યાં આજ સુધી ફક્ત 24 મનુષ્યો પહોંચી શક્યા છે. પૃથ્વીની ભ્રમણકક્ષા છોડીને ચંદ્ર તરફ જવા માટે એન્જિન ફાયર કરવાની આ પ્રક્રિયાને 'ટ્રાન્સલુનર ઈન્જેક્શન બર્ન' કહેવાય છે. આ લગભગ 6 મિનિટનું મેન્યુવર હતું, જેણે યાનની ગતિ વધારીને 22,000 માઈલ પ્રતિ કલાક એટલે કે લગભગ 34 હજાર કિમી/કલાક કરી દીધી. 1 એપ્રિલના રોજ સવારે 4:05 વાગ્યે 'સ્પેસ લોન્ચ સિસ્ટમ' (SLS) ઓરિયન સ્પેસક્રાફ્ટમાં સવાર 4 અવકાશયાત્રીઓને લઈને ચંદ્ર તરફ રવાના થયું હતું.

### પાકિસ્તાની સીમા હૈદરે પુત્રનું નામ 'ભારત' રાખ્યું:છઠ્ઠા દીકરાનું ડીજેના તાલે વાજતે-ગાજતે નામકરણ કર્યું

નોઈડા : પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદરે પોતાના દીકરાનું નામ 'ભારત' રાખ્યું છે. ગુરુવારે નોઈડાના રબુપુરા ખાતે ઘરે દીકરાના નામકરણ સંસ્કાર થયા. નામકરણ સંસ્કાર પહેલાં સીમાએ કૂવા પૂજન કર્યું. ડીજેના તાલ પર નાચતી-ગાતી શેરીની મહિલાઓ પૂજન કરવા નીકળી હતી. ઘરે પણ સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું. તે પહેલાં રાત્રે માતાના જાગરણનું આયોજન કરવામાં આવ્યું હતું. સીમાએ કહ્યું કે હિન્દુ ધર્મ ખૂબ સુંદર છે. તે ખૂબ ખુશ છે. તેમને હિન્દુ હોવા પર ગર્વ છે. હું ક્રિકેટ મેચમાં ભારતને સપોર્ટ કરું છું. ભારત જ્યારે મેચ જીતે છે ત્યારે મને ખુશી થાય છે. મેચ દરમિયાન ભગવાનને પ્રાર્થના કરું છું કે ભારતની જ જીત થાય. ભારતના લોકો ખૂબ જ સારા છે. હું પાછી પાકિસ્તાન જવા માંગતી નથી. દરેક જાતિના લોકો રબુપુરામાં રહે છે. મને પ્રેમ કરે છે, સન્માન આપે છે. મને પોતાની વહુ માને છે. ખરેખરમાં, ગુરુવારે સીમા હૈદરના છઠ્ઠા બાળકનો નામકરણ સંસ્કાર થયો.

### હવાઈ ભાડું વધારશે તો સરકાર દખલગીરી કરશે:એરલાઇન્સ સાથે ટૂંક સમયમાં મીટિંગ કરશે; ATFના ભાવ બમણા

નવી દિલ્હી : એવિએશન ટર્બાઇન ફ્યુઅલ એટલે કે ATFના ભાવમાં તાજેતરના વધારા પછી ઘણી એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો છે. આનાથી મુસાફરો પર વધતા બોજને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે આ મામલે હસ્તક્ષેપ કરવાની તૈયારીમાં છે. NDTVના એક રિપોર્ટ અનુસાર, સરકાર ટૂંક સમયમાં એરલાઈન્સ સાથે મીટિંગ કરી શકે છે જેથી સામાન્ય લોકોને મોંઘા પ્રવાસમાંથી રાહત મળી શકે. સરકારે હજુ સુધી કોઈ લેખિત નિર્દેશ જારી કર્યો નથી, પરંતુ એરલાઈન્સ પાસેથી તેમની પ્રાઈસિંગ સ્ટ્રેટેજી અંગે સ્પષ્ટતા માંગવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરોના ભાડામાં વધારો ન થાય. ATFના ભાવમાં તાજેતરમાં સમજી વિચારીને વધારો કરવામાં આવ્યો હતો.

## હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલ ટેન્કરોની સુરક્ષા મુદ્દે ટ્રમ્પની ફરી ગુલાંટ, તણાવ ચરમસીમાએ

• નવી દિલ્હી

હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના બે દિવસ પહેલા આપેલા નિવેદનથી પલટી મારી છે. બે દિવસ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે, જે દેશો ક્રૂડ ઓઈલ માટે આ દરિયાઈ માર્ગ પર નિર્ભર છે, તેમણે હવે તેની સુરક્ષાની જવાબદારી પોતે જ ઉઠાવવી જોઈએ. હવે ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું છે કે- 'થોડો વધુ સમય આપો, અમે હોર્મુઝને સરળતાથી ખોલી દઈશું.' માત્ર 48 કલાકની અંદર ટ્રમ્પે આ વૈશ્વિક સંકટ પર પોતાનું સ્ટેન્ડ સંપૂર્ણપણે બદલી નાખ્યું છે, જેનાથી આંતરરાષ્ટ્રીય બજાર




અને સહયોગી દેશો આશ્ચર્યચકિત છે. ટ્રમ્પના આ બદલાતા નિવેદનોની સીધી અસર આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતો પર જોવા મળી રહી છે. બુધવારના નિવેદન બાદ જ્યાં રોકાણકારોને લાગ્યું કે અમેરિકા પાછળ હટી રહ્યું છે, ત્યાં શુક્રવારની પોસ્ટ દ્વારા ફરીથી તણાવ વધી ગયો છે.

### ભારતને મળી ત્રીજી પરમાણુ સબમરીન

## અરિહંત અને અરિઘાત પછી INS અરિદમન નૌકાદળમાં સામેલ

• નવી દિલ્હી

ભારતીય નૌકાદળમાં શુક્રવારે ત્રીજી પરમાણુ સબમરીન INS અરિદમન કમિશન કરવામાં આવી. આ પહેલા INS અરિહંત (2016) અને INS અરિઘાત (ઓગસ્ટ 2024) ને નૌકાદળમાં સામેલ કરવામાં આવી ચૂકી છે. અરિદમનને ઘણા મહિનાઓના ટ્રાયલ પછી કેરળ સ્થિત નેવી સ્ટેશન પર નૌકાદળને સોંપવામાં આવી. INS અરિદમનને વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડિંગ સેન્ટર (SBC) માં તૈયાર કરવામાં આવી છે. આનાથી ન્યુક્લિયર ટ્રાયડ ક્ષમતા વધુ મજબૂત થઈ છે. આ દેશના ગુપ્ત ન્યુક્લિયર બેલિસ્ટિક મિસાઈલ સબમરીન કાર્યક્રમ SSBN નો એક ભાગ છે. આ કેટેગરીની સબમરીન પરમાણુ હથિયારો લઈ જવા અને લાંબા સમય સુધી સમુદ્રમાં તૈનાત રહેવામાં સક્ષમ હોય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેરળના નેવી સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહ્યા હતા. જોકે, આ સંબંધમાં નૌકાદળ કે રક્ષા મંત્રાલય તરફથી હાલમાં કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### ભારત જતું ઈરાની તેલ ટેન્કર ચીન તરફ વળ્યું

## ગુજરાતના વાડીનાર આવી રહ્યું હતું ને દિશા બદલી નાખી, પેમેન્ટના વિવાદની આશંકા

• નવી દિલ્હી

ભારત જતું એક ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કર અચાનક રસ્તો બદલીને ચીન તરફ આગળ વધ્યું. આ ટેન્કર લગભગ સાત વર્ષમાં ભારત પહોંચનાર પ્રથમ ઈરાની ઓઈલ જહાજ હતું અને ગુજરાતના વાડીનાર બંદર તરફ જઈ રહ્યું હતું. તે આશરે 6,00,000 બેરલ ક્રૂડ ઓઈલ લઈ જઈ રહ્યું હતું. શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, જહાજ છેલ્લા ત્રણ દિવસથી ભારત તરફ જઈ રહ્યું હતું, પરંતુ ગુજરાત પહોંચતા પહેલા જ તેણે રસ્તો બદલી નાખ્યો અને હવે ચીનના ડોંગયિંગ તરફ જઈ રહ્યું



છે. નિષ્ણાતો માને છે કે પેમેન્ટની સમસ્યાઓ આ પાછળનું કારણ હોઈ શકે છે. કેપ્લરના મુખ્ય રિસર્ચ એનાલિસ્ટ સુમિત રિટોલિયાના જણાવ્યા અનુસાર, સપ્લાયર્સ અગાઉ 30 થી 60 દિવસની ક્રેડિટ ઓફર કરતા હતા, પરંતુ હવે તેઓ એડવાન્સ અથવા તાત્કાલિક ચુકવણીની માંગ કરી રહ્યા છે. આ કારણે સોદો અટકી ગયો અને ટેન્કરે તેનો રૂટ બદલી નાખ્યો. જો કે, જહાજનું AIS (ટ્રેકિંગ સિસ્ટમ) ગમે ત્યારે બદલી શકાય છે.

## યુદ્ધ વચ્ચે ટ્રમ્પે કરી ટોચના અધિકારીઓની હકાલ પટ્ટી:24 કલાકમાં 2 અધિકારીઓને કાઢી મૂક્યા

### હવે ભારતીય મૂળના કાશ પટેલ-તુલસી ગબાર્ડને પણ હટાવવાની

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના એટર્ની જનરલ પેમ બોન્ડીને હટાવ્યા બાદ હવે ટ્રમ્પ સરકારમાં કેટલાક વધુ મોટા અધિકારીઓને હટાવવાની આશંકા વધી ગઈ છે. અમેરિકન વેબસાઈટ ધ એટલાન્ટિકના રિપોર્ટ અનુસાર, હવે FBI ચીફ કાશ પટેલ અને નેશનલ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડનો નંબર હોઈ શકે છે. રક્ષા મંત્રી પીટ હેગસેથે ગુરુવારે આર્મી ચીફ જનરલ રેન્ડી જ્યોર્જને તાત્કાલિક નિવૃત્ત થવાનો આદેશ આપ્યો. વ્હાઈટ હાઉસની યોજના સાથે સંકળાયેલા ઘણા લોકોએ જણાવ્યું કે વધુ અધિકારીઓને હટાવવા અંગે ચર્ચા ચાલી રહી છે. તેમાં આર્મી સેક્રેટરી ડેનિયલ ડ્રિસ્કોલ અને લેબર સેક્રેટરી લોરી ચાવેઝ-ડીરેમરના નામનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પ તેમના બીજા કાર્યકાળમાં મોટા અધિકારીઓને હટાવવાથી બચતા રહ્યા હતા. તેમને લાગતું હતું કે આવું કરવું ડેમોક્રેટ્સ અને મીડિયા સામે ઝૂકવા જેવું હશે. છેલ્લા કેટલાક મહિનાઓ સુધી એવો આદેશ હતો કે મિડટર્મ ચૂંટણી પહેલા કોઈ કેબિનેટ અધિકારીને હટાવવામાં આવશે નહીં, પરંતુ ઈરાન યુદ્ધ પછી ટ્રમ્પની લોકપ્રિયતા ઘટવાથી સ્થિતિ બદલાઈ ગઈ છે. ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકી સરકારમાં ઝડપથી વહીવટી ફેરફારો થઈ રહ્યા છે. સૌથી પહેલા હોમલેન્ડ સિક્યોરિટી ચીફ ક્રિસ્ટી નોએમને હટાવવાથી તેની શરૂઆત થઈ. તેમને કયા કારણોસર હટાવવામાં આવ્યા તે અંગે સત્તાવાર રીતે કોઈ કારણ જણાવવામાં આવ્યું નથી. થોડા સમયથી તેમની કાર્યશૈલી અને નિર્ણયો પર સવાલો ઉઠી રહ્યા હતા. હોમલેન્ડ સિક્યોરિટી વિભાગની જવાબદારી હોય છે કે દેશને અંદર અને બહારથી આવતા જોખમોથી સુરક્ષિત રાખવામાં આવે.

### પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો:પેટ્રોલના 450, ડીઝલ 500 રૂપિયે લીટ

• નવી દિલ્હી

પાકિસ્તાનમાં પહેલીવાર ડીઝલ-પેટ્રોલ સૌથી મોંઘું થયું છે. એક લિટર પેટ્રોલ 458 અને ડીઝલ 520 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા)ને પાર પહોંચી ગયું છે. સરકારે પેટ્રોલની કિંમતોમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD) ના ભાવમાં 55%નો વધારો કર્યો છે. આ નિર્ણય અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ઉછાળા બાદ લેવામાં આવ્યો છે. નવા દરો ગુરુવાર મધ્યરાત્રિથી લાગુ થઈ ગયા છે. વધારા બાદ પાકિસ્તાનમાં હવે પેટ્રોલ 458.41 અને ડીઝલ 520.35 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. કેરોસીનના ભાવ પણ 34.08 રૂપિયા વધારીને 457.80 રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યા છે. ગયા મહિને પેટ્રોલ-ડીઝલ 55 રૂપિયા મોંઘું થયું હતું. પાકિસ્તાનના 1 રૂપિયાની કિંમત ભારતના 33 પૈસા બરાબર હોય છે. એટલે કે ભારતના 100 રૂપિયાની કિંમત પાકિસ્તાનમાં લગભગ 300 રૂપિયા બરાબર છે. કિંમતોમાં સંતુલન જાળવી રાખવા માટે સરકારે પેટ્રોલિયમ ટેક્સ દરોમાં પણ ફેરફાર કર્યો છે. પેટ્રોલ પર ટેક્સ 105 રૂપિયાથી વધારીને 160 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. જ્યારે ડીઝલની કિંમતોમાં વધુ ઉછાળો ન આવે તે માટે તેના પરનો ટેક્સ 55 રૂપિયાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ચૂંટણીનો જશ્ન અને ખાલી થાળી - શું જનતાના દુ:ખ કરતા સત્તાનો મોહ મોટો છે?

• અમદાવાદ/બ્યુરો રિપોર્ટઃ પવન માકન

ભારત એક એવું લોકશાહી રાષ્ટ્ર બની ગયું છે જ્યાં ચૂંટણીઓ ક્યારેય અટકતી જ નથી. એક રાજ્યની ચૂંટણી પૂરી નથી થતી ત્યાં તો બીજા રાજ્યમાં પ્રચારના શિંગડા ફૂંકાઈ જાય છે. પરંતુ આ ચૂંટણીના શોરબકોર વચ્ચે એક અવાજ જે સતત દબાઈ રહ્યો છે, તે છે સામાન્ય માણસના ભૂખ્યા પેટનો અવાજ. આજે દેશનો મધ્યમ અને ગરીબ વર્ગ મોંઘવારી, બેરોજગારી અને રાશનની લાંબી લાઈનોમાં પીસાઈ રહ્યો છે, જ્યારે દેશનું નેતૃત્વ ચૂંટણી રેલીઓમાં વ્યસ્ત છે.

રેલીઓનો રેલો, જનતાનો ઝમેલો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલી પર સવાલો ઉઠવો હવે સ્વાભાવિક છે. જ્યારે દેશનો યુવાન રોજગાર માટે રસ્તાઓ પર લાઠીઓ ખાઈ રહ્યો હોય અથવા સામાન્ય ગૃહિણી 1000 રૂપિયાને પાર કરી ગયેલા સિલિન્ડરની આગમાં શેકાઈ રહી હોય, ત્યારે વડાપ્રધાન કોઈ ચૂંટણીવાળા રાજ્યમાં વિપક્ષ પર કટાક્ષ કરવામાં મશગૂલ હોય છે. શું વડાપ્રધાનની પ્રાથમિક ફરજ માત્ર પોતાની પાર્ટીને જીતાડવાની જ છે? જનતા પૂછી રહી છે કે સાહેબ, વોટ લેવા તો ગલીએ ગલીએ ફરો છો, પણ મોંઘવારી ઘટાડવા ક્યારે રસ્તા પર ઉતરશો?

વિદેશી ચશ્મા અને દેશી હકીકત

ટીકાકારોનો સ્પષ્ટ તર્ક છે કે ભારતની વિદેશ નીતિ હવે ઘરેલુ હિતો કરતાં અમેરિકા અને પશ્ચિમી દેશોના ઈશારે વધુ ચાલી રહી હોય તેવું લાગે છે. કરોડો રૂપિયાના 'વિદેશ પ્રવાસો' અને 'ભવ્ય સ્વાગત'ની તસવીરોથી અખબારો ચોક્કસ ભરાઈ જાય છે, પણ શું એ પ્રવાસોથી દેશના ખેડૂતની બદહાલી દૂર થઈ? અમેરિકા સાથે સંરક્ષણના સોદા તો થાય છે, પણ શું સામાન્ય માણસની સુરક્ષા અને તેની પાયાની જરૂરિયાતો (રોટલો, કપડાં અને મકાન) પર એટલું જ ધ્યાન અપાય છે?

સત્તાના ગલિયારા વિરુદ્ધ જનતાની કતારો

વડાપ્રધાન પાસે ચૂંટણી રેલીઓ માટે કલાકોનો સમય છે, પરંતુ શું તેમની પાસે એ કતારોમાં ઉભેલા લોકોની મુલાકાત લેવાનો સમય છે જેઓ એક સરકારી સુવિધા માટે પોતાનો આખો દિવસ વેડફી નાખે છે?

* પ્રચારનો ચક્રવ્યૂહ: દર મહિને એક નવી ચૂંટણી અને દર અઠવાડિયે એક નવી રેલી. જનતાના પ્રશ્નો આ ચક્રવ્યૂહમાં ક્યાંક ખોવાઈ ગયા છે.

# આરોપીએ પોતાની જ પત્નીની હત્યા કરવાનો ગુનામા આરોપીને આજીવન કેદની સજા

• રાજપીપલા, તા.3

નર્મદા જિલ્લા સેસન્સ કોર્ટમાં ચાલતા ગંભીર હત્યાના કેસમાં સેસન્સ જજ આર. ટી. પંચાલસાહેબ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો. સરકારી વકીલ વંદના ભટ્ટ દ્વારા કરવામાં આવેલી ધારદાર અને તર્કસભર રજૂઆતના આધારે આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયો હતો.

ફરિયાદની હકીકત ફરિયાદ મુજબ, ફરિયાદી ગણેશભાઈ રામસિંહભાઈ પાદવી રહે. ગામ શાણીપુર,તા. સાગબારા જી. નર્મદાપોતાના પરિવાર સાથે ઘરે રહેતા હતા. આરોપી રામસિંહભાઈ પાદવી વારંવાર પોતાની પત્ની અરૂણાબેન સાથે ઝઘડો કરતા હતા. ઘટના દિવસે રાત્રિના સમયે પરિવારના સભ્યો ઘરમાં સુતા હતા .

જાસૂસી

લિવ-ઇન રજિસ્ટ્રેશનઃ સુરક્ષા કે જાસૂસી?

# ગુજરાતમાં 'સમાન નાગરિક ધારો' - લૈંગિક સમાનતાનું હથિયાર કે રાજકીય અખતરો?

## ગુજરાત સરકારના લગ્ન નોંધણીના નવા નિયમો મુજબ હવે માતા-પિતાની જાણ કરવી પણ ફરજિયાત થવા જઈ રહી છે

• અમદાવાદ/બ્યુરો રિપોર્ટ પવન માકન

ગુજરાત વિધાનસભામાં માત્ર આઠ કલાકની ટૂંકી ચર્ચા અને 398 કલમો ધરાવતો 200 પાનાનો 'સમાન નાગરિક ધારો' (UCC) પસાર કરી દેવામાં આવ્યો. ઉત્તરાખંડ બાદ ગુજરાત દેશનું બીજું એવું રાજ્ય બન્યું છે જ્યાં આ કાયદો લાગુ થશે. ઉપરછલ્લી રીતે જોતા આ કાયદો સ્ત્રી-પુરુષ સમાનતા, વારસાઈ હક અને લિવ-ઈન સંબંધોને કાનૂની માળખામાં લાવવાની વાત કરે છે, પરંતુ શું આ કાયદો ખરેખર મહિલાઓના સશક્તિકરણ માટે છે કે પછી તેની પાછળ કોઈ ચોક્કસ એજન્ડા છુપાયેલો છે? ચાલો સમજીએ આ કાયદાના ગૂંચવાયેલા તાણાવાણા.

સ્ત્રીઓના હકઃ નવી બોટલમાં જૂની શરાબ?

વડાપ્રધાન અને મુખ્યમંત્રી દાવો કરી રહ્યા છે કે આ કાયદો દીકરીઓને મિલકતમાં સમાન હક અપાવશે અને બહુપત્નીત્વ જેવી પ્રથાઓ નાબૂદ કરશે. પણ અહીં એક સવાલ એ થાય છે કે, હિન્દુ વારસા અધિનિયમ મુજબ 2005થી જ હિન્દુ દીકરીઓને પિતાની સંપત્તિમાં સમાન હક મળેલો જ છે. હિન્દુ લગ્ન ધારા મુજબ એક કરતા વધુ લગ્ન પહેલેથી જ ગુનો છે. તો પછી આ નવા કાયદામાં 'નવું' શું છે?

હા, લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલાઓ અને ત્યકતા સ્ત્રીઓ માટે ભરણપોષણની જોગવાઈ આવકાર્ય છે, પરંતુ સમગ્ર કાયદાનું કેન્દ્રબિંદુ મુસ્લિમ મહિલાઓના અધિકારોની આસપાસ જ ફરતું હોય તેમ જણાય છે. જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગૃહમાં ભાષણ આપે છે ત્યારે નિકાહ હલાલા કે શ્રદ્ધા વાલકર જેવા ઉદાહરણો આપે છે, જે સ્પષ્ટ કરે છે કે કાયદાનો ઈરાદો મહિલા સુરક્ષા કરતા લઘુમતી સમાજની પ્રથાઓ પર પ્રહાર કરવાનો વધુ છે.

લિવ-ઈન રજિસ્ટ્રેશનઃ સુરક્ષા કે જાસૂસી?

કાયદાની સૌથી વિવાદાસ્પદ કલમ છે - લિવ-ઈન સંબંધોની ફરજિયાત




નોંધણી. જો કોઈ યુગલ સાથે રહેતું હોય તો તેણે સરકારને જાણ કરવી પડશે. એટલું જ નહીં, જો ઓળખ છુપાવી હોય તો 7 વર્ષની જેલની જોગવાઈ છે.

અહીં 'પાક્કો ગુજરાત' સવાલ પૂછે છે કે:

* શું પુખ્ત વયના સ્ત્રી-પુરુષ કોની સાથે રહે છે તેની જાણકારી સરકારને આપવી એ તેમના નિજતાના અધિકાર (Right to Privacy) પર તરાપ નથી?

* લવ-જિહાદના નામે જ્યારે સમાજમાં પહેલેથી જ ઉકળાટ હોય, ત્યારે આવી કલમોનો ઉપયોગ ચોક્કસ સમુદાયના યુવાનોને નિશાન બનાવવા માટે નહીં થાય તેની શું ખાતરી?

* કિંજલ દવે જેવી સેલિબ્રિટીના આંતરજ્ઞાતીય લગ્નો પર પણ જ્યારે વિવાદ થતો હોય, ત્યારે સામાન્ય યુગલો માટે આ કાયદો પોલીસ અને સમાજની પજવણીનું સાધન બની શકે છે.

રક્ષણના નામે સ્ત્રીને 'અબળા' માનવાની માનસિકતા

ગુજરાત સરકારના લગ્ન નોંધણીના નવા નિયમો મુજબ હવે માતા-પિતાની જાણ કરવી પણ ફરજિયાત થવા જઈ રહી છે. આ તમામ બાબતોમાં સ્ત્રીને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે જોવાને બદલે 'ભોળવાઈ જનારી' કે 'બિચારી' તરીકે જોવાની પિતૃસત્તાક માનસિકતા ડોકાય છે. રક્ષણના નામે સરકાર સ્ત્રીના વ્યક્તિ સ્વાતંત્ર્ય પર નિયંત્રણ મૂકી રહી હોય તેવું લાગે છે.

નિષ્કર્ષઃ અમલવારીમાં જ ખરી કસોટી

બાબા સાહેબ આંબેડકરે સમાન નાગરિક ધારાની હિમાયત સ્ત્રીઓને લોકતાંત્રિક હક આપવા માટે કરી હતી, નહીં કે કોઈ ધર્મ પ્રત્યે દ્વેષ ફેલાવવા. જો આ કાયદો ખરેખર નિષ્પક્ષ હોય, તો આજે જે હિન્દુ સ્ત્રીઓ વારસાઈ હક કે ભરણપોષણ માટે કોર્ટના ધક્કા ખાય છે, તેમની સ્થિતિ સુધારવા પર સરકારે વધુ ભાર મૂકવો જોઈએ.

ચૂંટણીઓ આવે ત્યારે આવા 'દમદાર' કાયદાઓ પસાર કરવા એ સહેલું છે, પણ શું આ કાયદો સામાન્ય નાગરિકની જિંદગીમાં સુધારો લાવશે કે પછી માત્ર પોલીસ સ્ટેશનોમાં ફરિયાદોનો ભરાવો કરશે? એ તો સમય જ કહેશે.

રિપોર્ટઃ પવન માકન (પાક્કો ગુજરાત)

પત્નીએ પિતાની મંજૂરી વગર દીકરીઓની સરનેમ બદલી

# વિપુલ ચૌધરી ફરી વિવાદોના વમળમાં! પારિવારિક ઝઘડામાં પૂર્વ ગૃહમંત્રીનું નામ ઉછળતા ખળભળાટ

ખળભળાટ | પતિએ લગાવ્યા ગંભીર આક્ષેપો – વડોદરાના અટલાદરામાં ગુનો દાખલ

• વડોદરા | પાક્કો ગુજરાત ન્યૂઝ

વડોદરા શહેરમાંથી એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેણે માત્ર સામાજિક જ નહીં પણ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે. એક પતિ-પત્નીના પારિવારિક વિવાદે હવે ગંભીર કાનૂની વળાંક લીધો છે, જેમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીના નામનો ઉલ્લેખ થતા મામલો ગરમાયો છે.

વડોદરાના અટલાદરા પોલીસ સ્ટેશનમાં એક પતિએ પોતાની અલગ રહેતી પત્ની અને એક ખાનગી શાળાના સંચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદનો મુખ્ય મુદ્દો એ છે કે, પિતાની કોઈપણ પ્રકારની મંજૂરી લીધા વગર પત્નીએ બંને દીકરીઓની સરનેમ બદલી નાખી છે. આ મામલે કોર્ટે દખલગીરી કરવી પડી હતી અને કોર્ટના આદેશ બાદ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



વિપુલ ચૌધરી સાથેના સંબંધોના આક્ષેપથી ખળભળાટ

ફરિયાદી પતિએ પોતાના નિવેદનમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે:

* ચોંકાવનારો દાવો: પતિના જણાવ્યા મુજબ, વર્ષ 2019માં જ્યારે તેની પત્ની મહેસાણા રહેવા ગઈ હતી, ત્યારે તેના સંબંધો મહેસાણા દૂધ સાગર ડેરીના તત્કાલીન ચેરમેન વિપુલ ચૌધરી સાથે ગાઢ બન્યા હતા.

* ખાસ નિમણૂક: આક્ષેપ છે કે પત્નીને ખાસ બહારગામથી મહેસાણા બોલાવીને ડેરીના HR વિભાગમાં નોકરીએ રાખવામાં આવી હતી.

* આર્થિક ગેરરીતિની કડી: પતિએ એવો પણ દાવો કર્યો છે કે ડેરીમાં બોનસ અને અન્ય આર્થિક વ્યવહારોમાં ગેરરીતિ કરવા માટે આ આખું આયોજન કરવામાં આવ્યું હતું.

ભૂતકાળના વિવાદો તાજા થયા

ઉલ્લેખનીય છે કે વિપુલ ચૌધરી માટે વિવાદો નવા નથી. અગાઉ પણ દૂધ સાગર ડેરીમાં કરોડો રૂપિયાના બોનસ કૌભાંડ અને આર્થિક ભ્રષ્ટાચારના કેસોમાં તેઓ જેલની હવા ખાઈ ચૂક્યા છે. હવે જ્યારે એક પારિવારિક વિવાદમાં તેમનું નામ ફરી ઉછળ્યું છે, ત્યારે આ બાબત ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બની છે.

» 'દીકરીઓની ઓળખ બદલવાથી લઈને પૂર્વ ગૃહમંત્રી સાથેના કથિત સંબંધો સુધીની આ લડાઈ હવે પોલીસ સ્ટેશનના ઉંબરે પહોંચી છે. તપાસમાં કેવા 'સફેદ કપડાધારી'ઓના નામ બહાર આવે છે તેના પર સૌની નજર છે.'

»

હાલ તો પોલીસે ગુનો નોંધીને પત્ની અને શાળા સંચાલકની પૂછપરછ હાથ ધરી છે. પારિવારિક વિવાદમાંથી શરૂ થયેલી આ આગ હવે ક્યાં સુધી પહોંચશે તે જોવું રહ્યું.

રિપોર્ટ: પાક્કો ગુજરાત ડેસ્ક, વડોદરા

# VMC ચૂંટણી પૂર્વે ટિકિટ માટે દોડધામ: બિલ્ડરની એન્ટ્રી અને ગાંધીનગર સુધીના કનેક્શનથી ગરમાવો

## વડોદરાના એક જાણીતા બિલ્ડરે આગામી ચૂંટણીમાં ટિકિટ મેળવવા માટે મસમોટું આયોજન કર્યું છે

• વડોદરા (VMC)

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ રાજકીય ગલિયારાઓમાં ટિકિટ મેળવવા માટેની ખેંચતાણ ચરમસીમાએ પહોંચી છે. પક્ષ પ્રત્યેની વફાદારી કરતાં હવે 'પ્રભાવ' અને 'પૈસા'નું જોર વધુ ચર્ચાઈ રહ્યું છે. તાજેતરમાં એક બિલ્ડર દ્વારા ચૂંટણીનો તમામ ખર્ચ ઉઠાવવાની ઓફર સાથે મંત્રી સુધી પહોંચવાના પ્રયાસોએ શહેરના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરાના એક જાણીતા બિલ્ડરે આગામી ચૂંટણીમાં ટિકિટ મેળવવા માટે મસમોટું આયોજન કર્યું છે. ચર્ચા છે કે આ બિલ્ડરે પક્ષના મોવડી મંડળ સમક્ષ ચૂંટણીનો સંપૂર્ણ આર્થિક ભાર ઉઠાવવાની તૈયારી દર્શાવી છે. સત્તાધારી પક્ષના એક વગદાર મંત્રી સુધી પોતાની વાત પહોંચાડવા માટે બિલ્ડરે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવી હોવાનું મનાય છે. પૂર્વ મહિલા કોર્પોરેટરની


This visual is generated using AI and does not depict real footage

મધ્યસ્થીઆ સમગ્ર ખેલમાં એક પૂર્વ મહિલા કોર્પોરેટરની ભૂમિકા સૌથી મહત્વની હોવાનું સામે આવ્યું છે. ટિકિટના દાવેદાર બિલ્ડર અને ગાંધીનગરના મંત્રી વચ્ચે સેતુ બનવાનું કામ આ પૂર્વ કોર્પોરેટર કરી રહ્યા છે. ગાંધીનગર સુધી દોડ લગાવીને બિલ્ડરના નામની ભલામણ કરવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે, જેના કારણે વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા પાયાના કાર્યકરોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે. નિષ્ઠા કે નાણું? કોના ભાગે આવશે ટિકિટ? ચૂંટણી પહેલાં જ જે રીતે 'ટિકિટ માટેના સોદા'ની ચર્ચાઓ વહેતી થઈ છે, તેનાથી રાજકીય ગલિયારામાં ગરમાવો વધ્યો છે. હાલ તો વડોદરાના રાજકારણમાં આ 'પૈસા અને પ્રભાવ'ની રમત ટોક ઓફ ધ ટાઉન બની છે. હવે જોવાનું એ રહેશે કે હાઈકમાન્ડ આ ભલામણોને વશ થાય છે કે પછી લાયક ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળે છે.

રિપોર્ટ: પવન માકન

# પકવાન બ્રિજ પર હિટ એન્ડ રન કેસ: સાત દિવસની સારવાર બાદ બાઈકચાલકનું મોત

• અમદાવાદ

અમદાવાદના એસ.જી. હાઈવે પર પકવાન ઓવર બ્રિજ પર ગત 27મી માર્ચના રોજ સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 47 વર્ષીય વ્યક્તિનું આજે (ત્રીજી એપ્રિલ) સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ અકસ્માતના વીડિયોએ સમગ્ર શહેરમાં અરેરાટી ફેલાવી દીધી હતી. જોકે, પોલીસે આ મામલે કારચાલકની ધરપકડ કરી હતી.

મળતી માહિતી અનુસાર, નરોડા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય કમલેશભાઈ પાણખાણિયા ગત 27મી માર્ચના રોજ પકવાન ઓવર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન થલતેજથી સરખેજ તરફ જઈ રહેલી એક પૂરઝડપે આવતી કારે તેના બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

સોશિયલ મીડિયા પર વાઈરલ આ અકસ્માતના વીડિયોમાં જોઈ શકાય છે કે ટક્કર એટલી ભયાનક હતી કે આખું બાઈક કારના આગળના ભાગમાં ફસાઈ ગયું હતું. માનવતા નેવે મૂકીને કારચાલકે ગાડી ઉભી રાખવાને બદલે, ફસાયેલા બાઈક સાથે જ કારને હંકારી મૂકી હતી અને બાઈકને ઢસડતી હાલતમાં જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં કમલેશભાઈને શરીરના અનેક ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને છાતી, કમર, માથું અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા સાત દિવસથી જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ આજે (ત્રીજી એપ્રિલ) ના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. હિટ એન્ડ રનની આ ઘટના બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ તેજ કરી હતી. પોલીસે આ મામલે 31 વર્ષીય રોહન રશ્મિકાંત પટેલની ધરપકડ કરી હતી. રોહન પટેલ થલતેજના સુરધારા સર્કલ નજીક મણિચંદ્ર સોસાયટીનો રહેવાસી છે અને મેટલ ટ્રેડિંગ (ધાતુના વેપાર) ના વ્યવસાય સાથે સંકળાયેલો છે.

# એરપોર્ટ પરથી ઝડપાયો 2 કરોડનો હાઈબ્રિડ ગાંજો : બેંગકોકથી 2.25 કિલો ગાંજો વેક્યુમ પેક કરી છુપાવીને લાવતા MPના બે શખ્સોની ધરપકડ

• અમદાવાદ

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હેડ્રોપોનિક ગાંજાની દાણચોરીના કિસ્સાઓ સતત વધતાં જઈ રહ્યાં છે. આ ગુનામાં સજાની કડક જોગવાઈ હોવા છતાં આ ગાંજાની ડિમાન્ડને કારણે દાણચોરીના કેસો ઘટવાનું નામ લેતાં નથી. આ દરમિયાન આજે સવારે વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. વીઝેડ- 750 દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી અમદાવાદ આવી રહેલા બે મુસાફરો ગાંજાના જથ્થા સાથે ઝડપાયા હતા. DRI તરફથી મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, એઆઈયુ, અમદાવાદના અધિકારીઓએ વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. વીઝેડ- 750 દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી અમદાવાદ આવી રહેલા બે ભારતીય નાગરિકોને અટકાવ્યા હતા. તેમની પાસેથી બે કિલોથી વધુ વજનનો ગાંજો મળી આવ્યો હતો. તેની આંતરરાષ્ટ્રીય બજારમાં બે કરોડથી વધુ કિંમત થવા જાય છે. મુસાફરોના સામાનની ઝીણવટભરી તપાસમાં આઠ વેક્યુમ-સીલબંધ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા હતા, જેમાં લીલા રંગનો પદાર્થ હતો. પરીક્ષણ કરાવતાં આ પદાર્થ હાઈડ્રોપોનિક ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી અને કુલ 2.254 કિલો પ્રતિબંધિત વસ્તુ જપ્ત કરવામાં આવી હતી. બંને મુસાફરોની NDPS એક્ટ, 1985ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ બંને આરોપીઓ મધ્યપ્રદેશના જબલપુરના છે.

8મી એપ્રિલે મમતા બેનર્જી ભવાનીપુરથી ફોર્મ ભરશેઃ શક્તિ પ્રદર્શનની તૈયારી, પણ શું 'મમતા જ મમતાને હરાવશે'?

# બંગાળમાં 'દીદી'નો ચોગ્ગો કે ભાજપનો 'શુભેન્દુ' વાર? 2026ના રણસંગ્રામમાં મમતા બેનર્જી સામે સૌથી મોટો પડકાર!

• કોલકાતા | પાક્કો ગુજરાત ન્યૂઝ

ભારતીય રાજકારણની સૌથી મોટી 'ગ્લેડિયેટર ફાઈટ' હવે પશ્ચિમ બંગાળના મેદાનમાં ખેલાવા જઈ રહી છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026 માટેનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનર્જી સતત ચોથી વખત સત્તા સંભાળવાના ઈરાદા સાથે 8મી એપ્રિલે પોતાનું નામાંકન પત્ર દાખલ કરશે. આ દિવસે કાલીઘાટથી ગોપાલનગર સુધી એક વિરાટ જુલૂસ કાઢીને દીદી પોતાની રાજકીય તાકાત બતાવશે.

ભવાનીપુર: જંગ-એ-મેદાન

આ વખતની સૌથી રોમાંચક બેઠક ભવાનીપુર બની રહી છે. એક તરફ મમતા બેનર્જી છે, તો બીજી તરફ ભાજપે તેમના જ પૂર્વ સાથી શુભેન્દુ અધિકારીને મેદાનમાં ઉતાર્યા છે. અમિત શાહે તો ત્યાં સુધી કહી દીધું છે કે, 'ભવાનીપુરમાં મમતાની હાર એ બંગાળમાં ભાજપના વિજયનો પ્રારંભ હશે.'

શું મમતાને 'પોતાના' જ નડશે?

રાજકીય વિશ્લેષકોમાં અત્યારે એક વાક્ય ખૂબ ચર્ચાઈ રહ્યું છે: 'મમતા મમતાને હરાવી શકે છે.' આ પાછળના મુખ્ય કારણો:

* સત્તા વિરોધી લહેર (Anti-incumbency): લાંબા સમયથી સત્તામાં હોવાથી શિક્ષિત યુવાનો અને શહેરી મધ્યમ વર્ગમાં રોજગારી મુદ્દે રોષ છે.

* ભ્રષ્ટાચારના આક્ષેપો: શિક્ષકોની ભરતી કૌભાંડ અને સ્થાનિક સ્તરે નેતાઓની ગેરરીતિઓ ભાજપ માટે મોટું હથિયાર બની છે.

* આંતરિક જૂથબંધી: TMCમાં બ્લોક લેવલ પર નેતાઓ વચ્ચેનો અંદરોઅંદરનો કલેહ પક્ષને નબળો પાડી રહ્યો છે.

દીદીનું સુરક્ષા કવચ: 'લક્ષ્મી ભંડાર'

આટલા આક્ષેપો છતાં મમતા બેનર્જી મજબૂત છે, તેનું કારણ તેમની સામાજિક યોજનાઓ છે. લક્ષ્મી ભંડાર, કન્યાશ્રી અને મફત રાશન જેવી યોજનાઓએ ગ્રામીણ બંગાળમાં મહિલાઓ અને ગરીબોનો મોટો વોટ બેંક ઉભો કર્યો છે.

ચૂંટણીનું ગણિત

* કુલ બે તબક્કામાં મતદાન: 23 એપ્રિલ અને 29 એપ્રિલ.

* ભવાનીપુરમાં મતદાન: બીજા તબક્કામાં (29 એપ્રિલ).

* નામાંકનની છેલ્લી તારીખ: 9 એપ્રિલ.

» પાક્કો ગુજરાત સ્પેશિયલ એનાલિસિસ:

» આ ચૂંટણી માત્ર TMC વિરુદ્ધ ભાજપ નથી, પણ મમતા બેનર્જીની પોતાની છબી અને પક્ષની આંતરિક એકતાની કસોટી છે. જો દીદી આંતરિક જૂથબંધી ડામવામાં સફળ રહેશે, તો ચોથી વાર સત્તાના સિંહાસન સુધી પહોંચવું મુશ્કેલ નથી. પરંતુ જો 'પોતાના' જ વિરોધ કરશે, તો બંગાળમાં મોટું પરિવર્તન નક્કી છે.

ભાજપની સેન્સ પ્રક્રિયામાં દાવેદારોનો મેળાવડો

# અમદાવાદમાં ભૂષણ ભટ્ટના પુત્ર અને લોધિકામાં ધીરુ સરવૈયાના પુત્રની એન્ટ્રી







અમદાવાદ/રાજકોટ: ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે 'સેન્સ' લેવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન અનેક બેઠકો પર દાવેદારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો, પરંતુ સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર 'રાજકીય વારસદારો' અને 'સેલિબ્રિટી કનેક્શન' ધરાવતા દાવેદારો રહ્યા છે.

અમદાવાદમાં સેન્સ પ્રક્રિયા દરમિયાન પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટના પુત્રએ પોતાની દાવેદારી નોંધાવતા રાજકીય ગરમાવો આવ્યો છે. ખાડિયા-જમાલપુર વિસ્તારમાં વર્ષોથી ભટ્ટ પરિવારનો પ્રભાવ રહ્યો છે, ત્યારે હવે નવી પેઢીએ સક્રિય રાજકારણમાં ઝંપલાવવાની તૈયારી બતાવી છે. પાયાના કાર્યકરો અને સમર્થકોની મોટી સંખ્યા સાથે તેમણે નિરીક્ષકો સમક્ષ પોતાની રજૂઆત કરી હતી.

લોધિકા: હાસ્ય કલાકાર ધીરુ સરવૈયાના પુત્ર મેદાનમાં

બીજી તરફ, સૌરાષ્ટ્રના લોધિકામાં પણ ભાજપની સેન્સ પ્રક્રિયામાં મોટું આશ્ચર્ય જોવા મળ્યું હતું. જાણીતા હાસ્ય કલાકાર ધીરુ સરવૈયાના પુત્રએ ચૂંટણી લડવા માટે ફોર્મ ભર્યું છે. લોકપ્રિય કલાકારના પુત્રની એન્ટ્રીથી આ બેઠક પર રસાકસી વધવાની શક્યતા છે. કલા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા પરિવારમાંથી રાજકારણમાં આવવાના આ નિર્ણયની સ્થાનિક સ્તરે જોરદાર ચર્ચા થઈ રહી છે.

નિરીક્ષકો સમક્ષ દાવેદારોનો શક્તિપ્રદર્શન

રાજ્યભરમાં ભાજપના નિરીક્ષકો દ્વારા ઉમેદવારોની લાયકાત, વિસ્તારમાં તેમની પકડ અને જીતવાની ક્ષમતાના આધારે ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

* ઉત્સાહ: સેન્સ પ્રક્રિયામાં યુવા ચહેરાઓથી લઈને અનુભવી કાર્યકરોએ લાઈનો લગાવી હતી.

* શિસ્ત: પક્ષ દ્વારા સ્પષ્ટ સૂચના હોવા છતાં, દાવેદારો પોતપોતાના સમર્થકો સાથે શક્તિપ્રદર્શન કરતા નજરે પડ્યા હતા.

* પસંદગી: હવે આ સેન્સના આધારે પાર્લામેન્ટરી બોર્ડ આખરી નિર્ણય લેશે કે કોને ટિકિટ આપી મેદાનમાં ઉતારવા.

ચૂંટણી પહેલા જ આ પ્રકારે દિગ્ગજોના સંતાનો અને જાણીતા ચહેરાઓએ દાવેદારી નોંધાવતા, આગામી દિવસોમાં ટિકિટ ફાળવણી વખતે પક્ષ માટે 'પસંદગીનો જંગ' કપરો બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અહેવાલ: પવન માકન (ગ્રુપ એડિટર) પાક્કો ગુજરાત

---

**ભવિષ્ય!** રાજકારણમાં હવે 'જનસેવા' નહીં, 'ડિજિટલ ઇમ્પ્રેશન'નો જમાનો!

# ભાજપમાં ટિકિટ જોઈતી હોય તો રીલ્સ બનાવવી પડશે? ફોલોઅર્સની સંખ્યા નક્કી કરશે નેતાનું ભવિષ્ય!

## તમારો મત શું છે? ટિકિટ માટે મોબાઈલની સ્ક્રીન જોવી જોઈએ કે માણસનું ગ્રાઉન્ડ વર્ક?

અમદાવાદ/બ્યુરો રિપોર્ટ: પવન માકન

'પાક્કો ગુજરાત' વિશેષ: શું હવે નેતાની લાયકાત તેની લોકસેવાથી નહીં પણ તેના ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સથી નક્કી થશે? આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાજપના હાઈકમાન્ડે ટિકિટ વાંચ્છુઓ પાસે જે બાયોડેટા માંગ્યા છે, તેમાં એક નવા કોલમે જૂના જોગીઓના શ્વાસ અધ્ધર કરી દીધા છે. હવે બાયોડેટામાં પૂછવામાં આવે છે: 'તમારા ફેસબુક, એક્સ (X), ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ ચેનલ પર ફોલોઅર્સ કેટલા?'

બાયોડેટામાં 'લાઈક્સ'નો તડકો: વફાદારી ગઈ તેલ લેવા?

વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા કાર્યકરો હવે મુંઝવણમાં છે. અત્યાર સુધી જે નેતા ગ્રાઉન્ડ પર લોકોના કામ કરતો હતો, તે હવે મોબાઈલ પકડીને રીલ્સ બનાવતા શીખી રહ્યો છે. ભાજપની આ નવી નીતિ પાછળનું ગણિત સ્પષ્ટ છે - 'જે દેખાય છે, તે વેચાય છે'.

* યુવાનો માટે લોટરી: જે સોશિયલ મીડિયા પર એક્ટિવ છે, તેવા યુવા ચહેરાઓ માટે ટિકિટની રાહ આસાન બની છે.




* સિનિયર નેતાઓમાં કચવાટ: દાયકાઓથી જનસંપર્ક કરનારા નેતાઓ પૂછી રહ્યા છે કે, 'શું વર્ષોની મહેનત કરતાં 30 સેકન્ડની રીલની કિંમત વધારે છે?'

સવાલ 'પાક્કો ગુજરાત'નો: લોકપ્રિયતા vs જમીની હકીકત

ડિજિટલ હાજરી જરૂરી છે એ વાત સાચી, પણ શું 'ફોલોઅર્સ' હંમેશા 'વોટ'માં પરિવર્તિત થાય છે? સોશિયલ મીડિયા પર હજારો લાઈક્સ મેળવનારા નેતા કદાચ પોતાના વોર્ડની ગટર કે પાણીની સમસ્યાથી અજાણ પણ હોઈ શકે.

* નિજતા અને દેખાડો: શું હવે નેતાએ જનતાના કામ કરવાને બદલે ફોટોશૂટમાં જ સમય બગાડવો પડશે?

* પેઈડ ફોલોઅર્સનું જોખમ: જો માત્ર આંકડા જ જોવાના હોય, તો પૈસા ખર્ચીને ફોલોઅર્સ વધારનારા 'ડિજિટલ નેતાઓ' સાચા કાર્યકરોનો હક મારી જશે તેનું શું?

તંત્રમાં ટેકનોલોજી કે નેતાગીરીમાં નવો અખતરો?

ભાજપ જાણે છે કે આજનો યુવા મતદાર સ્માર્ટફોનમાં વ્યસ્ત છે. ઓછા ખર્ચે લાખો લોકો સુધી પહોંચવા માટે આ 'શોર્ટકટ' અકસીર છે. પણ 'પાક્કો ગુજરાત' ચેતવણી આપે છે કે જો જમીન સ્તરનું જોડાણ તૂટ્યું, તો ડિજિટલ કિલ્લાઓ ધરાશાયી થતા વાર નહીં લાગે.

નિષ્કર્ષ: નેતાએ હવે માત્ર હાથ જોડવાથી નહીં ચાલે, 'સ્વાઈપ અપ' પણ કરાવવું પડશે! જે સમય સાથે નહીં બદલાય, તે રાજકીય ઈતિહાસના પાનાઓમાં 'ડિલીટ' થઈ જશે. પણ યાદ રાખજો સાહેબ, ઈન્સ્ટાગ્રામ પર 'હાર્ટ' ઈમોજી આપનારી જનતા જ્યારે મતદાન મથકે જાય છે, ત્યારે તે 'લાઈક્સ' નહીં પણ 'કામ' જુએ છે.

તમારો મત શું છે? ટિકિટ માટે મોબાઈલની સ્ક્રીન જોવી જોઈએ કે માણસનું ગ્રાઉન્ડ વર્ક?

રિપોર્ટ: પવન માકન, 'પાક્કો ગુજરાત' ન્યૂઝ

---

ક્રિશ પટેલ – ૧૯ વર્ષની ઉંમર અને ઠગાઈનું સામ્રાજ્ય!

# અમદાવાદ કેમિકલ કાંડથી પણ મોટું કૌભાંડ? શું માતા પિંકી પટેલ અને કોઈ રાજકીય આકાના આશીર્વાદથી ચાલે છે આ ખેલ?

**કૌભાંડ?** શું પોલીસ રાજકીય દબાણ હેઠળ ક્રિશ પટેલ સામે કડક કાર્યવાહી કરતા અચકાઈ રહી છે?

• અમદાવાદ | બ્યુરો રિપોર્ટ: પવન માકન

અમદાવાદના પોશ વિસ્તારોમાં આલીશાન ઓફિસો, મોંઘી ગાડીઓ અને ઊંચી વગ... આ ઓળખ છે ૧૯ વર્ષની નાની ઉંમરે ગુનાખોરીની દુનિયામાં મોટું નામ બનાવનાર ક્રિશ પટેલની. પણ શું આ ચમક પાછળ સેંકડો લોકોની પરસેવાની કમાણી લૂંટવાનો કાળો કારોબાર છુપાયેલો છે? 'પાક્કો ગુજરાત'ના આ વિશેષ અહેવાલમાં વાંચો, કેવી રીતે એક યુવાન ગઠિયો પોલીસ અને કોર્ટને પણ હંફાવી રહ્યો છે.

નાની ઉંમર, મોટા કારનામા: ગોમતીપુરથી બેચરાજી સુધી ગુનાની જાળ ક્રિશ પટેલ સામે માત્ર અમદાવાદ જ નહીં, પણ મહેસાણા અને બેચરાજી સહિત અનેક પોલીસ સ્ટેશનોમાં છેતરપિંડીના ગુના નોંધાયા છે. નવાઈની વાત એ છે કે, જે ઉંમરે યુવાનો કારકિર્દી બનાવતા હોય, તે ઉંમરે ક્રિશ પટેલે ઠગાઈની આખી 'યુનિવર્સિટી' ખોલી નાખી છે.સીન સપાટાની દુનિયા: સિંધુભવન, આંબલી, ઈસ્કોન અને ઘાટલોડિયા જેવા વિસ્તારોમાં ભાડે ઓફિસો રાખીને ભોળિયા લોકોને શિકાર બનાવવાની તેની મોડસ ઓપરેન્ડી હવે ખુલ્લી પડી રહી છે.

કોણ છે પાછળ? માતાનું પીઠબળ કે ધારાસભ્યના આશીર્વાદ?

ચર્ચા તો એવી પણ છે કે ક્રિશ પટેલ એકલો નથી. શું તેની માતા પિંકી પટેલ તેને આ તમામ કારનામામાં રક્ષણ પૂરું પાડી રહી છે? એટલું જ નહીં, સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળી રહ્યું છે કે અમદાવાદના એક વગદાર ધારાસભ્યના આશીર્વાદ હોવાથી આ ગઠિયો બેફામ બન્યો છે. શું સત્તાના જોરે જનતાના ખિસ્સા કાપવાનું આ લાયસન્સ મળ્યું છે?




નામદાર કોર્ટની પણ કરી અવમાનના?

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જામીન મેળવવા માટે ક્રિશ પટેલે નામદાર કોર્ટ સમક્ષ પણ ખોટું સરનામું દર્શાવી સોગંદનામું કર્યું હોવાના આક્ષેપો ઉઠ્યા છે. જો આ વાત સાચી હોય, તો શું તેને કાયદાનો કોઈ ડર નથી? કોર્ટને ગેરમાર્ગે દોરવી એ કેટલો ગંભીર ગુનો છે, તે હવે કદાચ ક્રિશ પટેલને ટૂંક સમયમાં સમજાશે.

'પાક્કો ગુજરાત'ના સવાલો:

શું પોલીસ રાજકીય દબાણ હેઠળ ક્રિશ પટેલ સામે કડક કાર્યવાહી કરતા અચકાઈ રહી છે?

૧૯ વર્ષના છોકરા પાસે પોશ વિસ્તારોમાં ઓફિસો રાખવાના લાખો રૂપિયા ક્યાંથી આવ્યા?

પિંકી પટેલની ભૂમિકાની તપાસ કેમ યોગ્ય રીતે થતી નથી?

સાવધાન અમદાવાદ!

ક્રિશ પટેલ અને તેની ગેંગના કરતૂત હવે લાંબો સમય છુપાયેલા નહીં રહે. 'પાક્કો ગુજરાત' ટૂંક સમયમાં લાવશે આ મામલે વધુ ચોંકાવનારા ખુલાસા. જો તમે પણ આ ગઠિયાનો શિકાર બન્યા હોવ, તો અવાજ ઉઠાવો.

વધુ વિગતો માટે જોતા રહો: પાક્કો ગુજરાત અહેવાલ: પવન માકન (ગ્રુપ એડિટર)

---

# વૈશ્વિક સંકટ વચ્ચે ભારતની સરહદ સુરક્ષા પર ભાર : ભારત રક્ષા મંચ

## પાકિસ્તાનની આર્થિક અસ્થિરતા અને ઘુસણખોરીની ચિંતા

• અમદાવાદ, તા.૩ (પ્રતિનિધિ દ્વારા)

વૈશ્વિક પરિસ્થિતિમાં વધતા તણાવ અને મધ્ય પૂર્વમાં યુદ્ધજન્ય સંજોગો વચ્ચે ભારતની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. ઈઝરાયેલ-ઈરાન તણાવના કારણે કાચા તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના સીધા આર્થિક પ્રભાવથી પાકિસ્તાનમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ભારે વધારો જોવા મળ્યો છે.

પાકિસ્તાનમાં હાલમાં પેટ્રોલનો ભાવ અંદાજે રૂપિયા 458 પ્રતિ લિટર અને ડિઝલનો ભાવ રૂપિયા 520 પ્રતિ લિટર સુધી પહોંચી ગયો છે. આથી ત્યાંની સામાન્ય જનતાનું જીવન મુશ્કેલ બન્યું છે અને રોજિંદી જરૂરિયાતોની ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થવાથી મોંઘવારી બેકાબૂ બની ગઈ છે. આર્થિક અસ્થિરતા અને રોજગારીના અભાવે પાકિસ્તાનમાં ભુખમરાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

આવા સંજોગોમાં ગરીબ અને બેરોજગાર લોકો જીવન જીવવા માટે અન્ય દેશોમાં ગેરકાયદેસર પ્રવેશ કરવાનો પ્રયાસ કરે છે. ભારત સાથે પાકિસ્તાનની લાંબી સરહદ હોવાને કારણે ઘુસણખોરીની શક્યતા વધી રહી છે. ઈતિહાસ દર્શાવે છે કે આવા સમયમાં સરહદ પારથી ઘુસણખોરી, તસ્કરી અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો થતો રહ્યો છે.

આ મુદ્દાને લઈને ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્ર સંગઠન પ્રમુખ અને ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડૉ. ઈલેવાન ઠાકરે ભારત સરકારને મહત્વપૂર્ણ અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, 'હાલની વૈશ્વિક પરિસ્થિતિ અને પાકિસ્તાનની આંતરિક અસ્થિરતાને ધ્યાનમાં રાખીને ભારતની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવાની તાત્કાલિક જરૂર છે.'

ડૉ. ઠાકરે ખાસ ભારપૂર્વક જણાવ્યું છે કે સરહદી વિસ્તારોમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓની તૈનાતી વધારવી જોઈએ. તેમણે આ ઉપરાંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરહદોની સતત મોનિટરિંગ કરવાની સલાહ આપી છે. 'ગેરકાયદેસર પ્રવેશ, તસ્કરી અને શંકાસ્પદ ગતિવિધિઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ,' તેમ તેમણે જણાવ્યું.

તેમણે સરહદી ગામોમાં વસતા નાગરિકોને પણ જાગૃત કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે કે જેથી કોઈ શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક માહિતી આપવામાં આવે. ડૉ. ઠાકરે ઉમેર્યું કે દેશના આંતરિક વિસ્તારોમાં પણ સુરક્ષા એજન્સીઓએ સઘન તપાસ અભિયાન હાથ ધરવું જોઈએ અને રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, હોટલ, ભાડાના મકાનો તથા સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ વધારવું જરૂરી છે.

'સામાજિક જાગૃતિ અભિયાન ચલાવવું ખૂબ જ જરૂરી છે. સામાન્ય નાગરિકો અજાણ્યા લોકો પ્રત્યે સતર્ક રહે અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરે,' તેમ તેમણે જણાવ્યું.

ભારત રક્ષા મંચ દ્વારા સમગ્ર દેશવાસીઓને પણ આહ્વાન કરવામાં આવ્યું છે કે દેશની સુરક્ષા માટે દરેક નાગરિકની જવાબદારી મહત્વપૂર્ણ છે અને સરકાર તથા સુરક્ષા એજન્સીઓને સહકાર આપવો જોઈએ. ડૉ. ઈલેવાન ઠાકરે અંતે ભારત સરકારને વિનંતી કરી છે કે આ મુદ્દાને ગંભીરતાથી લઈને તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે જેથી દેશની સુરક્ષા અખંડિત રહી શકે.

---

# સાણંદમાં વૃદ્ધોને રિક્ષામાં બેસાડી લૂંટ ચલાવતી ગેંગ ઝડપાઈ, એક મહિલા સહિત 4ની ધરપકડ

• અમદાવાદ

અમદાવાદના સાણંદ અને આસપાસના વિસ્તારોમાં રાહદારીઓ, ખાસ કરીને સિનિયર સિટીઝનોને નિશાન બનાવતી એક ખતરનાક રિક્ષા ગેંગનો સાણંદ પોલીસે પર્દાફાશ કર્યો છે. ગત 31મી માર્ચ 2026ના રોજ બનેલી લૂંટની ઘટનાની તપાસમાં પોલીસે ગણતરીના દિવસોમાં જ એક મહિલા સહિત ચાર આરોપીઓને દબોચી લીધા છે.મળતી માહિતી અનુસાર, આ ગેંગ અત્યંત ચાલાકીપૂર્વક લૂંટને અંજામ આપતી હતી. આરોપીઓ પોતાની સીએનજી (CNG) રિક્ષામાં અગાઉથી જ પેસેન્જર તરીકે બેસી જતા, જેથી રસ્તા પર ઉભેલા વૃદ્ધોને શંકા ન જાય. 31મી માર્ચના રોજ બાવળા રોડ પરથી પસાર થતા એક વૃદ્ધને રિક્ષામાં બેસાડ્યા બાદ આરોપીઓએ અસલી સ્વરૂપ ધારણ કર્યું હતું. રિક્ષા થોડે દૂર પહોંચતા જ એક આરોપીએ વૃદ્ધને છરી બતાવી ડરાવ્યા હતા, જ્યારે અન્ય બે શખસોએ વૃદ્ધને માર મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓ વૃદ્ધના શર્ટમાં લાગેલા એક તોલા વજનના સોનાના 4 બટન લૂંટીને ફરાર થઈ ગયા હતા.વૃદ્ધની ફરિયાદ બાદ સાણંદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આખી ગેંગને ઝડપી પાડી છે. આ ગેંગનો મુખ્ય આરોપી 44 વર્ષીય પ્રકાશ ઉર્ફે જાડિયો પટણી તેની સામે ચોરી, લૂંટ, જુગાર અને દારૂના કુલ 18 જેટલા ગુના નોંધાયેલા છે. 44 વર્ષીય દિલીપ જખવાડિયા સામે પણ ગુજરાત યુનિવર્સિટી અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં 2 ગુના નોંધાયેલા છે. અન્ય આરોપીઓમાં 50 વર્ષીય વિજય પટણી અને મહિલા આરોપી પૂનમ જંદાવડાનો સામેલ છે. જેમાં મહિલા આરોપી પૂનમ સામે પણ અગાઉ ગાંધીનગર સેક્ટર-21 અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ચોરી અને લૂંટના 2 ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલા સોનાના બટન, રિક્ષા, 5 મોબાઈલ ફોન અને છરી સહિત કુલ 3,11,500 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની કડક પૂછપરછમાં આ ગેંગે બાવળામાં પણ આ જ પ્રકારે એક વ્યક્તિ પાસેથી 12000 રૂપિયા લૂંટી લીધાની કબૂલાત કરી છે.

---

# સોલા વિસ્તારમાં કારની અંદર 45 વર્ષીય શખસનું મોત, ડ્રાઈવિંગ સીટ પર જ પ્રાણ પંખેરુ ઉડી ગયું



• અમદાવાદ

અમદાવાદના સોલા વિસ્તારમાં ગત સાંજે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લોગાર્ડન પાસે રહેતા અને મૂળ શેલા ગામના 45 વર્ષીય વ્યક્તિનું કારમાં જ હાર્ટ એટેક આવવાને કારણે મોત નિપજ્યું હતું. સીટ બેલ્ટ બાંધેલી હાલતમાં જ ડ્રાઈવિંગ સીટ પર તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. મળતી માહિતી અનુસાર, ગુરુવારે (બીજી એપ્રિલ) સાંજના સમયે સોલા પોલીસને માહિતી મળી હતી કે, એક કાર રસ્તા પર ઉભી છે અને તેમાં ચાલક બેભાન અવસ્થામાં છે. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો, જ્યાં તપાસ કરતા જાણવા મળ્યું કે કારની અંદર એક વ્યક્તિ ડ્રાઈવર સીટ પર સીટ બેલ્ટ બાંધેલી હાલતમાં નિશ્ચેત પડ્યા છે. તપાસ દરમિયાન મૃતકની ઓળખ 45 વર્ષીય હર્ષદ પ્રજાપતિ તરીકે થઈ હતી, જેઓ મૂળ શેલા ગામના રહેવાસી હતા.

---

લોકલ બોડી ઈલેક્શન

# અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાનો 'માસ્ટર પ્લાન', શું ભાજપ-કોંગ્રેસના સમીકરણો બગડશે?

• સુરત/અમદાવાદ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ (નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત) નો શંખનાદ વાગી ચૂક્યો છે, ત્યારે રાજ્યના રાજકારણમાં સૌથી વધુ ચર્ચા પાટીદાર યુવા નેતાઓ અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાની થઈ રહી છે. આમ આદમી પાર્ટી (AAP) સાથે છેડો ફાડ્યા બાદ આ બંને નેતાઓ હવે કઈ દિશામાં જશે અને તેમનો નવો 'દાવ' શું હશે, તેના પર સૌની નજર મંડાયેલી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અલ્પેશ અને ધાર્મિક આ વખતે કોઈ મુખ્ય પક્ષના બેનર હેઠળ લડવાને બદલે 'જનશક્તિ'ને પ્રાધાન્ય આપી રહ્યા છે. તેમનો નવો દાવ નીચે મુજબ હોઈ શકે છે:




યુવા અને બિનરાજકીય મોરચો: અલ્પેશ અને ધાર્મિક એવી વ્યૂહરચના બનાવી રહ્યા છે કે જ્યાં સ્થાનિક સ્તરે મજબૂત અને ક્લીન ઈમેજ ધરાવતા યુવાનોને એક મંચ પર લાવી શકાય.

સુરત મોડલનું પુનરાવર્તન: સુરત મહાનગરપાલિકામાં જે રીતે પાટીદાર ફેક્ટરે અસર કરી હતી, તે જ રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પંચાયતોમાં અપક્ષ કે નાના સંગઠનોને સમર્થન આપી કિંગમેકર બનવાની તૈયારી.

સામાજિક મુદ્દાઓનું શસ્ત્ર: માત્ર રાજકારણ નહીં, પણ શિક્ષણ, આરોગ્ય અને ખેડૂતોના મુદ્દે આંદોલનકારી સ્વરૂપ ધારણ કરી જનતાની વચ્ચે જવું.

ભાજપ અને કોંગ્રેસ માટે કેમ ચિંતાનો વિષય?

પાટીદાર મતોનું વિભાજન: જો આ જોડી અપક્ષ ઉમેદવારો ઉભા રાખે અથવા કોઈ ચોક્કસ પેનલને ટેકો આપે, તો સીધી અસર ભાજપની વોટબેંક પર પડી શકે છે.

યુવા વર્ગમાં લોકપ્રિયતા: સોશિયલ મીડિયા અને ગ્રાઉન્ડ લેવલ પર તેમની પકડ હજુ પણ મજબૂત છે, જે ખાસ કરીને જિલ્લા પંચાયતોમાં મોટું ઉલટફેર કરી શકે છે.AAP ને મોટું નુકસાન: અલ્પેશ અને ધાર્મિકના જવાથી AAP એ ગુજરાતમાં પોતાનો ગઢ ગણાતો સુરત અને પાટીદાર પટ્ટો સાચવવો મુશ્કેલ બનશે.

# નેપાળમાં 'યુવા જોશ'નો સપાટોઃ શું ભારત પણ ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ આવા કડક એક્શન લેવાની હિંમત બતાવશે?

## મોટા માથાઓ જેલના સળિયા પાછળઃ નેપાળે સાબિત કરી દીધું કે કાયદો બધા માટે સમાન છે

• એડિટર સ્પેશિયલઃ પવન માકન

ભારતનો પાડોશી દેશ નેપાળ, જે ક્યારેક રાજકીય અસ્થિરતા માટે જાણીતો હતો, તે આજે આખા દક્ષિણ એશિયા માટે એક ઉદાહરણ બની રહ્યો છે. નેપાળમાં ભણેલા-ગણેલા અને યુવાન નેતાઓ સત્તાના સુકાન સંભાળતા જ જે રીતે 'એક્શન મોડ'માં આવ્યા છે, તેણે ભારતના રાજકારણીઓના શ્વાસ અધ્ધર કરી દીધા છે.

નેપાળમાં નવી પેઢીના નેતાઓએ સત્તા સંભાળતા જ જૂની અને સડેલી વ્યવસ્થા પર સર્જિકલ સ્ટ્રાઈક શરૂ કરી છેઃ મોટા માથાઓ જેલના સળિયા પાછળઃ નેપાળે સાબિત કરી દીધું કે કાયદો બધા માટે સમાન છે. ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભૂતપૂર્વ ગૃહમંત્રી જેવા શક્તિશાળી લોકોને ભ્રષ્ટાચારના કેસમાં સીધા જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે.

શિક્ષણ સંસ્થાઓમાંથી રાજનીતિ સાફઃ કોલેજો અને યુનિવર્સિટીઓ જે રાજકારણના અખાડા બની ગઈ હતી, ત્યાંથી છાત્ર સંઘો (Student Unions) હટાવી દેવામાં આવ્યા છે. હવે ત્યાં માત્ર શિક્ષણ અને ભવિષ્યની વાતો થાય છે, નારાબાજી નહીં.

સંપત્તિની તપાસનો આદેશઃ માત્ર વિપક્ષ નહીં, પણ વર્તમાન નેતાઓ






- રિપોર્ટઃ પવન માકન

અને મોટા સરકારી અધિકારીઓની મિલકતોની તપાસના આદેશ અપાયા છે. જેની પાસે હિસાબ નથી, તેની ખેર નથી.

જ્યારે પાડોશી દેશ આટલી હિંમત બતાવી રહ્યો છે, ત્યારે દુનિયાની સૌથી મોટી લોકશાહી ગણાતા ભારતમાં સ્થિતિ ચિંતાજનક છે.

શૈક્ષણિક લાયકાતઃ નેપાળમાં ભણેલા-ગણેલા યુવાનો નીતિઓ બનાવી રહ્યા છે, જ્યારે ભારતમાં સત્તાના ગલિયારામાં બેઠેલા અનેક નેતાઓ પાસે યોગ્ય ડિગ્રી પણ નથી.

ગુનાહિત રેકોર્ડઃ રિપોર્ટ્સ મુજબ, ભારતના સંસદ અને વિધાનસભાઓમાં બેઠેલા આશરે 80% મંત્રીઓ અને નેતાઓ કાં તો અભણ છે અથવા તેમની સામે ગંભીર ગુનાહિત કેસો (ખૂન, અપહરણ, ભ્રષ્ટાચાર) ચાલી રહ્યા છે.

તંત્રનો સડોઃ અહીં તપાસ એજન્સીઓ ઘણીવાર રાજકીય હથિયાર બની જતી હોય છે, જ્યારે નેપાળમાં સિસ્ટમે ખુદ પોતાની સફાઈ શરૂ કરી છે.

શું ભારતમાં આવા કડક એક્શન શક્ય છે?

પવન માકનનો સવાલ અહીં જ ઉભો થાય છે કે - શું ભારતનો સામાન્ય નાગરિક ક્યારેય આવા દિવસો જોશે?

ભારતમાં જો નેપાળ જેવો સપાટો બોલાવવો હોય તોઃ રાઈટ ટુ રિકોલ જેવા કાયદાની જરૂર છે. ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિના ચૂંટણી લડવા પર આજીવન પ્રતિબંધ હોવો જોઈએ.

**વિવાદ** | સોસાયટીમાં મેન્ટેનન્સ અને બાંધકામનો વિવાદ વકર્યો

# ખેતીવાડી વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર પર પાઈપ-લાકડીથી જીવલેણ હુમલો; છેડતીના આક્ષેપ સાથે અડાલજમાં ફરિયાદ

## હીરેનકુમારના પત્નીએ વારંવાર ટકોર કરતા પાડોશી પરિવાર તેમની સાથે અવારનવાર ઝઘડો કરતો હતો

• ગાંધીનગર

અમદાવાદ શહેરના લીલાપુર વિસ્તારમાં આવેલી હૃદયકુંજ સોસાયટીમાં નજીવી બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સોસાયટીમાં રહેતા નડિયાદ ખેતીવાડી વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સહિતના પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કરવાના મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આટલેથી ન અટકતા હુમલાખોર પરિવારે જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને વસંતીબેને પોતે દવા પી લઈને સામા પક્ષને ખોટા કેસમાં ફસાવી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. આ ઘટના બાદ ઈજાગ્રસ્તોને પાડોશીઓ દ્વારા તાત્કાલિક અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, લીલાપુર વિસ્તારમાં




આવેલી હૃદયકુંજ સોસાયટીમાં રહેતા ખેતીવાડી વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર હીરેનકુમારના પત્ની સોસાયટીમાં ચેરમેન તરીકે સેવા આપે છે. સોસાયટીમાં બંગલા નંબર 3માં રહેતા વસંતીબેન અને તેમનો પરિવાર સોસાયટીના મંજૂર પ્લાન મુજબ પેરાફેટ ન બનાવવા દેતા હોવાથી તેમજ મેન્ટેનન્સ અને ડિપોઝિટની રકમ ન ભરતા હોવાથી લાંબા સમયથી ગજગ્રાહ ચાલતો હતો.

આ બાબતે ચેરમેન તરીકે હીરેનકુમારના પત્નીએ વારંવાર ટકોર કરતા પાડોશી પરિવાર તેમની સાથે અવારનવાર ઝઘડો કરતો હતો. ગઈકાલે રાત્રે આ વિવાદે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, વસંતીબેનની દીકરીએ હીરેનકુમારના ઘર સામે આવીને અગાઉના ઝઘડાની અદાવત રાખી ગાળાગાળી શરૂ કરી હતી. જ્યારે હીરેનકુમારે તેને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે ઉશ્કેરાયેલી યુવતીએ લોખંડની પાઈપ વડે હીરેનકુમાર પર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન વસંતીબેન અને તેમનો દીકરો ધ્રુવ પણ લાકડીઓ સાથે ધસી આવ્યા હતા અને હીરેનકુમારને માર માર્યો હતો.

આ ઝઘડો વધતા હીરેનકુમારના ભત્રીજા જ્યોતિરાદિત્ય અને પાડોશમાં રહેતા શોભનાબેન વચ્ચે છોડાવવા પડ્યા હતા, પરંતુ હુમલાખોરોએ તેમને પણ નિશાન બનાવ્યા હતા. ધ્રુવ નામના યુવકે શોભનાબેન પર હુમલો કરી તેમની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ ગંભીર આક્ષેપ છે.

આટલેથી ન અટકતા હુમલાખોર પરિવારે જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને વસંતીબેને પોતે દવા પી લઈને સામા પક્ષને ખોટા કેસમાં ફસાવી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. આ ઘટના બાદ ઈજાગ્રસ્તોને પાડોશીઓ દ્વારા તાત્કાલિક અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચૂપ કરાવવામાં આવ્યો છું - હાર્યો નથી, સુનામી બનીને આવીશ!

# AAP નેતા રાઘવ ચઢ્ઢાના તેવરઃ ઉપનેતા પદ છીનવાતા ભભૂક્યો વિવાદ, ભાજપે વળતો પ્રહાર કરતા કહ્યું - 'મોદીથી ડરેલા હવે શું લડવાના?'

**લડવાના?** | એક તરફ રાઘવ ચઢ્ઢાએ પોતાની સરખામણી 'સુનામી' સાથે કરીને ભાજપને પડકાર ફેંક્યો છે

• નવી દિલ્હી/અમદાવાદ

આમ આદમી પાર્ટી (AAP) અને ભાજપ વચ્ચેનો રાજકીય જંગ હવે વ્યક્તિગત આક્ષેપો અને પદની લડાઈ સુધી પહોંચી ગયો છે. રાજ્યસભામાં AAPના ઉપનેતા પદ પરથી રાઘવ ચઢ્ઢાને હટાવવામાં આવ્યા બાદ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. એક તરફ રાઘવ ચઢ્ઢાએ પોતાની સરખામણી 'સુનામી' સાથે કરીને ભાજપને પડકાર ફેંક્યો છે, તો બીજી તરફ વિરોધીઓએ તેમના પર આકરા પ્રહારો શરૂ કર્યા છે.

શું છે સમગ્ર વિવાદ?

તાજેતરમાં જ આમ આદમી પાર્ટીએ રાજ્યસભામાં તેના નેતૃત્વ માળખામાં ફેરફાર કર્યો છે.




સૂત્રોના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી લંડનમાં રહેવા અને પક્ષની ગતિવિધિઓમાં ઓછી સક્રિયતાને કારણે રાઘવ ચઢ્ઢા પાસેથી ઉપનેતાનું પદ પાછું ખેંચી લેવામાં આવ્યું છે. જોકે, આ નિર્ણય બાદ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા અને મીડિયા નિવેદનો દ્વારા પોતાની નારાજગી અને આક્રમકતા બંને વ્યક્ત કરી છે.

રાઘવ ચઢ્ઢાનો હુંકારઃ 'હું સુનામી બનીને પાછો આવીશ'

પોતાના પદ પરથી હટાવવામાં આવ્યા બાદ રાઘવ ચઢ્ઢાએ એક શાયરાના અને આક્રમક અંદાજમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું કે:

» 'મને ચૂપ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, પણ યાદ રાખજો કે હું હાર્યો નથી. શાંત સમુદ્રને જોઈને એવું ન સમજતા કે લહેર પૂરી થઈ ગઈ છે, હું સુનામી બનીને પાછો આવીશ. સત્યને પરેશાન કરી શકાય છે, પરાજિત નહીં.'

» તેમણે વધુમાં ઉમેર્યું કે ભાજપ સરકાર વિપક્ષના યુવા અવાજોથી ડરી રહી છે અને તેથી જ તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ભાજપનો પલટવારઃ 'મોદીના નામથી ડરેલા લોકો લડાઈની વાતો ન કરે'

રાઘવ ચઢ્ઢાના આ નિવેદન બાદ ભાજપે પણ મૌન તોડ્યું છે. ભાજપના નેતાઓએ કટાક્ષ કરતા કહ્યું કે, જે વ્યક્તિ મુશ્કેલ સમયમાં દેશ છોડીને વિદેશ જતી રહે છે અને વડાપ્રધાન મોદીના નામ માત્રથી ફફડે છે, તે સુનામી લાવવાની વાતો કરે તે હાસ્યાસ્પદ છે.

ભાજપના પ્રવક્તાએ જણાવ્યું કે:

* ડરપોક રાજનીતિઃ રાઘવ ચઢ્ઢા જ્યારે પક્ષ મુશ્કેલીમાં હતો ત્યારે લંડનમાં બેઠા હતા.
* જનતાનો ભ્રમઃ AAP હવે અંદરોઅંદરની લડાઈમાં વ્યસ્ત છે, જનતા સાથે તેમને કોઈ લેવાદેવા નથી.
* મોદી ફેક્ટરઃ પીએમ મોદીના નેતૃત્વ સામે ટકી ન શકનારા નેતાઓ હવે આવા પોકળ નિવેદનો આપી રહ્યા છે.

# JOJO એપ પર 9 એપ્રિલથી શરૂ થશે રહસ્ય અને મનોરંજનનો રોમાંચઃ વેબ સીરીઝ 'ગોતી લો'નું સ્ટ્રીમિંગ

ગુજરાતી ડિજિટલ મનોરંજન ક્ષેત્રે એક નવો વળાંક આવવા જઈ રહ્યો છે. પ્રાદેશિક કન્ટેન્ટમાં અગ્રેસર એવી JOJO એપ દ્વારા આગામી 9 એપ્રિલ 2026ના રોજ તેની નવી ઓરિજિનલ વેબ સીરીઝ 'ગોતી લો' (Gotilo) લોન્ચ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ગ્રામીણ જીવનના બેકગ્રાઉન્ડ પર આધારિત આ સીરીઝ સસ્પેન્સ અને કોમેડીનો એક અનોખો સંગમ છે, જે પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખશે. આ વાર્તા નાગજી ગોતીલો નામના એક એવા પાત્રની આસપાસ ફરે છે જે સ્વભાવે અત્યંત જિદ્દી, લોભી અને કંજૂસ છે. ગામના લોકોમાં પોતાની વિચિત્ર આદતો અને પૈસા બચાવવાની વૃત્તિ માટે જાણીતા નાગજીભાઈની જિંદગીમાં ત્યારે વળાંક આવે છે જ્યારે જમીનનો એક સોદો અટકી પડે છે.

સીરીઝની વાર્તા મુજબ, નાગજી ગોતીલો ગામના અન્ય લોકો સાથે જમીનમાં ભાગીદાર છે. બાકીના તમામ ગ્રામજનો પોતાની વ્યક્તિગત ઈચ્છાઓ પૂરી કરવા માટે આ જમીન વેચવા તૈયાર છે, પરંતુ નાગજીભાઈ પોતાના અહંકાર અને વધુ કિંમત મેળવવાની લાલચમાં આ સોદામાં અવરોધ ઊભો કરે છે.




ગામલોકોની સમજાવટ અને અનેક પ્રયત્નો છતાં નાગજી ટસથી મસ થતા નથી. આ વિવાદનો અંત લાવવા માટે ગામલોકો દ્વારા એક નિર્ણાયક મીટિંગ બોલાવવામાં આવે છે, પરંતુ આ બેઠક બાદ નાગજી અચાનક રહસ્યમય રીતે ગાયબ થઈ જાય છે. નાગજી ક્યાં ગયો? તે જીવિત છે કે તેની સાથે કોઈ દુર્ઘટના ઘટી છે? અથવા તો શું તેણે પોતે જ આ ગાયબ થવાનું નાટક રચ્યું છે? આ સવાલો ગામમાં શંકા અને ગભરાટનું વાતાવરણ ઉભું કરે છે.

આ વેબ સીરીઝનું નિર્માણ ધ્રુવિન શાહ, શ્લોક રાઠોડ, મીત કારિયા, જય કારિયા, અર્ચના દેસાઈ, કરણ ગડાણી અને હર્ષિલ પાઠક દ્વારા કરવામાં આવ્યું છે. 'ગોતી લો' વેબ સીરીઝમાં ગુજરાતી સિનેમાના જાણીતા કલાકારોનો કાફલો જોવા મળશે. હેનિલ ગાંધીના દિગ્દર્શન અને રવિરાજ સિંહના લેખન હેઠળ બનેલી આ સીરીઝમાં સંજય ગોરડિયા મુખ્ય ભૂમિકામાં છે, જેઓ નાગજીભાઈ ટંકોડીનું પાત્ર ભજવી રહ્યા છે. આ ઉપરાંત દીપ વૈદ્ય (ધાનો), રાગી જાની (સરપંચ ભીખાભાઈ પટેલ), પ્રેમ ગઢવી (સલ્લુ ઉર્ફે સંજયલાલ પટેલ), ગૌરાંગ આનંદ (જોની વોકર ઉર્ફે જમશેદ જાની), ઉજ્જવલ દવે (રાકેશ પટેલ), જતન પંડ્યા (જયશ્રી પટેલ), અર્ચના દેસાઈ (પીઆઈ ઉર્વશી વાઘેલા) અને ચેતન દૈયા (પીએસઆઈ ગોપાલ મહેતા) જેવા સક્ષમ કલાકારો મહત્વની ભૂમિકામાં નજર આવશે.

# LPG સિલિન્ડરની અછતને પગલે સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાતની મેસના મેનૂમાં કાપ મુકાયો

## ચેરપર્સન (મેસ કમિટી) અને DSW દ્વારા જારી કરવામાં આવેલી આ નોટિસમાં વિદ્યાર્થી સમુદાયને વર્તમાન પરિસ્થિતિને સમજીને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે

• ગાંધીનગર

વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને કારણે સર્જાયેલી ગેસની અછતની અસર હવે શૈક્ષણિક સંસ્થાઓ સુધી પહોંચી છે. ગાંધીનગર સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (CUG) દ્વારા ગેસ પુરવઠામાં વિક્ષેપને કારણે યુનિવર્સિટીની મેસના મેનૂમાં ફેરફાર કરી તેમાં કાપ મૂકવામાં આવ્યો હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસ અનુસાર, હાલમાં ગેસ સિલિન્ડરના પુરવઠામાં સર્વત્ર અછત જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓને જમવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે યુનિવર્સિટી પ્રશાસન મેસમાં ગેસ સિલિન્ડરની નિયમિત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસો કરી રહ્યું છે. જોકે, જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી રસોઈ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. મેસના કામકાજમાં કોઈ અડચણ ન આવે તે હેતુથી, વિદ્યાર્થી મેસ પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરીને હાલના મેનૂમાં થોડો કાપ મૂકવામાં આવ્યો છે. યુનિવર્સિટી વહીવટીતંત્રે ખાતરી આપી છે કે મેનૂમાં ફેરફાર હોવા છતાં હોસ્ટેલના રહેવાસીઓ અને મેસનો ઉપયોગ કરનારાઓને પૌષ્ટિક અને આરોગ્યપ્રદ ભોજન પીરસવાનું ચાલુ રાખવામાં આવશે. ચેરપર્સન (મેસ કમિટી) અને DSW દ્વારા જારી કરવામાં આવેલી આ નોટિસમાં વિદ્યાર્થી સમુદાયને વર્તમાન પરિસ્થિતિને સમજીને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, નિર્ધારિત મેનૂમાં કાપ મૂકવામાં આવ્યો છે, પરંતુ મેનૂમાં શું ફેરફાર કરાયો છે અને કઈ વાનગીઓ ઘટાડવામાં આવી છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# એન્ટી નાર્કોટિક્સ ફોર્સ ત્રાટકીઃચિલોડા પાસે બસમાં ગાંજાની હેરાફેરી કરતા બે પેડલર 6 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા



• ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાં એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ (ANTF) એ પૂર્વ બાતમીના આધારે નશાના કારોબારનો પર્દાફાશ કર્યો છે. હિંમતનગર-સુરત રૂટની એસ.ટી. બસમાં માદક પદાર્થની હેરાફેરી થઈ રહી હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બે પેડલરોને રૂ .5.97 લાખની કિંમતના 11 કિલો 940 ગ્રામ ગાંજા સાથે દબોચી લીધા છે. જેમાં મુખ્ય સૂત્રધાર ડભોડાનો મીત પ્રજાપતિ હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે કુલ ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એસ. ઝાલા અને તેમની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે હિંમતનગરથી સુરત જતી બસમાં બે ઈસમો નશાકારક જથ્થા સાથે મુસાફરી કરી રહ્યા છે અને તેઓ ચિલોડા સર્કલ પાસે ઉતરવાના છે.

### ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મહત્ત્વનું જાહેરનામું

# ગુજરાતમાં વસ્તી ગણતરી પર બ્રેક! સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને પગલે સરકારનો નિર્ણય

• ગાંધીનગર

ગુજરાતમાં વહીવટી તંત્ર અત્યારે ચૂંટણીના મોડમાં આવી ગયું છે. રાજ્યમાં આગામી 26 એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, હાલ પૂરતી વસ્તી ગણતરીની કામગીરી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત, દીવ-દમણ અને દાદરા નગર હવેલીના ડાયરેક્ટર ઑફ સેન્સસ ઓપરેશન સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્થાનિક ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને 5મી તારીખથી શરૂ થનારી વસ્તી ગણતરી(સેન્સસ)ની પ્રક્રિયા હવે ચૂંટણીઓની પૂર્ણાહુતિ બાદ હાથ ધરવામાં આવશે. હાલમાં શિક્ષકો અને અન્ય વહીવટી સ્ટાફ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ હોવાથી આ પ્રક્રિયા પોસ્ટપોન (મોકૂફ) રાખવામાં આવી છે. ચૂંટણી કાર્ય પૂર્ણ થયા બાદ



વસ્તી ગણતરીની કામગીરી ફરી શરૂ કરાશે. વિભાગની રજૂઆતને પગલે સરકાર દ્વારા આ અંગેનું સત્તાવાર ગેઝેટ બહાર પાડીને જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મહત્ત્વનું જાહેરનામું *જૂનો આદેશ રદઃ ગુજરાત સરકારે સામાન્ય વહીવટ વિભાગના 2 ફેબ્રુઆરી, 2026ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામા(નંબરઃ GS/2026/02/GAD/VST/e-file/1/2026/0258/S)ને તાત્કાલિક અસરથી રદ કર્યો છે.

*કાયદાકીય જોગવાઈઃ આ નિર્ણય 'ગુજરાત જનરલ ક્લોઝિસ ઍક્ટ, 1904'ની કલમ 21 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો છે. સત્તાવાર મંજૂરીઃ આ આદેશ ગુજરાતના રાજ્યપાલના નામથી ડેપ્યુટી સેક્રેટરી માયા એમ. ડાભી દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

વસ્તી ગણતરી અને ચૂંટણી બંને પ્રક્રિયામાં મોટાભાગે શિક્ષકો અને મહેસૂલી કર્મચારીઓની જરૂર પડતી હોય છે. એકસાથે બે મોટી જવાબદારીઓ સંભાળવી કર્મચારીઓ માટે મુશ્કેલ હોવાથી અને ચૂંટણીની કામગીરી અતિ મહત્ત્વની હોવાથી સરકારે વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાને હાલ પૂરતો અટકાવ્યો છે. ચૂંટણી ડ્યુટીમાં લાખો કર્મચારીઓ રોકાયેલા હોવાથી વસ્તી ગણતરી માટે સ્ટાફ ફાળવવો મુશ્કેલ બન્યો છે. રાજ્યમાં ચૂંટણીને કારણે આચારસંહિતા અમલી હોવાથી સરકારી તંત્રનું પૂરું ધ્યાન કાયદો અને વ્યવસ્થા તેમજ મતદાન પ્રક્રિયા પર છે.

# સૌરાષ્ટ્રમાં પલટાયું રાજકીય સમીકરણ:ચૂંટણી પહેલા ભાજપ-આપમાં મોટું ગાબડું, ભાવનગર-લીંબડીના દિગ્ગજો કોંગ્રેસશરણ

## સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં આમ આદમી પાર્ટીને મરણતોલ ફટકો પડ્યો છે

• અમદાવાદ | ૩ એપ્રિલ, ૨૦૨૬



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકારણમાં મોટો ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપના 'ગઢ' ગણાતા વિસ્તારો અને આમ આદમી પાર્ટીના સંગઠનમાં ગાબડું પાડીને કોંગ્રેસે આજે શક્તિપ્રદર્શન કર્યું છે. અમદાવાદ સ્થિત 'રાજીવ ગાંધી ભવન' ખાતે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં ભાજપ અને આપના સેંકડો કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કરી 'પરિવર્તનનો શંખનાદ' ફૂંક્યો છે.

ભાવનગરમાં ભાજપને મોટો ઝટકો: પૂર્વ પ્રમુખો અને સામાજિક આગેવાનો મેદાનમાં

સૌરાષ્ટ્રના રાજકારણમાં ભાવનગર અને પાલીતાણા પંથક હંમેશા ચર્ચામાં રહે છે. આજે પાલીતાણા અને સિહોરના અનેક દિગ્ગજ નેતાઓ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા છે, જેનાથી આગામી ચૂંટણીમાં ભાજપ માટે મુશ્કેલીઓ વધી શકે છે.

કોંગ્રેસમાં જોડાનાર મુખ્ય ચહેરાઓ:

* નવનીતભાઈ બાલદીયા: કોળી સમાજના યુવા આગેવાન (બગદાણા).

* ડૉ. હાજી હૈયાતખાન બલોચ: પૂર્વ પ્રમુખ, પાલીતાણા નગરપાલિકા.

* જયદેવસિંહ ગોહિલ: પૂર્વ પ્રમુખ, સિહોર તાલુકા પંચાયત.

* ગોરધનભાઈ ગોટી: પૂર્વ પ્રમુખ, પાલીતાણા તાલુકા પંચાયત.

* હાજી ઉસ્માનભાઈ સૈયદ: પૂર્વ ઉપપ્રમુખ અને લઘુમતી મોરચાના મહામંત્રી.

આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન ઈબ્રાહીમભાઈ સૈયદ, આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન ઈસુબભાઈ મહેતર અને પત્રકાર એકતા પરિષદના પ્રમુખ અબ્બાસભાઈ વોરા સહિતના આગેવાનોએ પણ કોંગ્રેસની વિચારધારા સ્વીકારી છે.

લીંબડી 'આપ' ખાલીખમ: આખું સંગઠન કોંગ્રેસમાં વિલીન

બીજી તરફ, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં આમ આદમી પાર્ટીને મરણતોલ ફટકો પડ્યો છે. લીંબડી શહેર પ્રમુખ અનિલ સિંગલ પોતાની આખી ટીમ સાથે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.

* રાજીનામું આપનાર હોદ્દેદારો: મહિલા પ્રમુખ હસ્મિતાબા, OBC ચેરમેન ભરત માળી, SC ચેરમેન મયુર દુલેરા, ઉપપ્રમુખ નટુભા ઝાલા અને નિલેશ ઠાકર સહિત ૭ વોર્ડના પ્રભારીઓએ 'ઝાડુ' છોડી 'પંજો' પકડ્યો છે.

'લોકો પોકળ દાવાઓથી કંટાળ્યા છે': અમિત ચાવડા

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ નવયુવાનો અને પાયાના કાર્યકરોને આવકારતા જણાવ્યું હતું કે, 'જનતાના પ્રશ્નો માટે લડતા કાર્યકરોનું કોંગ્રેસમાં સન્માન જળવાશે. સત્તાધારી પક્ષના પોકળ દાવાઓ અને જનવિરોધી નીતિઓથી કંટાળીને લોકો હવે કોંગ્રેસ તરફ આશાની નજરે જોઈ રહ્યા છે.'

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા દળના ચેરમેન લાલજીભાઈ દેસાઈ, પ્રવક્તા ડૉ. મનિષ દોશી, હેમાંગભાઈ રાવલ અને રઘુભાઈ ભરવાડ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

LCB | રાતડી ગામ વણકર વાસના આરોપી તથા સફેદ કલરની ફોક્સવેગન કંપનીની વેન્ટો કાર સાથે પકડી પાડ્યો

# ત્રણ માઈલ નજીક થયેલા હિટ એન્ડ રનના અનડીટેક્ટ કેસનો ગણત્રી દિવસોમાં ભેદ ઉકેલતી પોરબંદર LCB

## પોરબંદર એલ.સી.બી. દ્વારા ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપીને કાર સાથે ઝડપી પાડવામાં સફળતા મળી છે

• ગોસા(ઘેડ) તા.૦૩

પોરબંદર જિલ્લાના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ માઈલ નજીક થયેલા હિટએન્ડરનના ગંભીર અને અનડિટેક્ટ ગુનાનો પોરબંદર એલ.સી.બી. દ્વારા ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપીને કાર સાથે ઝડપી પાડવામાં સફળતા મળી છે.

પોલીસ ડાયરી મુજબ, પોરબંદરના બોખીરા વિસ્તારમાં નેવી ઓફિસર ક્વાર્ટરમાં રહેતી લીલાવતીબેન નવઘણભાઈ સાગરકાએ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમના પતિ નવઘણભાઈ ભોજાભાઈ સાગરકા (ઉ.વ. ૫૮) પોરબંદર ની ગોઢાણીયા કોલેજના માલિક અને ટ્રસ્ટી વિરમભાઈ ગોઢાણીયા ના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા.

ગઈ તા.૨૧ માર્ચે ભદ્રકાળી લોહાણા મહાજનવાડી ખાતે યોજાયેલા સામાજિક કાર્યક્રમ બાદ પતિ-પત્ની બાઈક પર ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ત્રણ માઈલ નજીક સર્વિસ રોડ પર દ્વારકા તરફથી આવતી ફુલસ્પીડ કારએ તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં પતિ પત્ની બંને ફંગોળાઈ




ગયા હતા, જેમાં નવઘણભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ થયું હતું, જ્યારે આરોપી કારચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નં. ૨૨૭/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ)(બી) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર કે.કાંબરીયા દ્વારા વિશેષ તપાસ હાથ ધરાઈ હતી.તેઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના માણસો ઉપરોક્ત ગુન્હા અંગે ઉંડાણપુર્વક તપાસ કરી રહેલ હતા દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના એ.એસ. આઈ રણજીત સિંહ દયાતર તથા હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર દ્વારા સદરહું બનાવની આસપાસ ના વિસ્તારના પોરબંદર નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર અંતર્ગત લગાડેલ સી.સી. ટી.વી. કેમેરા દ્વારા તથા ખાનગી રાહે તપાસ કરતા ઉપરોક્ત અકસ્માતનો ગુનો સફેદ કલરની ફોક્સવેગન કંપનીની વેન્ટો કાર નં. GJ-01-RE-1579 ના ચાલકે કરેલ હોવાનું જણાઈ આવતા સદરહું કારના માલીક અંગે ઈ-ગુજકોપ એપ્લીકેશનમાં સર્ચ કરતા રણજીત પુંજાભાઈ સાદીયા રહે. રાતડી ગામ વણકર વાસ તાજી. પોરબંદર વાળો હોવાનું જણાઈ આવતા મજકુરને તેની કાર સાથે એલ.સી.બી. કચેરી ખાતે લાવી પુછપરછ કરતા પોતે ઉપરોક્ત ગુનો કરેલ હોવાની કબુલાત આપતા મજકુર રણજીત પુંજાભાઈ સાદીયા ઉ.વ.૨૯ રહે. રાતડી ગામ વણકર વાસ તા.જી.પોરબંદરવાળાને ઉપરોક્ત ગુનાના કામે હસ્તગત કરી ઉપરોક્ત આરોપી તથા સફેદ કલરની ફોક્સવેગન કંપનીની વેન્ટો કાર નં.GJ-01-RE-1579 સાથે આગળની કાર્યવાહી કરવા માટે ઉદ્યોગનગર પો.સ્ટે. સોંપી આપી આ કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પી.આઈ. આર.કે. કાંબરીયા તથા એ.એસ. આઈ. બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્ર ભાઈ જોષી, ઉદયભાઈ વરૂ, રણજીત સિંહ દયાતર, ગોવિંદ ભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ જાડેજા. કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા.પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા સહિતની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

---

ભારતની સંરક્ષણ નિકાસમાં 62% નો ઐતિહાસિક ઉછાળો નોંધાયો છે

# ભૂલથી પણ ભૂલ ન કરતા, 'ઓપરેશન સિંદૂર' હજુ ચાલુ છે: રાજનાથ સિંહની પાકિસ્તાનને લલકાર

લલકાર | ભારતીય સૈન્ય શક્તિ અને ટેકનોલોજી પર હવે વિશ્વના અન્ય દેશો પણ ભરોસો મૂકી રહ્યા છે

• તિરુવનંતપુરમ / અમદાવાદ
રિપોર્ટ: પવન માકન




પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેરળના તિરુવનંતપુરમમાં એક ચૂંટણી સભા ગજવતા પાકિસ્તાન સહિતના પાડોશી દેશોને કડક શબ્દોમાં ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારત પોતાની સુરક્ષાના મામલે રતીભર પણ બાંધછોડ કરશે નહીં.

સમુદ્રમાં ભારતનું સુરક્ષા કવચ: 'ઓપરેશન સિંદૂર' રક્ષામંત્રીએ દરિયાઈ સુરક્ષા અંગે વાત કરતા જણાવ્યું કે, અત્યારે ભલે વિશ્વના એક ખૂણે સંઘર્ષ ચાલી રહ્યો હોય, પણ ભારતીય નૌકાદળ સંપૂર્ણ સજ્જ છે. તેમણે 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'ભૂલથી પણ ભૂલ ન કરતા, ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે.' હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ભારતીય જહાજોની સુરક્ષા માટે નૌકાદળ સતત તૈનાત છે અને કોઈપણ પડકારને પહોંચી વળવા સક્ષમ છે.

ઈંધણની અછતની અફવાઓ પર પૂર્ણવિરામ યુદ્ધને કારણે દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે કે અછત સર્જાશે તેવી અફવાઓ પર પ્રહાર કરતા રાજનાથ સિંહે દેશવાસીઓને ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારત સરકાર ઉર્જા સુરક્ષા પ્રત્યે અત્યંત ગંભીર છે. દેશમાં પેટ્રોલ, ડીઝલ કે ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી જનતાએ અછતની અફવાઓથી ગભરાવાની જરૂર નથી.

સંરક્ષણ નિકાસમાં ભારતનો 'વિક્રમી ઉછાળો'

ભારત હવે માત્ર હથિયારો ખરીદનારો દેશ રહ્યો નથી, પણ હથિયારો વેચનારો દેશ બની ગયો છે. રક્ષામંત્રીએ ગર્વભેર જણાવ્યું કે:

* ભારતની સંરક્ષણ નિકાસમાં 62% નો ઐતિહાસિક ઉછાળો નોંધાયો છે.

* આ વૃદ્ધિ પ્રધાનમંત્રી મોદીના 'આત્મનિર્ભર ભારત' અભિયાનની સફળતા દર્શાવે છે.

* ભારતીય સૈન્ય શક્તિ અને ટેકનોલોજી પર હવે વિશ્વના અન્ય દેશો પણ ભરોસો મૂકી રહ્યા છે.

એડિટર ટેક (Editorial Note):

પશ્ચિમ એશિયાના યુદ્ધના વાદળો વચ્ચે ભારતની આ રણનીતિ સાબિત કરે છે કે દેશ આજે આર્થિક અને લશ્કરી એમ બંને મોરચે મજબૂત છે. રાજનાથ સિંહનું આ નિવેદન દુશ્મન દેશો માટે એક સીધો સંદેશ છે કે ભારતની શાંતિને તેની નબળાઈ સમજવાની ભૂલ ન કરવી.

---

# કલોલના નારદીપુરમાં 3 ગૌવંશની ક્રૂર હત્યા:અજાણ્યા શખસોએ ગાયોને વાડામાંથી ચોરી ખેતરમાં લઈ જઈ રહેંસી નાખી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામમાં પશુ પ્રત્યેની અત્યંત ક્રૂરતાની હચમચાવનારી ઘટના સામે આવી છે. અત્રેના ગામના સીમ વિસ્તારમાં અજાણ્યા શખ્સો દ્વારા ત્રણ ગાયોની ચોરી કરી તીક્ષ્ણ હથિયારો વડે તેની કતલ કરી નાખવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે FSL રીપોર્ટ આધારે કલોલ તાલુકા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે.




પ્રાપ્ત વિગતો મુજબ, કલોલ તાલુકાના નારદીપુર ગામના લાલદાસ વાસમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા આયુષ લલ્લુભાઈ રબારીની એક કાળી ગાય ગત તા. 27 માર્ચના રોજ વહેલી સવારે વાડામાંથી ગુમ હતી. આથી પશુપાલકે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તેમની ગાયની સાથે પડોશમાં રહેતા જીતુભાઈ રબારી અને કાનજીભાઈ રબારીની પણ એક એક ગાય મળી કુલ ત્રણ ગાયો ગાયબ હતી.

પશુપાલકોએ દિવસભર શોધખોળ કરવા છતાં પશુઓનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન સાંજના સમયે નારદીપુરથી ડીંગુચા રોડ પર આવેલા ONGC વેલ પાસેના એક પડતર ખેતરમાં પશુઓના કપાયેલા અવશેષો મળી આવતા ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા હતા.

આ ઘટનાના પગલે પશુપાલકો અને ગૌરક્ષકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં લોહીથી ખરડાયેલી જગ્યા પર ગાયના શિંગડા અને શરીરના અન્ય ભાગો વેરવિખેર હાલતમાં મળી આવ્યા હતા. પશુપાલકોએ સ્થળ પરથી મળી આવેલા કોટીયુ અને દોરડા પરથી પોતાની ગાયોની ઓળખ કરી હતી. અંદાજે 1.45 લાખની કિંમતની ત્રણેય ગાયોને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું હતું.આ ઘટનાની જાણ થતાં જ કલોલ તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વેટરનરી ડોક્ટર દ્વારા જરૂરી નમૂના લઈ FSL તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જે રિપોર્ટમાં પણ આ અવશેષો ગૌવંશના હોવાનું પુરવાર થયું છે. જેથી પશુપાલક આયુષ રબારીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

---

# રાજ્ય ચૂંટણી આયોગે ભચરવાડા બેઠક માટે ચૂંટણી અધિકારીની નિમણૂક કરવાનું જ ભૂલી ગયા!

• રાજપીપલા, તા ૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાતની સાથે જ રાજ્ય ચૂંટણી આયોગની એક મોટી ગંભીર ટેકનિકલ ભૂલ સામે આવી છે. નર્મદા જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે વિવાદ સર્જાયો છે. જિલ્લાની 2-ભચરવાડા તાલુકા પંચાયત બેઠક માટે ચૂંટણી અધિકારી (RO) કે મદદનીશ ચૂંટણી અધિકારી(ARO)ની નિમણૂક જ કરવામાં આવી નથી, જેના કારણે આ બેઠકનું ભવિષ્ય હવે અદ્ધરતાલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લા પંચાયતની 22 અને 6 તાલુકા પંચાયતની 102 બેઠકો માટે આયોગ દ્વારા અગાઉથી જ અધિકારીઓની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે, જવાબદાર અધિકારીઓની ચૂકને કારણે 2-ભચરવાડા તાલુકા પંચાયત બેઠક માટે કોઈ પણ જવાબદાર અધિકારીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. આ બેઠકનું મહત્ત્વ એટલે પણ વધુ છે કારણ કે, ગત ટર્મમાં આ બેઠક અનુસૂચિત આદિજાતિ મહિલા માટે અનામત હતી, જે આ વર્ષે બદલીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) માટે જાહેર કરવામાં આવી છે. ગત ચૂંટણીમાં આ બેઠક પરથી કોંગ્રેસના માજી ધારાસભ્યના પૌત્રવધુ અને ભાજપના પૂર્વ ધારાસભ્યના સાળાની દીકરી વિજેતા બન્યા હતા, જેથી આ બેઠક રાજકીય રીતે ખૂબ મહત્ત્વની ગણાય છે. ટેકનિકલ રીતે જોતાં, જે બેઠક માટે કોઈ ચૂંટણી અધિકારી જ નક્કી ન હોય, ત્યાં ફોર્મ ભરવાની પ્રક્રિયાથી લઈને મતગણતરી સુધીની કામગીરી કોણ સંભાળશે તે મોટો પ્રશ્ન છે. આ ભૂલને કારણે સ્થાનિક રાજકારણમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યુંછે આ ગંભીર છબરડા અંગે જ્યારે નાંદોદ તાલુકા વિકાસ અધિકારી (TDO) પઠાણને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે આ એક ટેકનિકલ ક્ષતિ છે. તેમણે જણાવ્યું હતું કે, 'અમે આ બાબતે રાજ્ય ચૂંટણી આયોગનું ધ્યાન દોર્યું છે અને ટૂંક સમયમાં આ પ્રશ્નનો ઉકેલ લાવી અધિકારીની નિમણૂક કરી દેવામાં આવશે.

---

# જનતાની પરસેવાની કમાણી પર બેન્કોનો 'પંજો'!




અમદાવાદ: શું તમારું બેન્ક એકાઉન્ટ તમારી બચત માટે છે કે બેન્કના ખજાના ભરવા માટે? આ સવાલ આજે દરેક ગુજરાતીના મનમાં ઘૂમરી ખાઈ રહ્યો છે. છેલ્લા 3 વર્ષના આંકડા જોઈને તમારી આંખો પહોળી થઈ જશે–બેન્કોએ માત્ર મિનિમમ બેલેન્સ ન જાળવવા બદલ સામાન્ય જનતા પાસેથી 19,000 કરોડ ખંખેરી લીધા છે!

ગરીબના ખિસ્સા પર સીધો પ્રહાર!આ 19,000 કરોડ કોઈ અબજોપતિ કે ઉદ્યોગપતિના દંડના પૈસા નથી. આ એ ખેડૂતના પૈસા છે જે વરસાદની રાહ જોઈ રહ્યો છે, આ એ મજૂરના પૈસા છે જેણે પરસેવો પાડીને 500 બચાવ્યા હતા, અને આ એ પેન્શનરના પૈસા છે જેની આખી જિંદગીની મૂડી એકાઉન્ટમાં પડી છે.

* ન્યાય ક્યાં છે?: જો તમારા ખાતામાં 500 ઓછા હોય, તો બેન્ક ક્યારેક 500થી પણ વધુ દંડ ફટકારે છે. એટલે કે, તમારા જ પૈસા શૂન્ય થઈ જાય અને ઉપરથી તમે બેન્કના દેવાદાર બની જાઓ!

---

કાંઠા સુગર અને ઘી સુરત પીપલ્સ બેંકના બંન્ને પૂર્વ મેનેજીંગ ડિરેક્ટરો સહિત સુગરનો ગોડાઉન કીપરના મેળાપીપણામાં કૌભાંડ થયું હતું

# કાંઠા સુગરની રૂ.૧૫.૬૫ કરોડની લોન મંજુરી કૌભાંડના ત્રણે આરોપીઓના સેશન કોર્ટે જામીન નામંજુર કર્યા

• ઓલપાડ,તા.૦૩

ઓલપાડ તાલુકાના સરસ મુકામેની કાંઠા સુગર ફેક્ટરીમાં રૂ.૧૫.૬૫ કરોડની લોન મંજુરી કૌભાંડના ત્રણે આરોપીઓના જામીન ગુરૂવારે સુરત સેશન કોર્ટે નામંજુર કરતો હુકમ કર્યો છે. સરસ મુકામેની કાંઠા સુગરમાં ન્યુ દિલ્હી ખાતેની એન.સી.ડી.સી. માંથી બે તબક્કા મળી કુલ રૂ.૧૫,૬૫,૨૪,૦૦૦ ની લોન મંજુર કરવામાં આવી હતી.આ લોન સુગરના ગોડાઉન માં ખાંડનો સ્ટોક માત્ર ૪,૦૨૨ કવિન્ટલ હોવા છતાં ૫૯,૪૦૨ કવિન્ટલ હોવાનું ખોટું વેરિફિકેશન પત્રક રજુ કરી લોન મેળવવાના કૌભાંડમાં ત્રણ આરોપીઓ પૈકી સુગરનાં પૂર્વ એમ.ડી.પ્રદિપ ગૌત્તમભાઈ પંડ્યા (રહે:અંકલેશ્વર) સુગરના ગોડાઉન કીપર પ્રદિપ ભગુભાઈ પટેલ (રહે:સુરત)તથા ઘી સુરત પીપલ્સ બેંકનાં પૂર્વ એમ.ડી.

જતિનભાઈ ઈશ્વરભાઈ નાયક (રહે:અડાજણ-સુરત)પોલીસ સકંજા માં ભેરવાયા હતાં.

સુરત શહેરના લાજપોર ખાતેની સેન્ટ્રલ જેલની હવા ખાઈ રહેલા આ ત્રણે આરોપીઓના એડવોકેટે સુરત સેશન કોર્ટમાં જામીન અરજી રજુ કરતા ગત તા.૨૦ મી માર્ચે કોર્ટમાં રજુ કરાયા હતાં.તે સમયે આરોપીના એડવોકેટે કોર્ટમાં

પોલીસ તંત્ર ઉપર આરોપ મુકી દલીલ કરી હતી કે,લોનની રકમ વાપરનારા સુગરના સંચાલકોને પોલીસ છાવરી રહી છે.તે સમયે નામદાર કોર્ટે આ ગુનાની તપાસ કરી રહેલા ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર. જાદવે બચાવ કરતા કહ્યું હતું કે, આ ગુનાની તપાસ હજુ ચાલુ છે.જેથી કોર્ટે બે દિવસમાં તપાસ રિપોર્ટ રજુ કરવા આદેશ કરતા પોલીસે વધુ સમય માંગ્યા બાદ ગત તા.૩૦ મી માર્ચના રોજ આરોપીઓને ફરી કોર્ટમાં રજુ કર્યા હતાં.નામદાર કોર્ટમાં આરોપી ઓની જામીન અરજીના હિયરિંગ સમયે ઓલપાડ પીઆઈ સી.આર. જાદવે તપાસના પંચક્યાસ સાથે સોગંદનામું રજુ કરી કહ્યું હતું કે,આ ગુનાની તપાસ હજુ ચાલુ છે અને વધુ આરોપીઓના નામ પ્રકાશમાં આવવાની શક્યતાઓ રહેલી છે.આ સમયે સરકાર નિયુક્ત કસ્ટોડિયન પ્રમુખ બ્રિજેશ પટેલે પણ

કોર્ટમાં કૌભાંડના જરૂરી પુરાવા સાથેનું સોગંદનામું રજુ કર્યુ હતું કે, સુગરના કર્મચારી પ્રદીપ ભગુભાઈ પટેલની જવાબદારી સેલ્સમેનની હોવા છતાં તેણે લોન કૌભાંડ પત્રકમાં ગોડાઉન કીપર તરીકે સહી કરી છે.

જો કે નામદાર કોર્ટમાં જામીન મુક્તિ અરજીના હિયરિંગ સમયે સરકારી વકીલ નયન સુખડવાળા અને આરોપીઓના વકીલની દલીલો બાદ ગત તા.૩૦ મી માર્ચે પોતાનો નિર્ણય પેન્ડિંગ રાખી વધુ સુનાવણી માટે ગુરૂવાર,તારીખ બીજી એપ્રિલે આ ત્રણે આરોપીઓને ફરી કોર્ટમાં રજુ કરવા હુકમ કર્યો હતો.જેથી આજે ગુરૂવારે ત્રણે આરોપીઓને ફરી કોર્ટમાં રજુ કરતા સેશન કોર્ટે ત્રણે આરોપીના જામીન નામંજુર કરી જેલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. જેથી હવે આરોપીઓએ જામીન માટે નામદાર ગુજરાત હાઈકોર્ટનો આશરો લેવાનો વારો આવ્યો છે.

# કળિયુગનું કડવું સત્ય અને નિઃસ્વાર્થ સેવાનો પર્યાય - આપણો જવાન

## વર્તમાન સમયમાં સમાજની વ્યવસ્થા એવી રીતે ગોઠવાઈ ગઈ છે

• સંપાદકીય કલમેઃ પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)




વર્તમાન સમયમાં સમાજની વ્યવસ્થા એવી રીતે ગોઠવાઈ ગઈ છે કે જ્યાં દરેક વ્યવસાય ક્યાંક ને ક્યાંક માનવીય મજબૂરી કે સમસ્યા પર ટકેલો હોય તેવું ભાસે છે. જ્યારે સ્વાર્થ પરમાર્થ પર હાવી થઈ જાય, ત્યારે સમાજનું જે ચિત્ર ઉપસે છે તે ખરેખર વિચારવા જેવું છે. આજે આપણે એક એવા અરીસા સામે ઊભા છીએ જ્યાં વ્યવસાયિક સફળતા બીજાની નિષ્ફળતા કે પીડા પર નિર્ભર દેખાય છે.

વ્યવસાય પાછળનો છૂપો સ્વાર્થ?

જો આપણે ઊંડાણપૂર્વક વિચારીએ તો એક કડવી વાસ્તવિકતા નજર સામે આવે છે. ડૉક્ટરના વ્યવસાયની સમૃદ્ધિ દર્દીઓના વધારામાં, વકીલની આવક વધતા જતા ઝઘડાઓમાં, અને પોલીસની વ્યસ્તતા વધતા ગુનાઓમાં છુપાયેલી હોય તેવું લાગે છે. અમીર વર્ગ ઘણીવાર ઈચ્છે છે કે ગરીબી ટકી રહે જેથી શ્રમ સસ્તો મળે, બેંકો ઈચ્છે છે કે લોકો લોન અને વ્યાજના ચક્રમાં ફસાયેલા રહે, અને રાજકારણ કદાચ ત્યાં સુધી જ સુરક્ષિત છે જ્યાં સુધી સામાન્ય જનતા અજાણ કે મૂંઝવણમાં રહે. અરે, અંધશ્રદ્ધા ફેલાવનારા તત્વો પણ ઈચ્છે છે કે લોકો તર્ક છોડીને ડરમાં જીવે, જેથી તેમની દુકાનો ચાલતી રહે.

આ બધું જ ક્યાંક ને ક્યાંક અસ્તિત્વ અને કમાણીના ગણિત સાથે જોડાયેલું છે.

નિઃસ્વાર્થ સેવાનું જીવંત ઉદાહરણઃ દેશનો જવાન

પરંતુ, આ સ્વાર્થી દુનિયાની વચ્ચે એક એવું પાત્ર છે જેનું અસ્તિત્વ જ બીજાના સુખ માટે છે - અને તે છે આપણા દેશનો સૈનિક.

એક ફોજી ક્યારેય એવું નથી ઈચ્છતો કે યુદ્ધ થાય કે અશાંતિ ફેલાય. તેનાથી વિપરીત, તે રાત-દિવસ સીમા પર એટલા માટે જાગે છે કે દેશનો સામાન્ય નાગરિક ચેનથી ઊંઘી શકે. જવાન એકમાત્ર એવું વ્યક્તિત્વ છે જે ઈચ્છે છે કે દેશમાં શાંતિ જળવાય રહે, ભલે તેના માટે તેને પોતાનું લોહી વહાવવું પડે. તેને કોઈ પ્રોત્સાહન કે 'કમિશન'ની ભૂખ નથી હોતી; તેનો એકમાત્ર હેતુ દેશની સુરક્ષા અને અખંડિતતા છે.

પોતાનું ઘર, પરિવાર અને ખુશીઓને જોખમમાં મૂકીને, હાડ થીજવતી ઠંડી કે દઝાડતા તડકામાં ઊભા રહીને જે સેવા આપે છે, તે જ સાચી નિઃસ્વાર્થ સેવા છે.

આ વાત કદાચ સાંભળવામાં કડવી લાગે, પણ આજના ભૌતિકવાદી સમાજનું આ નગ્ન સત્ય છે. જ્યારે દરેક વ્યક્તિ 'મારું શું?' એ વિચારમાં અટવાયેલી છે, ત્યારે સૈનિક 'મારા દેશનું શું?' એ વિચારીને જીવે છે.

પાક્કો ગુજરાતનો સવાલઃ

શું આપણે એક એવા સમાજનું નિર્માણ ન કરી શકીએ જ્યાં દરેક વ્યવસાયમાં સૈનિક જેવી નિઃસ્વાર્થ ભાવના હોય? શું માનવતા કરતાં નફો મોટો હોઈ શકે? તમારા વિચારો અમને જરૂર જણાવશો.

પાક્કો ગુજરાત - જે સત્ય છે, તે જ સ્પષ્ટ છે.

---

**ઘૂસપેઠ** કઠપૂતળી મુખ્યમંત્રીઃ એવા નેતાઓને સત્તા પર બેસાડવા જે કેન્દ્રના દરેક આદેશને માથે ચડાવે

# વોટબેંકની રાજનીતિમાં વસ્ત્રહીન થતો 'ઘૂસપેઠ'નો મુદ્દો

• [પાક્કો ગુજરાત બ્યુરો]




ભારતમાં ચૂંટણી આવે એટલે 'બાંગ્લાદેશી ઘૂસપેઠિયા' શબ્દ રાજકીય ગલિયારાઓમાં ગુંજવા લાગે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે દાયકાઓથી ચાલતી આ સમસ્યાનો ઉકેલ કેમ નથી આવતો? આંકડાઓ અને રાજકીય ગણિત કંઈક એવું સૂચવે છે કે આ મુદ્દો ઉકેલવા માટે નહીં, પણ જીવંત રાખવા માટે બનાવવામાં આવ્યો છે.

૧. આંકડાકીય માયાજાળ: બોલવું અલગ, કરવું અલગ

સરકાર દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલા આંકડા જ સરકારની દાનત પર સવાલ ઉભા કરે છે:

* યુપીએ શાસન (૨૦૦૪-૨૦૧૪): આ ૧૦ વર્ષોમાં અંદાજે ૮૯,૦૦૦ ઘૂસપેઠિયાઓને પકડીને પરત મોકલવામાં આવ્યા હતા.

* વર્તમાન સરકાર (૨૦૧૪-૨૦૨૬): આટલી મોટી બૂમો અને ટેકનોલોજી હોવા છતાં માત્ર ૨,૬૦૦ જેટલા લોકોને જ ડિપોર્ટ કરી શકાયા છે.

સવાલ: શું ૨૦૧૯ પછી આંકડા જાહેર કરવાનું બંધ કરવું એ નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ છે?

૨. ૧૪ રાજ્યોનું 'મિશન' અને બંધારણીય ડર

ભાજપનું લક્ષ્ય દેશના ૧૪ રાજ્યોમાં પોતાની મજબૂત પકડ બનાવવાનું છે.

* કઠપૂતળી મુખ્યમંત્રી: એવા નેતાઓને સત્તા પર બેસાડવા જે કેન્દ્રના દરેક આદેશને માથે ચડાવે.

* પરિવર્તનની આશંકા: આટલી મોટી બહુમતી મેળવીને બંધારણમાં એવા મૂળભૂત ફેરફારો કરવાની યોજના હોઈ શકે છે, જે ભારતને લોકશાહીમાંથી હટાવીને પાડોશી દેશોની જેમ 'ધર્મ આધારિત' શાસન તરફ લઈ જાય.

૩. આર્થિક હિતો: અદાણી અને શેખ હસીના

એક તરફ ઘૂસપેઠિયાઓનો વિરોધ અને બીજી તરફ બાંગ્લાદેશ સાથેના અબજોના વ્યવહાર:

* વીજળીનો વેપાર: અદાણી ગ્રુપ દ્વારા બાંગ્લાદેશને વીજળી વેચવાનો મોટો કરાર છે.

* આશ્રય: બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાને ભારતમાં સુરક્ષિત આશ્રય આપવો એ દર્શાવે છે કે સરકારની કથની અને કરણીમાં મોટો તફાવત છે.

આ અહેવાલને પૂર્ણ કરવા માટે, આપણે એ સમજવું જરૂરી છે કે શું જનતા આ 'ડરના રાજકારણ'ને સમજી રહી છે?

૪. સામાન્ય જનતા પર અસર: સુરક્ષા કે માત્ર ભય?

જ્યારે ઘૂસપેઠનો મુદ્દો સતત ચર્ચાય છે, ત્યારે તેની સીધી અસર સરહદી વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકો પર પડે છે:

* સામાજિક અવિશ્વાસ: વારંવારના 'ઘૂસપેઠિયા'ના જાપથી સ્થાનિક સમુદાયો વચ્ચે શંકા અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું થાય છે, જે વર્ષો જૂની ભાઈચારાની ભાવનાને ઠેસ પહોંચાડે છે.

* ખરા મુદ્દાઓથી ધ્યાન ભટકાવવું: મોંઘવારી, બેરોજગારી અને શિક્ષણ જેવા પાયાના પ્રશ્નોને બદલે જનતાનું ધ્યાન માત્ર એક કાલ્પનિક કે અતિશયોક્તિભર્યા 'ભય' તરફ વાળવામાં આવે છે.

૫. ભવિષ્યની ચેતવણી: લોકશાહીનું પતન?

જો આ જ પ્રકારે આંકડા છુપાવીને અને ડર ફેલાવીને રાજનીતિ ચાલતી રહી, તો તેના પરિણામો ભયાનક હોઈ શકે છે:

* સંસ્થાઓનું નબળું પડવું: ચૂંટણી પંચ કે સુરક્ષા એજન્સીઓનો ઉપયોગ જો માત્ર રાજકીય ફાયદા માટે થશે, તો દેશની લોકશાહી સંસ્થાઓ પરથી જનતાનો વિશ્વાસ ઉઠી જશે.

* સરમુખત્યારશાહી તરફ કદમ: ૧૪ રાજ્યોમાં સત્તા મેળવીને બંધારણ બદલવાની જે આશંકા છે, તે ભારતને એક પ્રગતિશીલ રાષ્ટ્રમાંથી હટાવીને સંકુચિત વિચારધારાવાળા દેશમાં ફેરવી શકે છે.

નિષ્કર્ષ: 'પાક્કો ગુજરાત' ના આ વિશ્લેષણનો સાર એ છે કે જનતાએ હવે જાગૃત થવાની જરૂર છે. શું આપણે એવા ભારતની કલ્પના કરી છે જ્યાં આંકડા છુપાવવામાં આવે અને માત્ર ડરના આધારે મતો મેળવવામાં આવે? સત્ય તમારી સામે છે–હવે નિર્ણય તમારે લેવાનો છે.

આ અહેવાલ હવે ઘણો વિસ્તારપૂર્વક અને મજબૂત બન્યો છે. આપણે આ વિષયને વધુ સારી રીતે સમજવા માટે આમાંથી કયા મુદ્દા પર આગળ ચર્ચા કરીએ?

* બંધારણીય પ્રક્રિયા: રાજ્યસભામાં બહુમતી મળવાથી બંધારણમાં ફેરફાર કરવાની પ્રક્રિયા વાસ્તવમાં કેવી હોય છે?

* અન્ય દેશોના ઉદાહરણો: શું બીજા દેશોમાં પણ આવી રીતે આંકડા છુપાવીને રાજનીતિ ખેલાય છે?

૪. સામાન્ય જનતા પર અસર: સુરક્ષાના નામે માત્ર 'ભય'?

જ્યારે પણ ઘૂસપેઠનો મુદ્દો રાજકીય રીતે ચર્ચાય છે, ત્યારે તેની સીધી અસર જમીની સ્તર પર જોવા મળે છે:

* સામાજિક અવિશ્વાસ: વારંવારના 'ઘૂસપેઠિયા'ના જાપથી વર્ષોથી સાથે રહેતા સમુદાયો વચ્ચે શંકાનું વાતાવરણ ઊભું થાય છે. આનાથી ભાઈચારો જોખમાય છે.

* ધ્યાન ભટકાવવાની રમત: મોંઘવારી , બેરોજગારી અને શિક્ષણ જેવા પાયાના પ્રશ્નોને બદલે જનતાનું ધ્યાન સતત એક અદ્રશ્ય 'ભય' તરફ વાળવામાં આવે છે, જેથી સત્તાધારી પક્ષને અઘરા સવાલોનો સામનો ન કરવો પડે.

૫. ભવિષ્યની ચેતવણી: શું લોકશાહી જોખમમાં છે?

જો આ પ્રકારે આંકડા છુપાવીને અને ડર ફેલાવીને રાજનીતિ ચાલતી રહેશે, તો દેશનું ભવિષ્ય કેવું હશે?

* સંસ્થાઓનું નબળું પડવું: જો સુરક્ષા એજન્સીઓ અને ચૂંટણી પંચનો ઉપયોગ માત્ર રાજકીય ફાયદા માટે થશે, તો સામાન્ય નાગરિકનો વ્યવસ્થા પરથી વિશ્વાસ ઉઠી જશે.

* બંધારણીય જોખમ: ૧૪ રાજ્યોમાં સત્તા મેળવીને જો મનફાવે તેમ બંધારણ બદલવામાં આવે, તો ભારતની વિવિધતા અને લોકશાહી મૂલ્યો ખતમ થઈ શકે છે.

નિષ્કર્ષ:'પાક્કો ગુજરાત' ના આ અહેવાલનો સાર એ છે કે, જનતાએ હવે માત્ર ભાષણો નહીં પણ આંકડા જોવા જોઈએ. શું આપણે એવા દેશમાં રહેવા માંગીએ છીએ જ્યાં સત્ય છુપાવવામાં આવે અને માત્ર ડરના આધારે શાસન કરવામાં આવે? નિર્ણય હવે તમારા હાથમાં છે.

---

# લાખણીમાં 25 કરોડના હાઈવે કામમાં ગેરરીતિનો આક્ષેપ: લેવલિંગ ન થતાં લોકોમાં ભારે રોષ

## કોન્ટ્રાક્ટરની મનમાની કે રાજકીય દબાણ? લાખણી હાઈવે કામગીરી સામે ઉઠ્યા સવાલો

• લાખણીઃ



વાવ-થરાદ જિલ્લાના લાખણી વિસ્તારમાં 25 કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા 3 કિલોમીટર લાંબા નવીન હાઈવેના કામને લઈને વિવાદ ઊભો થયો છે. સ્થાનિકોમાં કામની ગુણવત્તાને લઈને ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, હાઈવે નિર્માણ દરમિયાન ધોરા ઉતારી યોગ્ય લેવલિંગ કરવાની પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ છે. જ્યાં વધુ માટી ઉતારવાની જરૂર હતી ત્યાં ઓછું કામ કરવામાં આવ્યું છે, જ્યારે જ્યાં ઓછું કામ કરવું જોઈએ ત્યાં વધુ ખોદકામ કરવામાં આવ્યું છે. પરિણામે રોડનું લેવલિંગ બગડ્યું છે અને ભવિષ્યમાં અકસ્માતની શક્યતાઓ વધી રહી છે.

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કામમાં રાજકારણ અને બેદરકારીના કારણે ગુણવત્તા સાથે સમાધાન કરવામાં આવી રહ્યું છે. લોકોમાં એ પણ ચર્ચા છે કે આ પહેલાં ગટર લાઈનના કામમાં પણ ગેરરીતિઓ સામે આવી હતી, છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નહોતી.

ગ્રામજનો હવે તાત્કાલિક તપાસ અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

અહેવાલ:- મુકેશ સોની લાખણી

---

# ચાલુ ટ્રેને ચડવા જતાં મહિલા પ્લેટફોર્મ પર પટકાઈ

## ઉતાવળે કોચમાં ચડવાનો પ્રયાસ કરતા સંતુલન બગડ્યું અને પગ લપસ્યો, સુરત રેલવે સ્ટેશન પર GRP જવાનોએ મોતના મુખમાંથી ખેંચી લીધી

• સુરત

સુરત રેલવે સ્ટેશન પર ફરી એકવાર ખાખીનો માનવીય ચહેરો અને સતર્કતા જોવા મળી છે. પ્લેટફોર્મ પર ફરજ બજાવતા જીઆરપીના બે જવાનોએ એક મહિલા મુસાફરનો જીવ બચાવી લેતા સ્ટેશન પર હાજર સૌ કોઈએ તેમને સલામી આપી હતી. અમૃતસર વીકલી ટ્રેનમાં ચડતી વખતે પગ લપસતા મહિલા ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં ફસાઈ જાય તે પહેલા જ જવાનોએ તેને ખેંચી લીધી હતી.ઘટનાની વિગત મુજબ, પ્લેટફોર્મ પરથી ટ્રેન નંબર 12483 (અમૃતસર વીકલી એક્સપ્રેસ) ધીમી ગતિએ રવાના થઈ રહી હતી. આ સમયે એક મહિલા મુસાફરે ઉતાવળમાં ચાલુ ટ્રેને કોચમાં ચડવા માટે પ્રયાસ કર્યો હતો. જોકે, ગતિને કારણે મહિલાએ સંતુલન ગૂમાવ્યું હતું અને તેનો પગ લપસ્યો હતો. જોતજોતામાં મહિલા ટ્રેન સાથે પ્લેટફોર્મ પર ઢસડાવા લાગી હતી. એટલું જ નહીં પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાં ફસાય જોય તો જીવલેણ સાબિત થઈ શકે તેમ હતું. પ્લેટફોર્મ પર સુરક્ષામાં તૈનાત GRP હેડ કોન્સ્ટેબલ નિતિન વસાવા અને અનિલભાઈની નજર આ મહિલા પર પડી હતી. પરિસ્થિતિની ગંભીરતા પારખીને બંને જવાનોએ એક સેકન્ડનો પણ વિલંબ કર્યા વિના મહિલા તરફ દોટ મૂકી હતી. મહિલા ટ્રેનની નીચે ફંગોળાય તે પહેલા જ બંને જવાનોએ તેને મજબૂતીથી પકડી પ્લેટફોર્મ પર સુરક્ષિત રીતે ખેંચી લીધી હતી.આ સમગ્ર ઘટનાને નજરે જોનારા મુસાફરોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. મહિલાનો આબાદ બચાવ થતા સ્ટેશન પર હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાની જાણકારી વાયુવેગે ફેલાઈ હતી અને લોકો આ બંને જબાંઝ પોલીસકર્મીઓને 'રિયલ લાઈફ હીરો' ગણાવી રહ્યા છે.જીઆરપીના ઉચ્ચ અધિકારીઓએ પણ નિતિનભાઈ અને અનિલભાઈની કામગીરીને બિરદાવી છે.આણંદ રેલવે સ્ટેશન પર એક મોટી દુર્ઘટના ટળી હતી. ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરતી એક મહિલા ટ્રેક તરફ ઘસડાઈ હતી, પરંતુ ફરજ પરના રેલવે પોલીસ જવાને સમયસૂચકતા વાપરી તેનો જીવ બચાવ્યો હતો.

---

## રાશીફળ (તા.04-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે. |
| વૃષભ (બ.વ.ઉ) | * વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે. |
| મિથુન (ક.છ.ઘ) | મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે. |
| કર્ક (ડ.હ) | કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે. |
| સિંહ (મ.ટ) | સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો. |
| કન્યા (પ.ઠ.ણ) | કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે. |
| તુલા (ર.ત) | તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત ખુશખબર મળી શકે છે. |
| વૃશ્ચિક (ન.ય.) | વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. |
| મકર (ખ.જ) | આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે. |

---

# યુદ્ધ જેવી પરિસ્થિતિમાં યુવાનોએ લીધો વિજયનો સંકલ્પ: હનુમાન જયંતિ નિમિત્તે સામૂહિક 'ગદા પૂજન'!

## રામરાજ્યની સ્થાપના હેતુ દેશભરમાં ૮૫૦ સ્થળોએ અને કર્ણાવતી જિલ્લામાં સામૂહિક 'ગદા પૂજન' સંપન્ન!

• કર્ણાવતી



"આજે સમગ્ર વિશ્વ યુદ્ધ જેવી સ્થિતિના ઉંબરે ઉભું છે. ઈતિહાસનું અવલોકન કરતા જણાય છે કે જે-જે યુદ્ધોમાં હનુમાનજી બિરાજમાન રહ્યા છે, ત્યાં વિજય નિશ્ચિત થયો છે. પછી તે પ્રભુ શ્રીરામની સેનામાં રહીને રાવણની લંકાનું દહન કરનારા હનુમાનજી હોય, અથવા મહાભારતમાં અર્જુનના રથના ધ્વજ પર બિરાજમાન થઈને અધર્મ વિરુદ્ધ પાંડવોને બળ પ્રદાન કરનારા હનુમાનજી! દરેક સ્થળે વિજય સુનિશ્ચિત થયો છે. એટલું જ નહીં, છત્રપતિ શિવાજી મહારાજના 'હિંદવી સ્વરાજ્ય'ની સ્થાપના માટે સમર્થ રામદાસ સ્વામીજીએ ગામેગામ મારુતિ મંદિર સ્થાપિત કરી જે બલોપાસના પ્રારંભ કરી, તેનાથી સ્વરાજ્યને આધ્યાત્મિક અને સામર્થ્યનું બળ પ્રાપ્ત થયું. આજે પુનઃ એકવાર દેશ અને ધર્મ સંકટમાં છે તથા સર્વત્ર ભયનું વાતાવરણ નિર્મિત થઈ રહ્યું છે.

આવા સમયે પ્રત્યેક હિન્દુમાં મારુતિ જેવા શૌર્ય, શક્તિ અને ભક્તિનું જાગરણ થાય અને આવનારા કઠિન સમયમાં તેમના આશીર્વાદથી હિન્દુઓનો વિજય સુનિશ્ચિત થાય, એ જ સંકલ્પ સાથે શ્રી હનુમાન જયંતિના અવસરે હિન્દુ જનજાગૃતિ સમિતિ તરફથી દેશભરમાં ૮૫૦થી અધિક સ્થળોએ અને કર્ણાવતી જિલ્લાઓમાં સામૂહિક 'ગદા પૂજન' કરવામાં આવ્યું."

ગદા પૂજન' વિધિ, શ્રી હનુમાનજીની આરતી, મારુતિ સ્તોત્ર પાઠ, શંખનાદ અને સામૂહિક પ્રાર્થના બાદ 'શ્રી હનુમતે નમઃ'નો સામૂહિક નામજપ કરવામાં આવ્યો. આ પ્રસંગે 'રામરાજ્યની સ્થાપના માટે મારુતિના ગુણોને કેવી રીતે આત્મસાત કરવા' એ વિષય પર માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતે 'રામરાજ્યની સ્થાપના માટે સામૂહિક પ્રતિજ્ઞા' લેવામાં આવી. હિન્દુ જનજાગૃતિ સમિતિ દ્વારા છેલ્લા 4 વર્ષથી દેશભરમાં સામૂહિક 'ગદા પૂજન' કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી રહ્યા છે અને આ વર્ષે પણ હિન્દુત્વનિષ્ઠો અને શ્રદ્ધાળુઓની ઉત્સ્ફૂર્ત સહભાગિતા જોવા મળી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ સંગઠન ના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

# પ્રેમ અને લાગણીનું સન્માન - જીવનની સાચી સમજણ

• લેખકઃ પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)



પ્રેમ એ સૃષ્ટિની સૌથી સુંદર અને પવિત્ર લાગણી છે. તે જીવનમાં ઉર્જા અને જીવવાનો હેતુ પૂરો પાડે છે. પરંતુ વર્તમાન સમયની દોડધામમાં આપણે પ્રેમની સાચી વ્યાખ્યા ભૂલી રહ્યા છીએ. ઘણીવાર આપણે એવી વ્યક્તિ પાછળ આપણી શક્તિ અને સમય વેડફીએ છીએ જેમને આપણી કદર નથી હોતી, અને આ પ્રક્રિયામાં આપણે એવા હૃદયને અજાણતા જ દુઃખ પહોંચાડીએ છીએ જે ખરેખર આપણા માટે ધબકે છે.

કદર વગરનો પ્રેમ અને હકીકત

જીવનનો એક કડવો અનુભવ એ છે કે આપણે જેને ચાહતા હોઈએ તે વ્યક્તિ હંમેશા આપણને મળે જ એ જરૂરી નથી. આવા સમયે નિરાશ થઈને બેસી રહેવા કરતાં કે એકતરફી પ્રેમ પાછળ દોડવા કરતાં, એ જોવું જરૂરી છે કે આપણી આસપાસ એવી કઈ વ્યક્તિ છે જે આપણને નિસ્વાર્થ ભાવે પ્રેમ કરે છે. જે વ્યક્તિ તમને પ્રેમ કરે છે, તે તમારી ભૂલોને માફ કરે છે, તમારી પ્રગતિમાં ખભેખભા મિલાવીને સાથ આપે છે અને તમારી નાની એવી ખુશીમાં પોતાની દુનિયા શોધે છે.

લાગણીનું સન્માન એ જ શ્રેષ્ઠ કર્મ

કર્મનો સિદ્ધાંત બહુ સ્પષ્ટ છેઃ કોઈના નિર્દોષ પ્રેમનો અનાદર કરવો એ માનવતાની દ્રષ્ટિએ પણ ઉચિત નથી. જો કોઈ તમને માન-સન્માન અને નિસ્વાર્થ સ્નેહ આપે છે, તો તે તમારા ભાગ્યની વાત છે. આજના સ્વાર્થી યુગમાં સાચો પ્રેમ મળવો મુશ્કેલ છે. ત્યારે જે વ્યક્તિ તમને તમારી ખામીઓ સાથે સ્વીકારે છે, તેની સાથે રહેવાથી જીવનમાં સ્થિરતા, શાંતિ અને સંતોષ મળે છે.

નિષ્કર્ષ

પ્રેમ એટલે માત્ર કોઈને મેળવી લેવું એવું નથી, પણ કોઈના હૃદયમાં તમારા માટે જે આદર છે તેને સમજવો અને સાચવવો એ જ સાચી સમજદારી છે. આપણે જેમને પ્રેમ કરીએ છીએ તેમના કરતા જે આપણને પ્રેમ કરે છે તેમની કદર કરતા શીખવું જોઈએ. કારણ કે અંતે, સાચો સ્નેહ અને પરસ્પરનું સન્માન જ જીવનને જીવવા જેવું બનાવે છે.

પાક્કો ગુજરાત - સત્યની સાથે, લાગણીની સંગાથે.

## તંત્રીની કલમે

# અંધશ્રદ્ધાનો રાક્ષસ ક્યાં સુધી માસૂમોનો ભોગ લેશે?

ઝારખંડની ઘટના માનવતાના માથે કલંકઃ વિજ્ઞાનના યુગમાં પણ તાંત્રિકોનો માયાવી જાળ સમાજને કોરી ખાય છેઆજના આધુનિક યુગમાં જ્યારે મનુષ્ય મંગળ ગ્રહ પર વસવાટના સપના જોઈ રહ્યો છે, ત્યારે ઝારખંડના હજારીબાગમાંથી સામે આવેલી ઘટના આપણને પાષાણ યુગની યાદ અપાવે છે. એક માતા, જે પોતાના સંતાન માટે જીવ આપી દેવા તૈયાર હોય, તે જ માતાએ પોતાના પુત્રની બીમારી મટાડવા માટે પોતાની ૧૩ વર્ષની માસૂમ દીકરીની બલી ચડાવી દીધી! આ ઘટના માત્ર એક ગુનો નથી, પણ આપણા સમાજની માનસિકતાની હાર છે.ભ્રામક તાંત્રિકો અને ડરનો વેપારઆ કિસ્સામાં શાંતિ દેવી નામની પાખંડી તાંત્રિકે જે રીતે માતાને લલચાવી અને ડરાવી, તે દર્શાવે છે કે સમાજમાં આજે પણ 'ડરનો વેપાર' કેટલો



ફૂલ્યોફાલ્યો છે. જ્યારે તબીબી વિજ્ઞાન કેન્સર જેવા અસાધ્ય રોગો સામે લડી રહ્યું છે, ત્યારે લોકો હજુ પણ દોરા-ધાગા અને નરબલી જેવા ઘાતકી રસ્તાઓ પર વિશ્વાસ કરી રહ્યા છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની પાતળી રેખા જ્યારે ભૂંસાઈ જાય છે, ત્યારે આવા ભયાનક પરિણામો આવે છે.

સમાજ માટે લાલબત્તી * શિક્ષણનો અભાવઃ શું માત્ર અક્ષરજ્ઞાન મેળવવું એ જ શિક્ષણ છે? સાચું શિક્ષણ એ છે જે આપણને તર્ક કરતા શીખવે. * ડોક્ટર કે તાંત્રિક?: બીમારી શારીરિક હોય છે, જેનો ઈલાજ હોસ્પિટલમાં નિષ્ણાત ડોક્ટરો પાસે જ હોય છે. કોઈ પણ પૂજા કે બલી કુદરતી બીમારીને મટાડી શકતી નથી.

* સામૂહિક જાગૃતિઃ ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં ફેલાયેલા આવા પાખંડીઓના નેટવર્કને તોડવા માટે સ્થાનિક વહીવટી તંત્ર અને જાગૃત નાગરિકોએ આગળ આવવું પડશે.

પોલીસ પોતાની કાર્યવાહી કરશે, આરોપીઓને જેલ પણ થશે, પરંતુ જે માસૂમ ફૂલ જેવી દીકરીએ પોતાની જ માતાના હાથે જીવ ગુમાવ્યો, તેની ભરપાઈ કોણ કરશે? ૨૪ માર્ચ ૨૦૨૬ની એ કાળી રાત આપણને યાદ અપાવે છે કે જો આપણે જાગૃત નહીં થઈએ, તો અંધશ્રદ્ધાનો આ રાક્ષસ હજુ કેટલાય માસૂમોને ગળી જશે.હવે સમય આવી ગયો છે કે આપણે ઢોંગી તાંત્રિકોનો સાથ છોડી વિજ્ઞાન અને સમજદારીનો રસ્તો અપનાવીએ. સમાજમાં પ્રસરેલી આ અંધશ્રદ્ધાની ગંદકીને સાફ કરવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

પવન માકન

## સંસારી કામ ? વિવાદાસ્પદ નિવેદનો આપતા સંતોનો સંપર્ક ન કરવાનો સંકલ્પ લેવો જોઈએ

# સંસાર નો ત્યાગ કરવા વાળા નયપદ્મસાધુ વેશમાં કરે છે સંસારી કામ ? : હાર્દિક હુંડીયા

જે મરાઠી નેતાઓ મહારાષ્ટ્ર ને પ્રેમ કરે છે, તો તેમણે વિવાદાસ્પદ નિવેદનો આપતા સંતોનો સંપર્ક ન કરવાનો સંકલ્પ લેવો જોઈએ. જૈન સાધુ જીવનનો સાધક સર્વશક્તિમાન ભગવાન અને ચતુર્વિધ સંઘની મૂર્તિ સમક્ષ સંસારનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધા પછી સાધુના જીવનને સ્વીકારે છે. જૈન સાધુઓ પોતાના તેમજ આપણા આત્માના કલ્યાણ કરે છે. પરંતુ સાધુનું જીવન અપનાવ્યા પછી નયપદ્મ સાગરે જૈનોને એકબીજા સાથે વેપાર કરવા સક્ષમ બનાવવા માટે જૈન આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન જીતો ની સ્થાપના કરી. જૈન ધર્મ ના અનુયાયીઓના નેતા અને સાધુઓમાં વધતા જતાં શિથિલાચારના કટ્ટર ટીકાકાર હાર્દિક હુંડિયાએ પોતાનું ઊંડું દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે નયપદ્મ સાગરે જૈન વેપારીઓને એક કરીને અને ધર્મના પાઠ શીખવવા જોઈએ, પરંતુ તેના બદલે, તેમણે જીતો નામનું વેપારીઓ માટે એક સંગઠન બનાવ્યું. જૈન સાધુઓ ક્યારેય આવી સાંસારિક પ્રવૃત્તિઓમાં જોડાતા નથી કારણ કે તેઓએ તમામ સાંસારિક કાર્યોનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમ છતાં, તેમણે જીતો ની સ્થાપના કરી. જ્યારે જીતો સાથે નયપદ્મની મન ની ઈચ્છા સફળ ન થઈ, ત્યારે તેમણે જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન જીઓ ની રચના કરી. એવું પણ સાંભળ્યું છે કે નયપદ્મએ કહ્યું હતું કે જીતો નો વહીવટ મારી ઈચ્છા મુજબ હશે, એટલે કે તેઓ ઈચ્છતા હતા કે સમગ્ર સંચાલન તેમના હાથમાં રહે. જોકે, જીતો ના



સ્થાપક નયપદ્મ નું જીતો માં નહીં ચાલ્યું અને એટલે જીઓ ની સ્થાપના નયપદ્મ દ્વારા થઈ. જૈન સાધુઓને ક્યારેય સાંસારિક બાબતોમાં રસ લેવો જોઈએ નહીં , પરંતુ નયપદ્મ શરૂઆત થી જ વિવાદાસ્પદ રહ્યા છે. શરૂઆતમાં, મંગલપ્રભાત લોઢા અને નયપદ્મની જોડી , જૈન સમુદાયમાં ખૂબ ચર્ચામાં રહી હતી. નયપદ્મએ તાજેતરમાં એક વિવાદાસ્પદ નિવેદન બહાર પાડ્યું છે, જેનાથી જૈનો અને મરાઠી ભાઈઓ વચ્ચેનો વિવાદ વધુ વધ્યો છે. નયપદ્મ દાવો કરે છે કે છત્રપતિ શિવાજી મહારાજના પરિવારના મહારાણી તારાબાઈ ભોંસલે જૈન હતા, જ્યારે ઈતિહાસકારો કહે છે કે તે જૈન ન હતા. એક તરફ નીલેશ મુનિ અને હાર્દિક હુંડિયાએ આમ્હી ગિરગાંવકર

પદાધિકારીઓ સાથે મળીને જૈન અને મરાઠી સમુદાયો વચ્ચેના વિવાદને ઉકેલવા માટે મુંબઈ પ્રેસ ક્લબમાં પ્રેસ સમક્ષ એકબીજાના સૂચનો રજૂ કર્યા. આ પત્રકાર પરિષદ જૈન અને મરાઠી સમુદાયો વચ્ચે પ્રેમ વધારવાનો એક પ્રયાસ હતો. જે અતિ પ્રસંસનીય પ્રેસ વાર્તા રહી. બીજી તરફ, નયપદ્મએ મહારાણી તારાબાઈ ભોંસલે વિશે વિવાદાસ્પદ નિવેદન આપીને ગંભીર ભૂલ કરી. થોડા સમય પહેલા, તેમણે મીરા ભાઈંદરમાં વિધાન સભા ની ચૂંટણી વખતે શિવસેના વિરુદ્ધ વાત કરી અને તેને કારણે મહારાષ્ટ્રના નાના ગામડાઓમાં જૈન સાધુઓને તેમના વિહાર માં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. હાર્દિક હુંડિયાના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ સંજય રાઉતને મળ્યું અને કહ્યું કે શિવસેના વિરુદ્ધ નયપદ્મનું નિવેદન તેમનું પોતાનું અંગત હતું અને ત્યારબાદ જૈન સાધુઓને વિહાર માં કોઈ અસુવિધાનો સામનો કરવો પડ્યો નહીં. સૌથી રસપ્રદ વાત એ છે કે શિવસેના વિરુદ્ધ બોલનાર નય પદ્મ શિવસેના સત્તામાં આવતાની સાથે જ ઉદ્ધવ ઠાકરેના શપથ ગ્રહણ સમારોહમાં સ્ટેજ પર ગયા, ફોટોગ્રાફ્સ માટે પોઝ આપ્યા અને પછી ચાલ્યા ગયા. જો ભાજપ સરકાર સત્તામાં આવશે, તો ભાજપ માં અને જો શિવસેના કાલે પરત ફરશે, તો શિવસેનામાં જશે . નય પદ્મ ની જેમ કોઈ જૈન સાધુ આવી રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા નથી. ભાજપ અને શિવસેના બંનેએ આવા સંતોથી સાવધ રહેવું જોઈએ. હાર્દિક હુંડિયાએ કહ્યું કે જૈન સાધુઓ ઉપાશ્રયોમાં પાટ પર બેસીને મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, ભોજનાલયો અથવા જૈન ધર્મમાં નિર્ધારિત ધાર્મિક વિધિઓ વિશે શિક્ષણ આપે છે, જ્યારે નયપદ્મ જૈન જીમખાના બનાવવા માટે કાર્યરત છે, જે જૈન ધર્મ અનુસાર નથી. જૈન જીમખાના દ્વારા પણ નય પદ્મે મરાઠી અને જૈન સમુદાયો વચ્ચે વિવાદને વેગ આપ્યો છે, પરંતુ હવે મહારાષ્ટ્રના લોકોને સમજાયું છે કે આ નયપદ્મ માં ખાસ ભક્ત મંગલ પ્રભાત લોઢા છે . હાર્દિક હુંડિયાએ કહ્યું કે મહારાષ્ટ્રના કોઈપણ નેતાએ એવા વ્યક્તિનો સંપર્ક ન કરવો જોઈએ જે નયપદ્મ જેવા વિવાદાસ્પદ નિવેદનો આપીને જૈનો અને મરાઠી સમુદાયો વચ્ચે સંઘર્ષ પેદા કરે છે. ઓછામાં ઓછા જે મરાઠી રાજકારણીઓ જો તેઓ મરાઠી ભાઈઓને પ્રેમ કરે છે તો તેમણે ઓછામાં ઓછું કહેવું જોઈએ કે તેમણે આવા વિવાદાસ્પદ સંતોનો ક્યારેય સંપર્ક ન કરવો જોઈએ. નયપદ્મ જે ક્યારેક જૈન જીમખાના અને ક્યારેક જૈન યુનિવર્સિટીની માંગ કરે છે, ઘણા વર્ષોથી જૈન શાળા વિશે વાત કરી રહ્યા છે પરંતુ મને કહો કે શું તેમણે આજ સુધી કોઈ શાળા બનાવી છે? જો નયપદમને જૈન ધર્મનું જ્ઞાન હોત, તો તેમણે ભગવાન મહાવીરની જન્મજયંતિના દિવસે આટલું વિવાદાસ્પદ નિવેદન કેમ આપ્યું ? જ્યારે આ સંતે ભગવાન મહાવીર વિશે વાત કરવી જોઈતી હતી. નયપદમ આટલા વર્ષોથી મુંબઈમાં કેમ બેઠા છે.

## કોમોડિટી વાયદાઓમાં રૂ.303015 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.1052462 કરોડનું સાપ્તાહિક ટર્નઓવર

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.7166, ચાંદીના વાયદામાં રૂ.12621 અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.1409નો તીવ્ર ઉછાળો

એમસીએક્સ

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.197401 કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 35825 પોઇન્ટના સ્તરે

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર 27 માર્ચથી 2 એપ્રિલના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.1355485.90 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.303015.49 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.1052462.22 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 35825 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં સાપ્તાહિક ધોરણે કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.40114.44 કરોડનું થયું હતું.સમીક્ષા હેઠળના




સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.197401.82 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.144000ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.154500 અને નીચામાં રૂ.143652ના મથાળે અથડાઈ, રૂ.142514ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.7166ના ઉછાળા સાથે રૂ.149680ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.5094 ઊછળી રૂ.119312ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.642ની તેજી સાથે રૂ.14935ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.6900ની વૃદ્ધિ સાથે રૂ.148140 થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.143000ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.153100 અને નીચામાં રૂ.142239ના મથાળે અથડાઈ, રૂ.141547ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.6992ના ઉછાળા સાથે રૂ.148539 થયો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.224247ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.243981 અને નીચામાં રૂ.221209ના સ્તરને સ્પર્શી, રૂ.219874ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.12621ના ઉછાળા સાથે રૂ.232495ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.11279ની વૃદ્ધિ સાથે રૂ.235645ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.11360ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.235759 થયો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ.17901.28 કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.16.2 વધી રૂ.1155.1ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.13.35 વધી સપ્તાહના અંતે રૂ.323.2ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.18.2 વધી રૂ.354.35ના ભાવે બોલાયો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.2.8 વધી રૂ.195.25ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

# ઉનાના નાથળમાં યુવાનનું કૂવામાં પડી મોત: 100 ફૂટ ઊંડા કૂવામાંથી મૃતદેહ બહાર કઢાયો, પોલીસ તપાસ

## કૂવાની ઊંડાઈને કારણે કોઈ નીચે ઉતરવાની હિંમત કરી શક્યું ન હતું

• કૈલૈશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના નાથળ ગામમાં 25 વર્ષીય યુવાન કાનાભાઈ લાખાભાઈ ગઢિયાનું કૂવામાં પડી જવાથી મોત થયું છે. ગઈકાલે રાત્રે આ ઘટના બની હતી, જ્યારે કાનાભાઈ પોતાની વાડીના કૂવામાં નાહવા પડ્યા હતા. કાનાભાઈ નિયમિતપણે વાડીના અંદાજે 100 ફૂટ ઊંડા કૂવામાં નાહવા જતા હતા. ગઈકાલે રાત્રે પણ તેઓ નાહવા માટે કૂવામાં કૂદ્યા હતા. લાંબા સમય સુધી બહાર ન આવતા પરિવારજનોએ કૂવામાં જોયું તો કાનાભાઈ બેભાન અવસ્થામાં દેખાયા હતા. તાત્કાલિક ગ્રામજનો મદદ માટે પહોંચ્યા હતા, પરંતુ કૂવાની ઊંડાઈને કારણે કોઈ નીચે ઉતરવાની હિંમત કરી શક્યું ન હતું. બાદમાં ઉના ફાયર ફાઈટર ટીમની મદદ લેવામાં આવી હતી, પરંતુ યુવાનને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ટીમની જરૂર જણાતા વેરાવળ ફાયર કંટ્રોલને જાણ કરાઈ હતી. વેરાવળથી સુનિલભાઈ



ચુડાસમા, ફાયરમેન જીતેન્દ્રસિંહ ગોહિલ, રોહિતભાઈ વંશ અને ટ્રેની દિવ્યેશભાઈ સહિતની રેસ્ક્યુ ટીમ નાથળ પહોંચી હતી. ટીમે 100 ફૂટ ઊંડા કૂવામાંથી કાનાભાઈના મૃતદેહને બહાર કાઢ્યો હતો અને ઉના સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે કાનાભાઈને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકના પિતાનું ઘણા વર્ષો પહેલા અવસાન થયું હતું અને કાનાભાઈ એકમાત્ર પુત્ર હોવાથી તેમની માતા પણ ગમગીનીમાં ગરકાવ થઈ ગઈ છે.

# રાજકોટમાં કાયદો-વ્યવસ્થાની હાલત કથળી, સામાન્ય નાગરિકોમાં ભય અને અસુરક્ષાનું વાતાવરણ : શ્રી અમિત ચાવડા

## વરઘોડો તો નિકળશે જ જેવા રાજ્યના ગૃહમંત્રીના બેજવાબદાર નિવેદન કારણે અમુક પોલીસ અધિકારીઓ બેફામ : શ્રી અમિત ચાવડા

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ મીડિયાના સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર ચિંતા ઊભી થઈ છે. રાજ્યમાં અસામાજિક તત્વો અને બુટલેગરોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. સામાન્ય નાગરિકોમાં ભયનું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. વરઘોડો નીકળશે જ તેવા રાજ્યના ગૃહમંત્રી દ્વારા પણ બેજવાબદાર નિવેદનો આપવામાં આવે છે. જેના કારણે પોલીસ પણ કાયદો હાથમાં લઈ રહી છે.

રાજકોટમાં યુવાનને DCP બાંગરવા દ્વારા "થર્ડ ડિગ્રી ટોર્ચર" કરવામાં આવ્યો જેના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો છે, ત્યા સુધી રજૂઆત થઈ છે કે, તેને ઈલેક્ટ્રિક શોક પણ આપવામાં આવ્યો છે. કોંગ્રેસના અમારા ધારાસભ્ય, શ્રી જીગ્નેશભાઈ મેવાણી, શ્રી વિમલભાઈ ચુડાસમા, પૂર્વ ધારાસભ્ય શ્રી ઋત્વીકભાઈ મકવાણાએ મૂલાકાત કરી હતી. કોઈપણ પોલીસ અધિકારી કાયદાથી ઉપર નથી. તેઓ ગુજરાતની જનતાના ટેક્સના પૈસાથી પગાર મેળવે છે અને તેમનું કર્તવ્ય કાયદાનું પાલન કરવાનું છે.

રાજકોટમાં થયેલી તમામ ફરિયાદો અને રજૂઆતોની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ થવી જોઈએ. જો તપાસમાં પૂરતા તથ્યો અને પુરાવા સામે આવે, તો જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે સાથે રાજ્યના પોલીસ તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવે કે કોઈપણ અધિકારી કાયદો હાથમાં લે તેવી ઘટના ફરી ન બને. કોંગ્રેસ પાર્ટી હંમેશા સામાન્ય લોકોના અધિકારો અને ન્યાય માટે અવાજ ઉઠાવતી રહેશે.

# કલિયુગ રાઇઝિંગ: ભારતની AI ફિલ્મે રચ્યો ઇતિહાસ, ગ્લોબલ ટોપ 10માં બનાવી જગ્યા




કલિયુગ રાઈઝિંગ - ધ બિગિનિંગ એ હિગ્સફિલ્ડ સ્પર્ધામાં ગ્લોબલ ટોપ 10માં સ્થાન મેળવ્યું અને 100થી વધુ દેશોમાંથી આવેલી ૯,000 એન્ટ્રીઓમાં ૯મું સ્થાન મેળવ્યું. આ સિદ્ધિ મેળવનારી એકમાત્ર ભારતીય AI ફિલ્મ છે।આ ફિલ્મ ઈમેજિન ઈફ સ્ટુડિયો અને દિગ્દર્શક પ્રતિ્યા સાહા દ્વારા બનાવવામાં આવી છે, જ્યાં AI અને સ્ટોરીટેલિંગનો સુંદર મેળ છે। થોડા જ સમયમાં આ પ્રોજેક્ટને 6 કરોડથી વધુ વ્યૂઝ મળ્યા અને હવે તે વૈશ્વિક સ્તરે ઓળખ મેળવી રહ્યો છે।ટીમનું માનવું છે કે AI ફિલ્મમેકિંગનું ભવિષ્ય છે, જે વાર્તાને વધુ શક્તિશાળી અને મોટા સ્તરે રજૂ કરી શકે છે।

## ઓપરેશન એગ ટ્રાન્સફર' હેઠળ રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત ઈંડું

# વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતને ઐતિહાસિક સફળતા -કચ્છમાં એક દાયકા બાદ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' ઘોરાડના બચ્ચાનો જન્મ -આગમન

ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના સંયુક્ત પ્રયાસોથી વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અભૂતપૂર્વ સફળતા મળી છે. કચ્છના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' -ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ વિગતો આપતાં જણાવ્યું હતું. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો આપતાં કહ્યું કે,ગુજરાત વન વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ



મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં વન્યજીવન સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાસલ કરી છે. આ સિદ્ધિ બદલ વાઈલ્ડ લાઈફ ડિવિઝનના અધિકારીઓની કામગીરીની પ્રશંસા કરીને આ અભિયાનને સફળ બનાવવા સૌને અભિનંદન આપ્યા હતા. આ સફળતા બદલ કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે પર્યાવરણ મંત્રાલય,ગુજરાત, રાજસ્થાન અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) ના સંયુક્ત પ્રયાસોને બિરદાવીને એક્સ પર માહિતી આપીને અભિનંદન પાઠવ્યા હતા. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો જણાવ્યું હતું કે,આ સફળતા પાછળ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' (Jumpstart Approach) નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૧માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઘોરાડ પક્ષીઓના કુદરતી રહેઠાણોના સંરક્ષણ માટે રજૂ કરવામાં આવેલા વિઝનને અનુરૂપ વર્ષ ૨૦૧૬માં 'પ્રોજેક્ટ GIB' શરૂ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના સેમ (Sam) અને રામદેવરા ખાતે સ્થાપિત બ્રીડિંગ સેન્ટરોમાં પક્ષીઓની સંખ્યા વધીને હવે ૭૩ સુધી પહોંચી છે.

કચ્છમાં ઘોરાડની વસ્તીમાં નર પક્ષીઓની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ ઈંડા તો મૂકતી હતી, પરંતુ તે અફલિત (Infertile) રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે એક સાહસિક અભિયાન હાથ ધરાયું.રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત (Fertile) ઈંડું લેવામાં આવ્યું. પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં આ ઈંડાને ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.

ઠેર-ઠેર કચરા

'ઠેર-ઠેર કચરાના ઢગલાઓથી ત્રાસેલા સ્થાનિકોએ કહ્યું- 'ચૂંટણી આવે એટલે બધા દોડ્યા આવે'

# 'કોર્પોરેટરોને તો ઓળખતા જ નથી':સુરતના વોર્ડ-1માં વિકાસના નામે ખાલી વાયદા

## છાપરાભાઠા અને વરીયાવ વચ્ચેથી પસાર થતી ખાડીમાં ગંદકીના કારણે આસપાસના રહીશો પરેશાન

• સુરત

મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે.સુરત શહેરના વોર્ડ નંબર 1 એટલે કે જહાંગીરપુરા, વરિયાવ, છાપરાભાઠા અને કોસાડ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કેવી કામગીરી થઈ છે. અહીં થયેલા વિકાસ અને થઈ રહેલા વિકાસને લઈ મતદારો શું કહી રહ્યા છે. તે જાણવા માટે દિવ્ય ભાસ્કરની ટીમ ગ્રાઉન્ડ ઝીરો પર વોર્ડ નંબર 1માં પહોંચી હતી. કેટલાક લોકો અહીંના વિકાસથી ખુશ છે તો કેટલાક મતદારો આક્રોશિત જોવા મળ્યા હતા.વોર્ડ નંબર એકની અંદર ઠેર ઠેર કચરાના ઢગલાઓ અને સરકારી સ્કૂલ ન હોવાનો દાવો કરી આક્રોશ વ્યક્ત કર્યો.છાપરાભાઠા અને વરીયાવ વચ્ચેથી પસાર થતી ખાડી પણ ગંદકી ખદબત્તી હોવાનું પણ જોવા મળ્યું હતું. એટલું જ નહીં કોસાડ વિસ્તારમાં મહિલાઓની સુરક્ષાઓ પર સવાલો જનતાએ ઉઠાવ્યા. આ સાથે જ છેલ્લા પાંચ વર્ષમાં કોર્પોરેટર દેખાયા ન દેખાયો હોવાનો જનતાએ રોષ ઠાલવી કહ્યું કે અમે અમારા વોર્ડના કોર્પોરેટરોને તો ઓળખતા જ નથી. જ્યારે રેસીડેન્શિયલ વિસ્તારોમાં ઈન્ડસ્ટ્રીયલ પ્લોટિંગની પરમિશનો કોર્પોરેટરોની મહેરબાનીથી આપવામાં આવતી હોવાનો જનતાએ આક્ષેપ કર્યો હતો.

છાપરાભાઠા અને વરીયાવ વચ્ચેથી પસાર થતી ખાડીમાં ગંદકીના કારણે આસપાસના રહીશો પરેશાન.ગીતાબેન ચોટલિયાએ જણાવ્યું હતું કે, અમરોલી વિસ્તારમાં સરકારી સ્કૂલ જ નથી. બીજી સ્કૂલમાં છોકરાઓને ભણાવવા પોસાય એમ જ નથી. કોર્પોરેટરોને તો ઓળખા જ નથી. એટલું જ નહીં કોર્પોરેટરો જોવા પણ નથી આવતા કે સ્કૂલ છે ક્યાં? ઘરના ખર્ચા, હીરામાં મંદી, સાડીઓમાં મંદી, બધાયમાં મંદી છે. ગેસના બાટલા પણ મળતા નથી.મત દેવો જ નથી આ વખતે કોઈને.ચૂંટણી આવે એટલે બધા દોડ્યા આવે, 'આમાં દેજો મત, આમાં દેજો મત'. મત શેમાં દેવો?વોર્ડ નંબર એકના સ્થાનિક રહેવાસી રાજલ દવેએ કહ્યું કે, આ વિસ્તારમાં બે મહિલા કોર્પોરેટર છે. જ્યારે મત માંગવા આવ્યા ત્યારે જોયા હતા. બાકીના પાંચ વર્ષમાં જોયા નથી. આ વિસ્તારમાં મહિલાની સુરક્ષા નથી, કોઈ પણ હાલતા-ચાલતા છેડતી કરી શકે છે. એવા ઘણા કિસ્સા પણ આ વિસ્તારમાં જોવા મળ્યા છે. મર્ડરના કિસ્સા પણ જોવા મળી રહ્યા છે.સ્થાનિક વિપુલભાઈએ જણાવ્યું હતું કે, અમરોલી વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં ટ્રાફિકની જ મોટામાં મોટી સમસ્યાઓ છે. તાપી નદીના બ્રિજ પર સવારથી લઈ સાંજ સુધી



ટ્રાફિક હોય છે. ટ્રાફિકની સમસ્યાનું કોઈ સમાધાન થતું નથી. કોઈ કામ સમયે પૂર્ણ થયા નથી. એ સાથે જ રોડ રસ્તા ખોદી નાખવામાં આવે છે અને થીગડા મારી દેવામાં આવે છે.ભાજપના ચાર કોર્પોરેટર છે. એમાંથી એક પણ ક્યારેય કોઈ જગ્યાએ જોવા મળતા નથી. બસ ખાલી વાત થાય છે. કોઈને નામ પણ નથી આવડતા કોર્પોરેટરના. લાલજીભાઈએ પણ ટ્રાફિક સમસ્યા મુદ્દે હૈયાવરાળ ઠાલવી. કહ્યું કે ગજેરા સર્કલ સુધી ટ્રાફિક થાય છે એનું નિરાકરણ આવે તો મહેરબાની. હું કોઈ નેતાનો માણસ નથી, હું આમ નાગરિક છું. રોજ આ રોડ ઉપર અવર-જવર કરું છું મને ખબર છે ટ્રાફિક કેટલું છે કેટલું નથી.ટ્રાફિકની સમસ્યા સિવાય લાલજીભાઈએ વિકાસ કાર્યોના પણ વખાણ કર્યાં. વધુમાં કહ્યું કે રોડ-રસ્તા બધું સારું છે. શાંતિ પણ છે કે કોઈ જાતનો પ્રોબ્લેમ નથી. બહુ સારી વ્યવસ્થા અને સુવિધાઓ પણ સારી છે. રેખા તારાએ મોંઘવારી અને મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે હાલની સ્થિતિ પ્રમાણે આ વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ એરિયા વધી રહ્યો છે. ત્યારે મહિલાઓને બહાર નીકળવામાં થોડો પ્રોબ્લેમ થઈ રહ્યો છે. પ્રાથમિક સુવિધા મુદ્દે પણ રોષ વ્યક્ત કરીને કહ્યું રસ્તા ખરાબ છે, રાતના સમયે સ્ટ્રીટ લાઈટ નથી ચાલુ રહેતી. કોર્પોરેટરોને તો જોયા જ નથી એવી વાત કરી. જો કે આશ્ચર્યની વાત તો એ છે કે કોર્પોરેટરો આ વિસ્તારમાં આવે તો એમને ઓળખીએને.હર્ષદભાઈ સવાણીનું કહેવું છે કે જ્યાં કોસાડ ગાર્ડન છે, જ્યાં સિનિયર સિટીઝન લોકો કસરત કરવા, વોકિંગ કરવા જાય છે ત્યાં બધા દારૂડિયાઓ હોય છે. ત્યાં પોલીસ કંઈ જતી નથી કે કોઈ SMCના સાહેબ નથી જોતા. તેની બહાર રોજ ગટર છલકાય છે. રોજ કોર્પોરેશનવાળા માણસો આવે છે ટેન્કર લઈને, બધા પૈસા ખાવા બેઠા છે.બધા કોર્પોરેટરોને ઓળખીએ છીએ, બધાની છટ્ટી જાણીએ છીએ. પૈસા સિવાય કાંઈ થતું નથી. કોઈ કામ કરતું નથી. એની ઓફિસે જઈએ સહી કરાવવા તોય ધક્કા ખાવા પડે છે કે અત્યારે સાહેબ નથી. સાહેબ પૈસા લેવાની ઉતાવળમાં હોય ને! મત હવે આ વખતે આવે ને ત્યારે ખબર પડે. આ વખતે આવે? સોસાયટી આખી વિરોધમાં જ છે, હું એક નહીં. અમિત તાડાએ જણાવ્યું હતું કે, કચરાના ઢગલાઓ છે અને રાત્રિના સમયે સળગાવવામાં આવે છે. એટલે વાતાવરણ પ્રદૂષણ વાળું થઈ જાય છે. વારંવાર રજૂઆતો કલેક્ટર, કોર્પોરેટરને કરી છે, મેયર સુધી, કમિશનર સુધી અરજીઓ કરી છે. પરંતુ નિરાકરણ હજુ સુધી થયું નથી. રેસીડેન્શિયલ વિસ્તારોમાં પણ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટિંગની પરમિશનો આપવામાં આવે છે કોર્પોરેટરોની મહેરબાનીથી.અરજી કે ફરિયાદ કરી તો કોઈ જવાબ પણ આપતું નથી. બસ અધિકારીઓ મનમાની કરીને રોડ ખોદી નાખે, પછી થીગડા મારી દે છે રોડ ઉપર, ભલેને લોકો પરેશાન થયા રાખે.

કોર્પોરેટરોને ફોન કરીએ તો આવું કામ અટકાવેલું હોય જ્યારે આપણે આંદોલન કરવા નીકળ્યા કે ભાઈ આ કામ શા માટે કરીએ છીએ, ત્યારે એ ખાલી બતાવવા આવે કે ભાઈ આ કામ તો સરકારી કામ છે, કરવા દો. કારણ કે એમાં તો એને અંદર ખિસ્સામાં પડતા હોય છે, એટલે ખાલી અમે કામ અટકાવીએ નહીં એટલે આવે છે. બાકી સારા કામની કે અમારી ફરિયાદો સ્વીકારવા માટે કોઈ આવતું નથી.

અમદાવાદમાં દર ત્રીજા દાવેદારને ટિકિટ આપવી પડશે

# CMના મત વિસ્તારના 4 વોર્ડમાં કોંગ્રેસમાં દાવેદારો શોધ્યા જડતા નથી:માગે એને ટિકિટ મળે એવી હાલત

5 બીજી તરફ કોંગ્રેસ માટે રેસના ઘોડા શોધવા મુશ્કેલ બન્યા હોય એવી સ્થિતિ છે

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. 11 એપ્રિલે ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોય ભાજપ, કોંગ્રેસ, આપ સહિતની પાર્ટીઓએ ઉમેદવારોની પસંદગી કરવા કવાયત તેજ કરી છે. કોંગ્રેસ દ્વારા પણ મોટાભાગની મહાનગરપાલિકાઓમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે.

સેન્સ પ્રક્રિયા દરમિયાન એક તરફ ભાજપમાં રાફડો ફાટ્યો છે. તો બીજી તરફ કોંગ્રેસ માટે રેસના ઘોડા શોધવા મુશ્કેલ બન્યા હોય એવી સ્થિતિ છે. તેમાં પણ અમદાવાદમાં મુખ્યમંત્રીના મત વિસ્તારમાં ઘાટલોડીયા વિધાનસભાના 4 વોર્ડમાં માત્ર 24 દાવેદાર જ સામે આવ્યા છે. જેમાંથી 16ને ટિકિટ આપવી પડશે. સુરતને બાદ કરતા અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં કોંગ્રેસને બેઠક દિઠ માત્ર ચાર થી પાંચ દાવેદારો જ મળ્યા છે.



અમદાવાદ મનપાની ચૂંટણી માટે સેન્સ આપવા પહોંચેલા ભાજપ કાર્યકર્તાઓ.

અમદાવાદ મહાનગરપાલિકના 48 વોર્ડની 192 બેઠક માટે કોંગ્રેસ દ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. અમદાવાદ મનપાની ચૂંટણી લડવા એક તરફ ભાજપમાં દાવેદારોનો રાફડો ફાટ્યો છે તો બીજી તરફ કોંગ્રેસને રેસના ઘોડા મળવા મુશ્કેલ બન્યા છે. 92 બેઠક માટે કોંગ્રેસમાંથી ફક્ત 602 કાર્યકર્તાઓ દાવેદારી કરી છે. શહેરના કેટલાક વોર્ડ તો એવા છે કે જ્યાં 4 થી 5 લોકોએ જ દાવેદારી કરી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે 7 ઝોનમાં 602 જેટલા કાર્યકાર્તાઓએ ચૂંટણી લડવા માટેની ઈચ્છા દર્શાવી છે.જેમાં કયા ઝોનમાં કયા વોર્ડ આવે છે અને કેટલા કાર્યકર્તાઓએ દાવેદારી કરી છે તે ગ્રાફિક્સની મદદથી સમજીએ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા 20 વર્ષથી ભાજપનું શાસન છે. જ્યાં 20 વર્ષથી કોંગ્રેસ શાસનમાં આવવા માટે અનેક પ્રયાસ કરી રહી છે, પરંતુ જોઈએ તેવું પરિણામ જ કોંગ્રેસને મળતું નથી. જેથી કોંગ્રેસ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અસ્તિત્વ ટકાવી રાખવા માટેની ચૂંટણી બની જવાની છે. છેલ્લા ઘણાં સમયથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપનું શાસન હોવાથી શહેર કોંગ્રેસનું સંગઠન ના બરાબર જોવા મળી રહ્યું છે. જેથી જમીની સ્તરે સંગઠનને ફરી બેઠું કરવાનું છે. તેમજ રાહુલ ગાંધીએ ચૂંટણીમાં રેસના ઘોડા કોણ છે અને લગ્નના ઘોડા કોણ છે તે નક્કી કરીને પછી ઉમેદવારોને મેદાને ઉતારવા માટે આદેશ કર્યો હતો.પરંતુ કોંગ્રેસ માટે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે રેસના ઘોડા શોધવામાં પણ ફાંફા પડી ગયા છે. કોંગ્રેસમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડવામાં કોઈને રસ નથી તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસે 7 જેટલા ઝોન બનાવ્યા હતા. જ્યાં બે બે નિરીક્ષક દ્વારા સેન્સ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. ત્યારે અમદાવાદના 48 વોર્ડમાં ચૂંટણી લડવા માટે કુલ 602 જેટલા કોંગ્રેસના કાર્યકર્તાઓએ જ ચૂંટણી લડવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. ત્યારે કેટલાક વોર્ડમાં તો ગણ્યા ગાંઠ્યા લોકોએ જ બાયોડેટા આપીને ચૂંટણી લડવા માટેની ઈચ્છા વ્યક્ત કરી છે.

# સુરતમાં થશે બુલેટ ટ્રેનોનું રિપેરિંગ:સ્ટેશનથી માત્ર 2 કિમી દૂર 27 હેક્ટરમાં બની રહ્યો છે 'રોલિંગ સ્ટોક ડેપો'

• સુરત

અતિમહત્ત્વકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં સાબરમતી અને સુરત તથા મહારાષ્ટ્રમાં થાણે એમ ત્રણ ઠેકાણે ત્રણ રોલિંગ સ્ટોક ડેપો બનાવવાનું આયોજન છે. તે પૈકી સુરતમાં 27 હેક્ટર વિસ્તારમાં રોલિંગ સ્ટોક ડેપો બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સુરત રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના કમિશનિંગ અને જાળવણી માટે જરૂરી સુવિધાઓથી સજ્જ હશે. તેમાં ટ્રેનસેટના હળવા જાળવણી માટે અત્યાધુનિક સાધનો, તેમજ નિરીક્ષણ ખાડીઓ, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઈન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. ડેપો પરિસરમાં રોલિંગ સ્ટોકનું દરરોજ અને નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવશે.



હાલમાં, બે નિરીક્ષણ-ક્રમ-સ્ટેબલિંગ લાઈન પૂરી પાડવામાં આવી રહી છે અને ભવિષ્યમાં ચાર સ્ટેબલિંગ લાઈનનું આયોજન છે. નિરીક્ષણ ઉપરાંત, ડેપોમાં અનશેડ્યુલ રિપેર અને વ્હીલ રિ-પ્રોફાઈલિંગ માટેની સુવિધાઓ પણ હશે.

રોલિંગ સ્ટોક ડેપો રેલવે વ્યવસ્થામાં ટ્રેનોના વાહનો (જેને રોલિંગ સ્ટોક કહેવાય છે)ના સ્ટોરેજ, જાળવણી અને મરામત માટેનું એક વિશેષ કેન્દ્ર છે. રોલિંગ સ્ટોકમાં ટ્રેનના તમામ વાહનોનો સમાવેશ થાય છે, જેમ કે લોકોમોટિવ, પેસેન્જર કોચ, ટ્રેનસેટ વગેરે. ડિપો એ ટ્રેનોનું "ઘર" અને 'હોસ્પિટલ" જેવું છે, જ્યાં ટ્રેનોને પાર્ક કરવામાં આવે છે, દરરોજનું નિરીક્ષણ કરવામાં આવે છે, સાફ કરવામાં આવે છે અને જરૂરી રિપેરિંગ કરવામાં આવે છે. નિયમિત અને વિગતવાર નિરીક્ષણથી ટ્રેનમાં કોઈ ખામી વહેલી શોધી શકાય છે, જેથી અકસ્માતનું જોખમ ઘટે છે. ખાસ કરીને 320 કિમી/કલાકની સ્પીડવાળી બુલેટ ટ્રેનમાં આ અત્યંત જરૂરી છે.મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સુરત રોલિંગ સ્ટોક ડેપો સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની નજીક જ બનાવવામાં આવી રહ્યો છે. આ ડેપો નિયોલ રેલવે સ્ટેશનની ઉત્તર બાજુએ આવેલો છે. તે સુરત બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ 2 કિલોમીટર દક્ષિણ તરફ આવેલો છે. સુરત બુલેટ ટ્રેન સ્ટેશન અંત્રોલી ગામમાં સુરત-બારડોલી રોડ (NH-53) પાસે આવેલું છે. આ સ્થળ એટલા માટે પસંદ કરવામાં આવ્યું છે કે, તે બુલેટ ટ્રેનના મુખ્ય રૂટ પર છે અને સુરત-બિલીમોરા (પ્રથમ તબક્કો) માટે પણ અનુકૂળ છે. ડેપોનું નિર્માણ આઈઆરકોન ઈન્ટરનેશનલ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ટાટા હેરિયરમાંથી શેર બજારનો વ્યવસાય કરતા શખ્સની લાશ મળી

### સાયન્સ સિટી રોડના હેતાર્થ પાર્ટી પ્લોટ પાસેથી મૃતદેહને પીએમમાં ખસેડાયો

• અમદાવાદ

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં સાયન્સ સીટી રોડ ઉપરથી ગાડીમાંથી લાશ મળી આવવાની ઘટના બની હતી. પોલીસને જાણ કરવામાં આવતા સોલા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. મૃતક શેલા ગામના રહેવાસી અને શેરબજારનો વ્યવસાય કરનારા હર્ષદ પ્રજાપતિ નામના વ્યક્તિ હોવાનું જાણવા મળ્યું છે. મૃતકના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જોવા મળ્યા નથી, હાલ સોલા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકની શકયતા વર્તાઈ રહી છે. ઉલ્લખેનિય છે કે, 7 દિવસ પહેલાં અમદાવાદમાં GJ-5 મર્સિડીઝમાંથી કોહવાયેલી લાશ મળી મળી હતી. સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે. એન. ભૂકણે જણાવ્યું હતું કે, સાયન્સ સિટી રોડ ઉપર હેતાર્થ પાર્ટી પ્લોટ પાસે ગાડીમાંથી લાશ મળી આવી હતી. પોલીસ દ્વારા લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવેલી છે શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી આવ્યા નથી. મૃતક ગાડીમાં કેવી રીતે આવ્યા ગાડી કોની છે તે વગેરે અંગે હાલ તપાસ કરવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ, 2 એપ્રિલના રોજ સાંજના સમયે સોલા પોલીસને જાણ થઈ હતી કે સાયન્સ સીટી રોડ ઉપર હેતાર્થ પાર્ટી પ્લોટ નજીક વિહત બંગલોઝની બાજુમાં એક ખુલ્લા પ્લોટમાં ગાડીમાં લાશ પડી છે. જેથી સોલા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ દ્વારા ત્યાં જઈને તપાસ કરવામાં આવતા મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઈ ગયાં હતા.પોલીસ દ્વારા ગાડી ખોલીને તપાસ કરતા તેમાં આશરે 45 વર્ષીય વ્યક્તિની લાશ જોવા મળી હતી. પોલીસે મૃતકની ઓળખ કરતા શેલા ગામના રહેવાસી હર્ષદભાઈ પ્રજાપતિ નામના વ્યક્તિ હોવાનું જાણવા મળ્યું હતું.

# વાવની દુર્દશા:કોસંબા ગામની વણઝારી વાવ જાળવણીના અભાવે ઉકરડો બની

• કોસંબા

માંગરોળ તાલુકાનું કોસંબા ગામ ઐતિહાસિક વારસો ધરાવે છે. કોસંબા ગામ વર્ષો જૂનું વેપારી માર્ગ ઉપર હોય અંદાજિત 100 વર્ષ કરતાં વધુ સમય પહેલા વાવ બનાવાય હતી. વાવની અંદર કચરો અને ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા હોય ઉકરડો બની છે.સદી કરતા વધુ સમય પહેલા જ્યારે લોકો એક ગામથી બીજા ગામ સામાજિક પ્રસંગ અથવા વેપાર માટે પ્રવાસ પગપાળા અથવા બળદગાડા અથવા ઘોડાની મદદથી કરતા હતા. ત્યારે લોકોને થોડા થોડા અંતરે આવતા ગામોમાં પીવાના પાણી અને આરામ કરવા માટેની વ્યવસ્થા મળી રહે તે માટે પાણીની વાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કોસંબા પણ આવા જ એક રોડ ઉપર આવેલું છે, કોસંબા ગામે આવેલી વાવ તંત્રની નિષ્કાળજીના અભાવે ઉકરડામાં પરિવર્તિત થઈ છે. વર્ષો પહેલા ગુજરાત સરકાર દ્વારા જર્જરિત અને કચરા નિકાલનો મધ્યમ બનેલી આ વાવનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.પરંતુ સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ત્યારબાદ વાવની જાળવણી બાબતે બેદરકારી દાખાવતા ફરી એકવાર આ વાવ કચરા નિકાલ માધ્યમ બની છે. તદુપરાંત અંદર ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા છે. વર્ષો પહેલા ગુજરાત સરકાર દ્વારા જર્જરિત અને કચરા નિકાલનો મધ્યમ બનેલી આ વાવનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.પરંતુ સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ત્યારબાદ વાવની જાળવણી બાબતે બેદરકારી દાખાવતા ફરી એકવાર આ વાવ કચરા નિકાલ માધ્યમ બની છે. તદુપરાંત અંદર ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા છે.

નવેમ્બરના અંત સુધીમાં હાઈ-સ્પીડ કાર્ગો ટ્રેનના ટ્રાયલની શક્યતા, દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે 'ગેમ ચેન્જર' બનશે

# મુંબઈ-દિલ્હી વચ્ચે દોડશે 'વંદે ભારત કાર્ગો ફ્રેઈટ' ટ્રેન

• સુરત

ભારતીય રેલવે હવે મુસાફરોની મુસાફરીમાં ક્રાંતિ લાવ્યા બાદ માલસામાનના પરિવહન ક્ષેત્રે પણ મોટો ધડાકો કરવાની તૈયારીમાં છે. દેશની સૌથી ઝડપી ટ્રેન 'વંદે ભારત'ના સફળ મોડલને હવે માલવાહક એટલે કે કાર્ગો ક્ષેત્રે ઉતારવામાં આવી રહ્યું છે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત માટે સૌથી મોટા સમાચાર એ છે કે, રેલવે મંત્રાલય ટૂંક સમયમાં 'વંદે ભારત કાર્ગો ફ્રેઈટ' ટ્રેન શરૂ કરવા જઈ રહ્યું છે. આ ટ્રેન શરૂઆતી તબક્કે દેશની આર્થિક રાજધાની મુંબઈ અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી વચ્ચે દોડાવવાનું આયોજન છે, જેનો સીધો અને મોટો ફાયદો સુરત, વાપી અને વલસાડના ઔદ્યોગિક એકમોને મળવાનો છે. રેલવેના સૂત્રોના જણાવ્યા અનુસાર, 16 કોચ ધરાવતી આ હાઈ-સ્પીડ કાર્ગો ટ્રેનનું પ્રોટોટાઈપ રેક હાલમાં નિર્માણાધીન છે. રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (RDSO) દ્વારા આગામી નવેમ્બર મહિનાના અંત સુધીમાં આ ટ્રેનનું સત્તાવાર પરીક્ષણ એટલે કે ટ્રાયલ રન શરૂ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. આ ટ્રેનને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે તે 160 કિમી પ્રતિ કલાકની ઝડપે માલસામાનની હેરફેર કરી શકે, જે અત્યાર સુધીની માલગાડીઓની સરખામણીએ અનેકગણી ઝડપી હશે.

આ કાર્ગો ટ્રેનની સૌથી મોટી અને મહત્વની વિશેષતા તેની 'કંટ્રોલ્ડ ટેમ્પરેચર સિસ્ટમ' છે. અત્યાર સુધી રેલવેમાં નાશવંત ચીજવસ્તુઓના પરિવહન માટે ઘણી મર્યાદાઓ હતી, પરંતુ વંદે ભારત કાર્ગોમાં રહેલી આધુનિક રેફ્રિજરેટેડ સિસ્ટમને કારણે દૂધ, પનીર, ફળો અને તાજા શાકભાજી બગડ્યા વગર ગણતરીના કલાકોમાં દિલ્હી કે મુંબઈના બજારોમાં પહોંચશે. વાપી અને વલસાડના ફાર્મા હબમાંથી જીવનરક્ષક દવાઓ અને વેક્સિન જેવી ચીજોને ચોક્કસ તાપમાનમાં સુરક્ષિત રીતે ટ્રાન્સપોર્ટ કરી શકાશે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સી-ફૂડની નિકાસમાં આ ટ્રેન બુસ્ટર ડોઝ સમાન સાબિત થશે. સુરતનું કાપડ અને હીરા બજાર અત્યારે મોટાભાગે રોડ ટ્રાન્સપોર્ટ પર નિર્ભર છે, જેમાં સમય અને ખર્ચ બંને વધુ લાગે છે. જો મુંબઈ-દિલ્હી રૂટ પર આ સેવા શરૂ થાય છે, તો સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ અને હીરા ઉદ્યોગ દેશના અન્ય મોટા બજારો સાથે સીધો અને હાઈ-સ્પીડ સંપર્ક સાધી શકશે. લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાને કારણે સ્થાનિક ઉત્પાદનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. આ ટ્રેન માત્ર ઝડપી જ નહીં, પણ અત્યંત સુરક્ષિત પણ હશે. તેમાં મોડ્યુલર લોડિંગ સિસ્ટમ હશે, જેનાથી સામાન ચઢાવવા-ઉતારવામાં સમયનો બચાવ થશે. આ ઉપરાંત, ટ્રેનમાં સેન્સર આધારિત ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ અને શ્રેષ્ઠ વેન્ટિલેશન સુવિધા હશે, જે સામાનની સલામતીની ખાતરી આપશે. વેપારીઓ પોતાના કાર્ગોનું રિયલ ટાઈમ લોકેશન પણ જાણી શકશે. આ ટ્રેન દેશના મુખ્ય બંદરોને દિલ્હી સાથે ઝડપથી જોડશે, જેનાથી એક્સપોર્ટ-ઈમ્પોર્ટની પ્રવૃત્તિઓમાં તેજી આવશે. દક્ષિણ ગુજરાતના કેમિકલ અને પેકેજિંગ ઉદ્યોગો માટે પણ આ ટ્રેન 'ગેમ ચેન્જર' સાબિત થશે. એકંદરે, વંદે ભારત કાર્ગો ફ્રેઈટ ટ્રેન ભારતીય રેલવેના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખશે અને દક્ષિણ ગુજરાતના અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPLમાં KKRની સતત બીજી હાર:SRH 65 રનથી જીત્યું, ક્લાસેનની ફિફ્ટી;જયદેવ ઉનડકટે 3 વિકેટ ઝડપી

## IPLની 19મી સીઝનમાં સનરાઇઝર્સ હૈદરાબાદે પોતાની પ્રથમ જીત નોંધાવી છે

IPLની 19મી સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પોતાની પ્રથમ જીત નોંધાવી છે. ટીમે કોલકાતા નાઈટ રાઈડર્સને તેમના જ હોમગ્રાઉન્ડ પર 65 રનથી હરાવ્યું હતું. 2024ની ચેમ્પિયન KKRની આ સતત બીજી હાર છે, આ પહેલા ટીમનો મુંબઈ ઈન્ડિયન્સ સામે પરાજય થયો હતો. બીજી તરફ, SRH તેની અગાઉની મેચ બેંગલુરુ સામે હારી ગયું હતું.ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં KKRએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. હૈદરાબાદે 8 વિકેટ ગુમાવીને 226 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં કોલકાતાની ટીમ 16 ઓવરમાં 161 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી અંગક્રિશ રઘુવંશીએ ફિફ્ટી ફટકારી હતી, જ્યારે બોલિંગમાં બ્લેસિંગ મુઝરબાનીએ 4 અને વૈભવ અરોરાએ 2 વિકેટ ઝડપી હતી.

SRH તરફથી હેનરિક ક્લાસેને શાનદાર ફિફ્ટી ફટકારી હતી. તેણે 4 વિકેટ પડી ગયા બાદ નીતિશ રેડ્ડી સાથે મળીને 82 રનની ભાગીદારી કરી અને ટીમને 200 રનના આંકડાને પાર પહોંચાડી હતી. રેડ્ડીએ બેટિંગમાં 39 રન બનાવ્યા બાદ બોલિંગમાં પણ 2 વિકેટ ઝડપી હતી. તેના સિવાય ઈશાન મલિંગાને 2 અને જયદેવ ઉનડકટને 3 વિકેટ મળી હતી.



કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR): અજિંક્ય રહાણે (કેપ્ટન), કેમરૂન ગ્રીન, અંગક્રિશ રઘુવંશી (વિકેટકીપર), રિંકુ સિંહ, રમણદીપ સિંહ, અનુકુલ રોય, સુનીલ નારાયણ, વરુણ ચક્રવર્તી, વૈભવ અરોરા, કાર્તિક ત્યાગી અને બ્લેસિંગ મુઝરાબાની.

સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH): ઈશાન કિશન (કેપ્ટન અને વિકેટકીપર), અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, હેનરિક ક્લાસેન, અનિકેત વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, સલિલ અરોરા, હર્ષ દુબે, શિવાંગ કુમાર, જયદેવ ઉનડકટ અને ડેવિડ પેને. બીજી ઓવરમાં કોલકાતાએ પહેલી વિકેટ પણ ગુમાવી દીધી. ઓવરના બીજા બોલે હર્ષ દુબેએ ગુડ લેન્થ પર અંડરકટ ફેંક્યો હતો. ફિન એલેને સામેની તરફ શોટ રમ્યો, પરંતુ હર્ષને જ કેચ આપી બેઠો. એલેને 7 બોલમાં 28 રન બનાવ્યા. કોલકાતાએ પહેલી ઓવરમાં 25 રન બનાવ્યા. અજિંક્ય રહાણેએ ડેવિડ પેન સામે પહેલા બોલે સિંગલ લીધો હતો. ત્યારબાદ ફિન એલેને 2 છગ્ગા અને 3 ચોગ્ગા ફટકારીને સ્કોર 25 રન સુધી પહોંચાડી દીધો. સનરાઈઝર્સ હૈદરાબાદે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 226 રન બનાવ્યા છે. આ આ સીઝનનો બેસ્ટ સ્કોર છે. આ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે SRH સામે જ 224 રન બનાવ્યા હતા.

SRH તરફથી હેનરિક ક્લાસેને 52, નીતિશ રેડ્ડીએ 39, અભિષેક શર્માએ 48 અને ટ્રેવિસ હેડે 46 રન બનાવ્યા. કોલકાતા માટે બ્લેસિંગ મુઝરબાનીએ 4 અને વૈભવ અરોરાએ 2 વિકેટ ઝડપી. કાર્તિક ત્યાગી અને અનુકુલ રોયને 1-1 વિકેટ મળી.

IPL

### અભિષેકની હૈદરાબાદ માટે 100 સિક્સર પૂરી

# અભિષેક શર્મા OUT કે NOT OUT?:KKR સામે કેચ આઉટ પર વિવાદ, કોચ પણ આશ્ચર્ય પામ્યા

## કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રિંકુ સિંહ 41 કેચ સાથે સૌથી વધુ ફિલ્ડ કેચ લેનાર ખેલાડી બન્યા છે

• કોલકાતા

IPLમાં ગુરુવારે સનરાઈઝર્સ હૈદરાબાદે કોલકાતા નાઈટ રાઈડર્સને 65 રનથી હરાવ્યું. ઈડન ગાર્ડન્સમાં કોલકાતાની હારનું મુખ્ય કારણ બે મહત્વપૂર્ણ રનઆઉટ હતા. પહેલા કેમરન ગ્રીન અને પછી અંગક્રિષ રઘુવંશી રનઆઉટ થયા. હૈદરાબાદ માટે અભિષેક શર્માએ 100 IPL સિક્સ પૂરા કર્યા.

કોલકાતાના કેપ્ટન અજિંક્ય રહાણે પોતાની 200મી IPL મેચ રમવા ઉતર્યા. તેઓ આવું કરનાર 11મા ખેલાડી બન્યા. તેમની પહેલા એમએસ ધોની, રોહિત શર્મા, વિરાટ કોહલી અને શિખર ધવન જેવા ભારતીય દિગ્ગજો પણ મેચોની ડબલ સેન્ચુરી પૂરી કરી ચૂક્યા છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ માટે ડેવિડ વોર્નરે સૌથી વધુ 143 સિક્સ લગાવ્યા છે. અભિષેક શર્મા 101 સિક્સ સાથે બીજા નંબર પર પહોંચી ગયા છે. આ ઉપરાંત હેનરિક ક્લાસનના નામે 89, કેન વિલિયમસનના 64 અને ટ્રેવિસ હેડના 50 સિક્સ નોંધાયેલા છે.

કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રિંકુ સિંહ 41 કેચ સાથે સૌથી વધુ ફિલ્ડ કેચ લેનાર ખેલાડી બન્યા છે. તેમના પછી આન્દ્રે રસેલ 40 કેચ સાથે



બીજા, સુનીલ નારાયણ 36 કેચ સાથે ત્રીજા અને મનોજ તિવારી 30 કેચ સાથે ચોથા સ્થાને છે.

ફિન એલને પહેલી ઓવરમાં 24 રન બનાવ્યા. તે IPLની કોઈ પણ ઈનિંગ્સની પહેલી ઓવરમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓમાં પૃથ્વી શૉ સાથે બીજા સ્થાને છે. પહેલી ઓવરમાં સૌથી વધુ રન 26 છે, જે યશસ્વી જયસ્વાલે બનાવ્યા હતા. મેચ દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદના બેટર અભિષેક શર્માની વિકેટ ચર્ચાનો મોટો વિષય બની ગઈ. તેના આઉટ થવાની રીતને લઈને મેદાન પર જ વિવાદની સ્થિતિ સર્જાઈ. ડાબા હાથના આ બેટરે ઝડપી શરૂઆત કરતા શાનદાર ઈનિંગ્સ રમી, પરંતુ અડધી સદી પહેલા જ તેની ઈનિંગ્સ પર બ્રેક લાગી ગઈ. બ્લેસિંગ મુઝારાબાનીના શોર્ટ બોલ પર પુલ શોટ રમવાના પ્રયાસમાં બોલ ડીપ સ્ક્વેર લેગની દિશામાં ગયો, જ્યાં વરુણ ચક્રવર્તીએ ઝડપથી દોડીને નીચો કેચ પકડવાનો દાવો કર્યો. જોકે, આ કેચ સ્પષ્ટ હતો કે નહીં, તે અંગે તરત જ સવાલો ઉભા થયા. જ્યાં કોલકાતાના ખેલાડીઓ ઉજવણી કરવા લાગ્યા, ત્યાં અભિષેક શર્મા ક્રિઝ પર જ ઉભા રહ્યા અને તેમણે કેચની કાયદેસરતા પર શંકા વ્યક્ત કરી. મામલો ઓન-ફિલ્ડ અમ્પાયરથી થર્ડ અમ્પાયર પાસે પહોંચ્યો. થર્ડ અમ્પાયર નિતિન મેનને ઘણા એંગલથી રિપ્લે જોયા. કેટલાક ફૂટેજમાં એવું લાગ્યું કે બોલ ફિલ્ડરની આંગળીઓ નીચે સુરક્ષિત હતો, જ્યારે અન્ય એંગલથી શંકા થઈ કે બોલ જમીનને સ્પર્શી શકે છે. એક રિપ્લેમાં બોલ સહેજ ઉપર ઉછળતો પણ દેખાયો, જેનાથી ભ્રમ વધુ વધ્યો. સ્પષ્ટતા ન મળવાની સ્થિતિમાં ઓન-ફીલ્ડ અમ્પાયરનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો અને અભિષેકને આઉટ જાહેર કરવામાં આવ્યો. આ નિર્ણયથી સનરાઈઝર્સ હૈદરાબાદના કેમ્પમાં નારાજગી જોવા મળી. ટીમના મુખ્ય કોચ ડેનિયલ વિટ્ટોરી પણ અમ્પાયરો સાથે વાતચીત કરતા જોવા મળ્યા અને નિર્ણય પર અસંતોષ વ્યક્ત કર્યો.હૈદરાબાદે મધ્ય પ્રદેશથી ઘરેલું ક્રિકેટ રમતા લેફ્ટ આર્મ ચાઈનામેન સ્પિનર શિવાંગ કુમારને ડેબ્યૂ કેપ સોંપી.ચોથી ઓવરમાં કોલકાતાના કેપ્ટન અજિંક્ય રહાણેથી ટ્રેવિસ હેડનો કેચ છૂટી ગયો. ઓવરના પાંચમા બોલ પર સુનીલ નારાયણે ગુડ લેન્થ પર ઓફ સ્પિન ફેંકી. હેડ આગળ નીકળીને મોટો શોટ રમવા ગયો, પરંતુ બોલ હવામાં ઉછળી ગયો. રહાણે પાછળની તરફ દોડીને બોલ નીચે આવ્યો, પરંતુ કેચ પકડી શક્યો નહીં.8.4 ઓવરમાં અભિષેક શર્મા આઉટ થઈ ગયા. બ્લેસિંગ મુજરબાનીએ 112 કિમી/કલાકની ધીમી શોર્ટ ઓફ લેન્થ બોલ ફેંક્યો. અભિષેક શર્માએ પુલ શોટ રમ્યો. બોલ ડીપ સ્ક્વેર લેગ તરફ ગયો. બાઉન્ડ્રી પર હાજર વરુણ ચક્રવર્તી ઝડપથી પોતાની જમણી બાજુ દોડ્યા. નીચે ઝૂકીને શાનદાર ડાઈવ લગાવી અને કેચ પકડી લીધો. અભિષેક પોતાની અડધી સદી પૂરી કરી શક્યા નહીં અને 21 બોલમાં 48 રન બનાવીને આઉટ થયા.19મી ઓવરમાં વૈભવ અરોરાએ 2 વિકેટ ઝડપી લીધી. તેણે પ્રથમ બોલ પર નીતિશ રેડ્ડીને વરુણ ચક્રવર્તીના હાથે કેચ કરાવ્યો. રેડ્ડીએ 39 રન બનાવ્યા.

### અનિલ ગુરવનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયો હતો

# બઈના 'વિવિયન રિચર્ડ્સ'નો કરુણ અંત, જાણો તેંદુલકર-કાંબલી યુગના એક 'મહાન' ક્રિકેટરનું પતન કેવી રીતે થયું!

## 'ભવિષ્યનો ગાવસ્કર' અને 'સચિન પહેલાનો સ્ટાર' કહેવાયેલા અનિલ ગુરવની કરુણ કહાની

મુંબઈ જ નહીં, દેશભરની ક્રિકેટ દુનિયામાં એક નામની બોલબાલા હતી, અનિલ ગુરવ. આજે આ નામ એક કરુણ યાદ બનીને રહી ગયું છે. 31 માર્ચ, 2026ના રોજ 61 વર્ષની વયે અનિલ ગુરવનું નાલાસોપારામાં અવસાન થયું. એક સમય હતો જ્યારે લોકો તેને 'મુંબઈનો વિવિયન રિચાર્ડ્સ' કહીને સંબોધતા, પરંતુ અંતે એ જ ખેલાડી ગુમનામીમાં ધકેલાઈ ગયો અને સંઘર્ષમાં જીવતા-જીવતા જ દુનિયાને અલવિદા કહી ગયો.

અનિલ ગુરવનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયો હતો. સચિન તેંદુલકર અને વિનોદ કાંબલી સહિત અનેક ક્રિકેટરોના પ્રખ્યાત કોચ રમાકાંત આચરેકરે જ તેમની પ્રતિભા નિખારી હતી. અનિલ ગુરવ એટલી પરફેક્ટ




બેટિંગ કરતા હતા કે, તે સમયના યુવા ક્રિકેટરો માટે તે જીવતી જાગતી પ્રેરણા સમાન હતા. આચરેકર ખુદ બીજા ખેલાડીઓને અનુલ ગુરવની બેટિંગ જોવાનું કહેતા. તેંદુલકર-કાંબલી જેવા ખેલાડીઓ પણ તેમને જોઈને ટેક્નિક શીખતા હતા.

પ્રખ્યાત કોચ રમાકાંત આચરેકર નેટ પ્રેક્ટિસ વખતે કોઈ બેટ્સમેનથી પ્રભાવિત થાય, ત્યારે તેના સ્ટમ્પ પર સિક્કો મૂકીને તેને એક ચેલેન્જ આપતા કે, આખું સેશન આઉટ થયા વગર રમી બતાવો! જો બેટ્સમેન નોટઆઉટ રહે, તો સિક્કો તેનું ઈનામ બની જતો, નહીં તો તેને આઉટ કરનારા બોલરને મળતો. આ પરંપરા પ્રતિભાની કસોટી અને આત્મવિશ્વાસ બંનેનું પ્રતીક હતી. આ રીતે મૂકાયેલા અનેક સિક્કા તેંદુલકરે જીત્યા હતા. તેંદુલકર અગાઉ આ સન્માન અનિલ ગુરવને મળતું હતું. તેઓ આચરેકર સાહેબના સૌથી પ્રિય શિષ્યોમાંના એક હતા.અનિલ ગુરવને 'મુંબઈનો વિવિયન રિચાર્ડ્સ' ઉપનામ અમસ્તું જ નહોતું મળ્યું. તેમની બેટિંગ શૈલી એટલી જબરદસ્ત હતી કે, આ ઉપનામ તેની પ્રતિભા સાથે જોડાઈ ગયું. ક્રીઝ પર ઉતરતી વખતે એનામાં એક અલગ જ આત્મવિશ્વાસ જોવા મળતો. સ્ક્વેર કટ, હૂક અને લેગ સાઈડના તેના શોટ્સમાં એટલી શક્તિ અને ચોકસાઈ હતી કે દર્શકો તાળી પાડવા મજબૂર થઈ જતા. તેની રમત જોનારા ઘણાં લોકો માનતા કે અનિલ ભવિષ્યનો સુનિલ ગાવસ્કર બનશે, એ નક્કી છે. અનિલ ગુરવના જીવનમાં સૌથી રસપ્રદ અને ચર્ચિત કિસ્સામાંનો એક, તેમનું સચિન તેંદુલકર સાથેનું જોડાણ છે. શારદાશ્રમ વિદ્યામંદિરમાં ક્રિકેટની તાલીમ લેતાં ત્યારે અનિલ ગુરવ સચિનના સીનિયર હતા. કહેવાય છે કે અનિલ ગુરવે આપેલા બેટથી જ સચિને સ્પર્ધાત્મક ક્રિકેટમાં પોતાની પહેલી સદી ફટકારી હતી. તેંદુલકરે અનિલ ગુરવ પાસેથી કટ અને હુક શોટની ટિપ્સ પણ લીધી હતી.

# 'મારાથી બળતરાં થાય છે લોકોને, એજન્ડા ચલાવે છે...', KKRનો કેપ્ટન અજિંક્ય રહાણે ભડક્યો

સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચમાં 65 રનથી મળેલી કારમી હાર બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના કેપ્ટન અજિંક્ય રહાણેનો રૂદ્ર અવતાર જોવા મળ્યો હતો. સામાન્ય રીતે મેદાન પર શાંત જણાતા રહાણેએ પ્રેસ કોન્ફરન્સમાં ટીકાકારો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'કેટલાક લોકો મારી સામે સોશિયલ મીડિયા પર એજન્ડા ચલાવી રહ્યા છે.' સતત બીજી હાર બાદ જ્યારે રહાણેને તેના સ્ટ્રાઈક રેટ અને બેટિંગ અભિગમ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે રોષે ભરાઈને કહ્યું કે, 'વર્ષ 2023થી મારો સ્ટ્રાઈક રેટ સર્વશ્રેષ્ઠ રહ્યો છે. જે લોકો મારા વિશે વાતો કરે છે તેઓ કાં તો મેચ જોતા નથી અથવા તો મારી સામે કોઈ ખાસ એજન્ડા ધરાવે છે. કદાચ લોકોને મને રમતા જોવો ગમતો નથી અથવા તેઓ મારી સફળતાની ઈર્ષ્યા કરે છે.'હકીકતમાં, આંકડા પણ રહાણેના દાવાને સંપૂર્ણપણે રદિયો આપતા નથી. 2023થી પાવરપ્લેમાં (ઓવર 1-6) તેનો સ્ટ્રાઈક રેટ 167.78 છે, જે આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા 300 બોલનો સામનો કરનારા બેટરોમાં ચોથા ક્રમે છે. ટ્રેવિસ હેડ (187.98), અભિષેક શર્મા (176.56) અને ફિલ સોલ્ટ (173.8) આ યાદીમાં તેનાથી આગળ છે, જ્યારે યશસ્વી જયસ્વાલ તેનાથી નીચે છે.સનરાઈઝર્સ



સામેની મેચમાં રહાણે પોતે માત્ર 8 રન બનાવી આઉટ થયો હતો. 227 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા KKRની ટીમ માત્ર 161 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ એક સમયે 120 રને 3 વિકેટની મજબૂત સ્થિતિમાં હતી, પરંતુ ત્યારબાદ માત્ર 41 રનમાં બાકીની 7 વિકેટો ગુમાવી દીધી હતી. હાર માટે પિચને દોષ આપવાને બદલે રહાણેએ સ્વીકાર્યું કે બોલરોએ 10 ઓવર પછી સારી વાપસી કરી હતી, જેના કારણે SRH 250-260 રન સુધી પહોંચી શક્યું નહીં. રહાણેએ સ્પષ્ટ કર્યું કે તે લોકોના કહેવા પર પોતાની બેટિંગ શૈલી બદલશે નહીં. તેણે કહ્યું, 'મને મારી સ્ટાઈલ પર પૂરો વિશ્વાસ છે. એ સારું છે કે લોકો મારા વિશે વાત કરે છે, પછી તે પોઝિટિવ હોય કે નેગેટિવ, મને તેનાથી કોઈ ફરક પડતો નથી.' KKR માટે આગામી મેચોમાં વાપસી કરવી અનિવાર્ય બની ગઈ છે, ત્યારે કેપ્ટનનો આ આક્રમક મૂડ ટીમના પ્રદર્શનમાં કેવો ફેરફાર લાવે છે તે જોવું રહ્યું.

# કર્ણાટકમાં IPLની ટિકિટ મામલે બબાલ! ભાજપના ધારાસભ્યએ કહ્યું - VIP કલ્ચર ખતમ કરો

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે હવે કર્ણાટકમાં IPLની ટિકિટ મામલે વિવાદ ઊભો થયો છે. ભાજપના ધારાસભ્ય એસ. સુરેશ કુમારે ધારાસભ્યોને આપવામાં આવી રહેલી ટિકિટ લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને તેને 'VIP કલ્ચર' ગણાવ્યું છે. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે કર્ણાટક ક્રિકેટ એસોસિએશન દરેક ધારાસભ્યને IPL મેચ માટે બે ટિકિટ આપશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહી છે.

એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણય બાદ સુરેશ કુમારે વિધાનસભા અધ્યક્ષ યુટી ખાદરને પત્ર લખીને ટિકિટ લેવાનો ઈનકાર કરી દીધો. તેમણે કહ્યું કે, 'મારા વિવેક પ્રમાણે હું IPLની કોઈપણ ટિકિટ કે પાસ નહીં સ્વીકારીશ, તેથી મારા નામે કોઈ ટિકિટ જારી ન કરવી.' તેમણે રાજ્ય સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'જે સરકાર ખુદને સમાજવાદી ગણાવે છે, તે જ સરકાર 'VIP કલ્ચર'ને પ્રોત્સાહન આપી રહી છે. આ 'VIP કલ્ચર' ખતમ કરો વિધાનસભામાં સામાન્ય જનતાના મુદ્દાઓને બદલે ટિકિટ અને સુવિધાઓ પર ચર્ચા થવી એ દુર્ભાગ્યપૂર્ણ છે.'આ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જેમને ટિકિટ નથી જોઈતી તેમણે ના લેવી. જેમને મેચ જોવાની ઈચ્છા છે તેઓ જઈ શકે છે. ભૂતકાળમાં પણ ધારાસભ્યોને ટિકિટ મળતી જ હતી, પરંતુ આ વખતે આ સંખ્યા વધારીને 2 કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, IPL 2026ની શરૂઆત બેંગલુરુમાં થઈ, જ્યાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે પ્રથમ મેચ રમાઈ. જ્યાં RCBએ ધમાકેદાર જીત નોંધાવી. સુરેશ કુમારે ગત વર્ષની દુર્ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યારે RCBના જીતના જશ્ન દરમિયાન સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગમાં 11 લોકો મૃત્યુ પામ્યા હતા.તેમણે કહ્યું કે તે ઘટના પર દુઃખ વ્યક્ત કર્યા બાદ હવે તે જ IPL ટિકિટોની ચર્ચા થવી એ જનતાની વચ્ચે નેતાઓની છબીને નુકસાન પહોંચાડી રહી છે. તેમણે અંતમાં કહ્યું કે, જો નેતાઓ VIP કલ્ચરને પ્રોત્સાહન આપતા રહેશે, તો જનતાની નજરમાં તેમની છબી વધુ ખરાબ થશે.

# ઘરની મહિલાઓ જ ક્રિકેટર્સને નિવૃત્તિ લેવા ઈન્ફ્લુએન્સ કરે છે? યોગરાજ સિંહનું ચોંકાવનારું નિવેદન

પૂર્વ ભારતીય ક્રિકેટર અને દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહે એક સનસનીખેજ નિવેદન આપ્યું છે. યોગરાજ સિંહે કહ્યું કે, 'ઘરની મહિલાઓ અને પત્નીઓ ખેલાડીઓને નિવૃત્તિ લેવા અને કરિયર સબંધિત નિર્ણય લેવા માટે ઈન્ફ્લુએન્સ કરે છે.' યોગરાજ સિંહ આવા નિવેદનો સતત આપતા રહે છે. તેમણે એમ પણ કહ્યું કે, 'ખેલાડીઓએ ત્યાં સુધી રમવું જોઈએ, જ્યાં સુધી તેઓ સારું પ્રદર્શન કરે છે.' યોગરાજ સિંહે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'ઘરની મહિલાઓ, તમારી પત્નીઓ, તેઓ કોચિંગ શરૂ કરે છે, તમને કહે છે કે તમારો નિવૃત્તિ લેવાનો સમય આવી ગયો છે, પરિવારની તથા બાળકોની સંભાળ રાખવાનો સમય આવી ગયો છે, ચાલો બાળકો સાથે એન્જોય કરીએ. તેથી મારું માનવું છે કે, મહિલાઓએ એક મહાન ખેલાડીના ભવિષ્યની વચ્ચે ન આવવું જોઈએ. ફકીર અને ખેલાડી આ બંનેનો કોઈ ધર્મ નથી, કોઈ વર્ગ નથી, તેઓ ભગવાનના હોય છે.' 1980ના દાયકાની શરૂઆતમાં એક ટેસ્ટ અને 6 વનડે રમનાર યોગરાજ સિંહે આ જ ઈન્ટરવ્યુમાં ઉંમર અને નિવૃત્તિ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે વિરાટ કોહલી અને રોહિત શર્મા પર પણ તીખો કટાક્ષ કર્યો હતો. કોહલીએ 2024ના T20 વર્લ્ડ કપ પછી T20I ઈન્ટરનેશનલ ક્રિકેટથી અને ઈંગ્લેન્ડના પ્રવાસ પહેલા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

### શમીનો સવાલ રેકોર્ડ જોઈ લો, શું હું T20 બોલર નથી?

# 'મેં 5-6 વર્ષમાં 130 વિકેટો લીધી, છતાં મને T20 બોલર નથી સમજતા...', શમીનું દર્દ છલકાયું

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી છેલ્લા એક વર્ષથી વ્હાઈટ બોલ ક્રિકેટ (T20 અને ODI) થી બહાર છે. વનડેમાં સૌથી ઝડપી 200 વિકેટ લેવાનો રેકોર્ડ ધરાવતા શમીને T20 ફોર્મેટ માટે લાયક ગણવામાં નહી આવતા હવે તેમણે મૌન તોડ્યું છે. એક પોડકાસ્ટમાં શમીએ પસંદગીકારો અને સિસ્ટમ સામે પોતાનો રોષ ઠાલવ્યો છે.

એક પોડકાસ્ટમાં મોહમ્મદ શમીએ આક્રમક અંદાજમાં કહ્યું કે, 'છેલ્લા 5-6 વર્ષનો રેકોર્ડ ઉઠાવીને જોઈ લો. જો કોઈ ભારતીય બોલર મારી આસપાસ પણ હોય (IPL માં પણ), તો પણ મને T20 બોલર કેમ નથી ગણવામાં આવતો? મેં લગભગ 130 જેટલી વિકેટ લીધી છે, એક



બોલર પાસેથી બીજું તમે શું અપેક્ષા રાખો છો?' જ્યારે હોસ્ટે પૂછ્યું કે, 'શું તમે PR (પબ્લિક રિલેશન્સ) પાછળ પૈસા ખર્ચ નથી કરતા એટલે આવું થાય છે?'ત્યારે શમીએ ટૂંકો પણ સૂચક જવાબ આપતા કહ્યું, 'કદાચ હોઈ શકે છે.' મોહમ્મદ શમીએ ભારત માટે છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ 2025 ચેમ્પિયન્સ ટ્રોફીનો ફાઈનલ રમી હતી. જેમાં રોહિત શર્માની કેપ્ટનશીપમાં ભારત વિજેતા બન્યું હતું. આ ટુર્નામેન્ટમાં શમી સંયુક્ત રીતે ભારતનો સૌથી સફળ બોલર હતો. આટલા શાનદાર પ્રદર્શન અને ડોમેસ્ટિક ક્રિકેટમાં સારા ફોર્મ છતાં તેમને એશિયા કપ કે T20 વર્લ્ડ કપના સ્ક્વોડમાં જગ્યા મળી નથી. શમીનો IPL રેકોર્ડ તેમની ક્ષમતાની સાક્ષી પૂરે છે કે, 2019 થી 2021 (પંજાબ કિંગ્સ): સતત 19-20 વિકેટ ઝડપી. 2022-2023 (ગુજરાત ટાઈટન્સ): 2022માં 20 વિકેટ અને 2023માં 28 વિકેટ સાથે પર્પલ કેપ જીતી. 2025 (SRH): ગત સિઝન હૈદરાબાદ માટે નબળી રહી, જ્યાં 9 મેચમાં માત્ર 6 વિકેટ મળી હતી. હાલમાં શમી લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) નો હિસ્સો છે. 35 વર્ષની ઉંમરે પહોંચેલા શમી માટે હવે 2027 ના વનડે વર્લ્ડ કપમાં રમવું મુશ્કેલ જણાઈ રહ્યું છે. પસંદગીકારોના વલણ અને શમીના આ ખુલાસાએ ક્રિકેટ જગતમાં નવી ચર્ચા જગાવી છે.

### ગીતો દ્વારા દારૂ અને ગન કલ્ચરને પ્રોત્સાહન આપવાનો આરોપ

# અધિકારીએ હની સિંહના ગીતો પર ચિંતા વ્યક્ત કરી:પોલીસ કમિશનરને લખ્યો પત્ર

## PTIના રિપોર્ટ અનુસાર, જાધવે પોલીસ ડિપાર્ટમેન્ટને હની સિંહના કાર્યક્રમની સામગ્રી સામાજિક રીતે જવાબદાર અને બાળકોની સુરક્ષાના નિયમો અનુસાર બનાવવાનું કહ્યું છે

સિંગર હની સિંહના મહારાષ્ટ્રના પુણેમાં યોજાનાર કોન્સર્ટને લઈને વિવાદ ઊભો થયો છે. પુણે જિલ્લા બાળ સંરક્ષણ અધિકારી મંગેશ જાધવે શહેરના પોલીસ કમિશનર અમિતેશ કુમારને પત્ર લખીને હની સિંહના ગીતો પર ચિંતા વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તેમના ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને ગન કલ્ચરને પ્રોત્સાહન આપવામાં આવે છે.PTIના રિપોર્ટ અનુસાર, જાધવે પોલીસ ડિપાર્ટમેન્ટને હની સિંહના કાર્યક્રમની સામગ્રી સામાજિક રીતે જવાબદાર અને બાળકોની સુરક્ષાના નિયમો અનુસાર બનાવવાનું કહ્યું છે. આ પત્ર ગુરુવારે ચંદીગઢના ડો. પંડિતરાવ ધરેનવર દ્વારા મહારાષ્ટ્ર મહિલા અને બાળ વિકાસ વિભાગમાં કરવામાં આવેલી ફરિયાદ બાદ લખવામાં આવ્યો હતો.પત્રમાં કહેવામાં આવ્યું છે કે હનીના ગીતો, જેમ કે વન બોટલ ડાઉન, ચાર બોટલ વોડકા, મનાલી ટ્રાન્સ, ધીસ પાર્ટી ગેટિંગ હોટ, મખના, ગોલિયાં અને મિલિયોનેર માં વાંધાજનક સામગ્રી છે. તેમાં તેમના લાઈવ કોન્સર્ટમાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની હાજરી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જાધવે 28 માર્ચે મુંબઈમાં યોજાયેલા એક શોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં સ્ટેજ પર કથિત રીતે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ શો હની સિંહના માય સ્ટોરી ટૂરનો ભાગ હતો, જેમાં મિલિયોનેર, દેસી કલાકાર, માફિયા મુંડીર અને ડોપ શોપ જેવા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. પત્રમાં પોલીસ કમિશનરને કાર્યક્રમની સામગ્રીને કાયદા અને બાળ સંરક્ષણના ધોરણો અનુસાર રાખવા માટે જરૂરી પગલાં લેવા જણાવ્યું છે. બીજી તરફ, પુણેમાં હની સિંહનો યોજાનારો લાઈવ શો સ્થગિત કરી






દેવામાં આવ્યો છે. આ શો પહેલા 4 એપ્રિલે યોજાવાનો હતો, પરંતુ ખરાબ હવામાનને કારણે તેને ટાળી દેવામાં આવ્યો. વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો. હવે આ શો 18 એપ્રિલ 2026 ના રોજ યોજાશે. આ સાથે, અગાઉથી ખરીદેલ ટિકિટો નવી તારીખ માટે માન્ય રહેશે. સિંગર હની સિંહના મહારાષ્ટ્રના પુણેમાં યોજાનાર કોન્સર્ટને લઈને વિવાદ ઊભો થયો છે. પુણે જિલ્લા બાળ સંરક્ષણ અધિકારી મંગેશ જાધવે શહેરના પોલીસ કમિશનર અમિતેશ કુમારને પત્ર લખીને હની સિંહના ગીતો પર ચિંતા વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તેમના ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને ગન કલ્ચરને પ્રોત્સાહન આપવામાં આવે છે.PTIના રિપોર્ટ અનુસાર, જાધવે પોલીસ ડિપાર્ટમેન્ટને હની સિંહના કાર્યક્રમની સામગ્રી સામાજિક રીતે જવાબદાર અને બાળકોની સુરક્ષાના નિયમો અનુસાર બનાવવાનું કહ્યું છે. આ પત્ર ગુરુવારે ચંદીગઢના ડો. પંડિતરાવ ધરેનવર દ્વારા મહારાષ્ટ્ર મહિલા અને બાળ વિકાસ વિભાગમાં કરવામાં આવેલી ફરિયાદ બાદ લખવામાં આવ્યો હતો.પત્રમાં કહેવામાં આવ્યું છે કે હનીના ગીતો, જેમ કે વન બોટલ ડાઉન, ચાર બોટલ વોડકા, મનાલી ટ્રાન્સ, ધીસ પાર્ટી ગેટિંગ હોટ, મખના, ગોલિયાં અને મિલિયોનેર માં વાંધાજનક સામગ્રી છે. તેમાં તેમના લાઈવ કોન્સર્ટમાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની હાજરી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જાધવે 28 માર્ચે મુંબઈમાં યોજાયેલા એક શોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં સ્ટેજ પર કથિત રીતે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ શો હની સિંહના માય સ્ટોરી ટૂરનો ભાગ હતો, જેમાં મિલિયોનેર, દેસી કલાકાર, માફિયા મુંડીર અને ડોપ શોપ જેવા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.પત્રમાં પોલીસ કમિશનરને કાર્યક્રમની સામગ્રીને કાયદા અને બાળ સંરક્ષણના ધોરણો અનુસાર રાખવા માટે જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.પુણેમાં હની સિંહનો શો ટળ્યો, ખરાબ હવામાન કારણ બીજી તરફ, પુણેમાં હની સિંહનો યોજાનારો લાઈવ શો સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ શો પહેલા 4 એપ્રિલે યોજાવાનો હતો, પરંતુ ખરાબ હવામાનને કારણે તેને ટાળી દેવામાં આવ્યો. વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો. હવે આ શો 18 એપ્રિલ 2026 ના રોજ યોજાશે. આ સાથે, અગાઉથી ખરીદેલ ટિકિટો નવી તારીખ માટે માન્ય રહેશે.

### કોર્ટે વધારાનો સમય આપવાનો ઈનકાર કર્યો

# ચેક બાઉન્સ કેસની સુનાવણી દરમિયાન રાજપાલ ભાવુક થયા:કહ્યું- પાંચ વાર વધુ જેલમાં મોકલી દો

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે એક્ટર રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં બાકી રકમ ચૂકવવા માટે વધારાનો સમય આપવાનો ઈનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર થયેલા રાજપાલ ભાવુક થઈ ગયા હતા. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, કોર્ટે 6 કરોડ રૂપિયા ચૂકવવા માટે 30 દિવસનો સમય આપવાની માંગને ફગાવી દેતા કહ્યું કે, "ના એટલે ના. ચુકાદો સુરક્ષિત રાખવામાં આવી રહ્યો છે અને સમય નહીં મળે." સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે જો ચુકવણી કરવાની ઈચ્છા હોય તો વિલંબ શા માટે થઈ રહ્યો છે. કોર્ટે કહ્યું, "તમે કહી રહ્યા છો કે તમે ચુકવણી કરવા માંગો છો, પરંતુ તમારા વકીલ કહી રહ્યા છે કે જેલમાં જઈ ચૂક્યા છો, તેથી ચુકવણી નહીં કરો. જો તમે ચુકવણી કરવા માંગો છો, તો પછી કેસની સુનાવણી શા માટે થઈ રહી છે. ચુકવણી કરી દો."કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે કોર્ટમાં જણાવ્યું કે સજા પૂરી કરવાથી નાણાકીય જવાબદારી સમાપ્ત થતી નથી. વકીલ અવનીત સિંહ સિક્કાએ દલીલ કરી કે રાજપાલ યાદવ 10 કરોડ રૂપિયાની ચુકવણી ન કરવાની વાત સ્વીકારી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે ચુકવણી ન થયા પછી જ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કુલ 7.75 કરોડ રૂપિયા હજુ પણ બાકી છે, જ્યારે ટ્રાયલ કોર્ટ પહેલા લગભગ 2 કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા.સુનાવણી દરમિયાન અદાલતે વન-ટાઈમ સેટલમેન્ટની શક્યતા પણ શોધી. કોર્ટે સંકેત આપ્યો કે જો ઓછા સમયમાં 6 કરોડ રૂપિયા આપવામાં આવે તો વિવાદ ઉકેલાઈ શકે છે, જેના પર ફરિયાદી પણ સહમત દેખાયા.રાજપાલ યાદવે કહ્યું, "તેમણે મારી પાસેથી 17 કરોડ રૂપિયા લઈ લીધા છે. મારા પાંચ ફ્લેટ વેચવા પડ્યા છે. હું ફરીથી કોર્ટમાં જવા માટે તૈયાર છું. હું ભાવુક નથી, મને પાંચ વાર વધુ જેલમાં મોકલી દો." આ પછી તેઓ લગભગ 12 દિવસ જેલમાં રહ્યા બાદ 1.5 કરોડ રૂપિયા જમા કરાવવાની શરતે વચગાળાના જામીન પર 16 ફેબ્રુઆરીના રોજ બહાર આવ્યા હતા. જોકે, જ્યારે તેમણે રકમ એકત્ર કરવા માટે 30 દિવસનો સમય માંગ્યો ત્યારે અદાલતે ઈનકાર કરી દીધો. સમાધાન ન થતાં હાઈકોર્ટે આ કેસમાં પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો. વર્ષ 2010માં રાજપાલ યાદવે ફિલ્મ અતા પતા લાપતા બનાવવા માટે પ્રાઈવેટ કંપની મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 5 કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી અને રાજપાલ યાદવને આર્થિક તંગીનો સામનો કરવો પડ્યો. રાજપાલ યાદવ સમયસર લોનની રકમ પરત કરી શક્યા નહીં. લોન લેતી વખતે રાજપાલ યાદવે કંપનીને જે ચેક આપ્યા હતા, તે બાઉન્સ થયા, ત્યારબાદ એક્ટર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી. બંને પક્ષો વચ્ચે સમાધાન છતાં સંપૂર્ણ ચુકવણી થઈ નહીં અને સમય જતાં વ્યાજ ઉમેરાતું ગયું, જેના કારણે કુલ લોન ઘણી વધી ગઈ. ફિલ્મ 'અતા પતા લાપતા' 2012માં રિલીઝ થઈ હતી. તેમાં રાજપાલ યાદવે મુખ્ય ભૂમિકા પણ ભજવી હતી. વર્ષ 2018માં દિલ્હીની કડકડડૂમા કોર્ટે રાજપાલ યાદવને દોષિત ઠેરવ્યા અને તેમને છ મહિનાની જેલની સજા સંભળાવી. આ પછી તેમણે હાઈકોર્ટમાં અપીલ કરી, જ્યાં તેમને ઘણી વખત રાહત મળી, કારણ કે તેમણે ચુકવણી અને સમાધાનનું આશ્વાસન આપ્યું હતું. જોકે, ફેબ્રુઆરી 2026ની શરૂઆતમાં દિલ્હી હાઈકોર્ટે એક્ટરને અગાઉ આપવામાં આવેલી છૂટછાટો અને સમયમર્યાદા વધારવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે તેમને 4 ફેબ્રુઆરી સુધીમાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો, ત્યારબાદ તેમણે 5 ફેબ્રુઆરીના રોજ સાંજે લગભગ 4 વાગ્યે આત્મસમર્પણ કર્યું હતું. આ પછી તેઓ લગભગ 12 દિવસ જેલમાં રહ્યા બાદ 1.5 કરોડ રૂપિયા જમા કરાવવાની શરતે વચગાળાના જામીન પર 16 ફેબ્રુઆરીના રોજ બહાર આવ્યા હતા.



### આર્મીનું સપનું તૂટ્યું, 'એસ્પિરન્ટ્સ'માં SK બની છવાયો!

# અભિલાષ થપલિયાલે કહ્યું- આઉટસાઈડર હોવાનો સૌથી મોટો સંઘર્ષ, ઈન્ડસ્ટ્રીમાં પોતાનું કામ જાતે જ જણાવવું પડે છે

અભિલાષ થપલિયાલ આ દિવસોમાં વેબ સિરીઝ 'એસ્પિરન્ટ્સ'ની સીઝન 3ને લઈને ચર્ચામાં છે, જ્યાં તેનું 'SK'નું પાત્ર દર્શકોના દિલમાં ખાસ સ્થાન બનાવી ચૂક્યું છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં અભિલાષે જણાવ્યું કે આ વખતે પણ શોને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે, ખાસ કરીને મિત્રતા સાથે જોડાયેલા ભાવનાત્મક દ્રશ્યો લોકોને ઊંડાણપૂર્વક સ્પર્શી રહ્યા છે. તેણે કહ્યું કે 'SK'નું પાત્ર એવા લોકોની વાર્તા છે જે જીવનમાં નિષ્ફળ જાય છે, તેથી દર્શકો તેની સાથે પોતાને જોડી શકે છે. અભિલાષે પોતાની કારકિર્દીની શરૂઆત, રેડિયો જોકીથી લઈને ફિલ્મો અને વેબ સિરીઝ સુધીની સફર પણ શેર કરી. તેણે જણાવ્યું કે અભિનય તેમનું પહેલું સપનું નહોતું, પરંતુ આર્મીમાં જોડાવા માંગતો હતો. ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર હોવાને કારણે આવેલી પડકારો અને સતત પોતાને સાબિત કરવાની જરૂરિયાત વિશે પણ તેમણે ખુલીને વાત કરી. પ્રસ્તુત છે કેટલાક મુખ્ય અંશો..

ખૂબ જ શાનદાર. એસ્પિરન્ટ્સ સાથે લોકો પહેલાથી જ જોડાઈ ચૂક્યા છે, તેથી આ વખતે પણ પ્રેમ મળી રહ્યો છે. ખાસ કરીને મિત્રતાના દ્રશ્યો ખૂબ વાયરલ થયા છે. લોકો કહે છે કે જોઈને ભાવુક થઈ ગયા. કારણ કે આ ફક્ત ટોપરની વાર્તા



નથી, પરંતુ તે લોકોની વાર્તા છે જે નિષ્ફળ જાય છે. આપણે બધા ક્યાંક ને ક્યાંક એવું જ અનુભવીએ છીએ, તેથી કનેક્શન બને છે. બિલકુલ નહીં. હું તો આર્મી જોઈન કરવા માંગતો હતો. હું ફોજી પરિવારમાંથી છું, NDA ક્લિયર કરવું સપનું હતું, પણ તે પૂરું ન થયું.

હું દિલ્હીમાં રેડિયો જોકી હતો. ત્યાં જ ફિલ્મ 'તેવર'ના ડિરેક્ટર અમિત શર્મા સાથે મુલાકાત થઈ. તેણે મને ફિલ્મોમાં ટ્રાય કરવાનું કહ્યું. પછી મુંબઈ આવ્યો અને પહેલી ફિલ્મ 'દિલ જંગલી' મળી. શરૂઆતમાં ફિલ્મો વધારે ચાલી નહીં, પછી ટીવી અને કોમેડી શો કર્યા. સોશિયલ મીડિયા પર પોલિટિકલ સટાયર પણ કરતો હતો. પરંતુ સાચી ઓળખ 'એસ્પિરન્ટ્સ'થી મળી. મેં ઓડિશન આપ્યું હતું. પહેલા મને લાગ્યું કે હું 'અભિલાષ'નું પાત્ર ભજવીશ, પરંતુ પછીથી ખબર પડી કે મને 'SK'નો રોલ મળી રહ્યો છે. હા, પણ હું સ્ક્રિપ્ટમાં વધારે ફેરફાર કરતો નથી. જે લખેલું હોય છે, તેને ઈમાનદારીથી ભજવું છું. મારું માનવું છે કે- ઓછા સીન હોય, પણ અસરકારક હોય.ના, મેં કોઈ ઔપચારિક તાલીમ લીધી નથી. જે શીખ્યો, જીવનમાંથી શીખ્યો. અલગ-અલગ જગ્યાએ રહેવાથી અલગ-અલગ ભાષા અને ઉચ્ચારણ પકડવું સરળ થઈ ગયું.આ પછી મને આત્મવિશ્વાસ આવ્યો કે હું પોતાને એક્ટર કહી શકું છું. પછી મેં અનુરાગ કશ્યપ જેવા દિગ્દર્શકો સાથે કામ કર્યું અને અલગ-અલગ ભૂમિકાઓ મળી. 'એસ્પિરન્ટ્સ' પછી મને ઘણા સારા પ્રોજેક્ટ્સ મળ્યા. મેં ફિલ્મ 'બ્લર'માં કામ કર્યું, અનુરાગ કશ્યપ સાથે ફિલ્મ 'કેનેડી'માં કામ કર્યું. અને અશ્વિની ઐયર તિવારી સાથે વેબ સિરીઝ 'ફાડુ'માં કામ કર્યું.

### રામાનંદ સાગરની સિરિયલ 'રામાયણ' (1987)માં વિંદુના પિતા દારા સિંહે હનુમાનનો રોલ ભજવ્યો હતો

# ટીવીના 'હનુમાન'ની 'રામાયણ'ના મેકર્સને સલાહ:વિંદુ દારા સિંહે કહ્યું- જો વાર્તામાં વધુ ફેરફાર કરવામાં આવશે



રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'ને લઈને એક્ટર વિંદુ દારા સિંહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ફિલ્મના વિઝ્યુઅલ્સ શાનદાર છે, પરંતુ જો વાર્તામાં વધુ ફેરફાર થશે તો દર્શકો તેને સ્વીકારશે નહીં. નોંધનીય છે કે રામાનંદ સાગરની સિરિયલ 'રામાયણ' (1987)માં વિંદુના પિતા દારા સિંહે હનુમાનનો રોલ ભજવ્યો હતો. ડીએનએ સાથેની વાતચીતમાં ફિલ્મ રામાયણને લઈને વિંદુએ કહ્યું કે તે ખૂબ જ શાનદાર દેખાઈ રહી છે, ખૂબ જ સુંદર છે, પરંતુ એક કડક નિયમ છે. જે રામાયણ રામાનંદ સાગરજીએ બનાવી છે, તે આપણા બધાના દિલ અને દિમાગમાં સંપૂર્ણપણે વસેલી છે. તે રામાયણ ઐતિહાસિક છે, નંબર વન છે. જો આ ફિલ્મ તેના સ્તર સાથે મેળ ખાશે, તો તે સુપરહિટ થશે. તે એક રેકોર્ડ તોડ હિટ સાબિત થશે. વિંદુએ એમ પણ કહ્યું કે જો વાર્તામાં વધુ ફેરફાર કરવામાં આવશે, જેમ કે તેમાં તે ખતરનાક (અસુર) જેવા દેખાઈ રહ્યા છે, તો જો વધુ ઉપર-નીચે કરવામાં આવશે, તો લોકો તેને સ્વીકારશે નહીં. વિંદુએ ફિલ્મના વિઝ્યુઅલ્સની પ્રશંસા કરતા કહ્યું કે નમિત મલ્હોત્રા વિઝ્યુઅલ્સને વધુ સારી રીતે રજૂ કરવાનું જાણે છે અને સ્પેશિયલ ઈફેક્ટ્સ જબરદસ્ત હશે, પરંતુ જો તેમણે સાગર સાહેબની રામાયણને ફોલો નથી કરી, તો તે તેમના માટે એક મોટી સમસ્યા ઊભી કરી દેશે. વિંદુએ રણબીર કપૂરના વખાણ કરતા કહ્યું કે તે રામના રૂપમાં સારા લાગી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે લોકો માટે અરુણ ગોવિલની છબી હજુ પણ રામ તરીકે જોડાયેલી છે, જ્યારે તેમના પિતા દારા સિંહ હનુમાન તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે હવે નવા કલાકારો તે જ પાત્રો ભજવી રહ્યા છે અને અરુણ ગોવિલ આ ફિલ્મમાં દશરથની ભૂમિકામાં યોગ્ય છે. વિંદુએ આશા વ્યક્ત કરી કે જો અભિનય અને પ્રસ્તુતિ યોગ્ય રહેશે તો ફિલ્મ સફળ થઈ શકે છે. વિંદુ દારા સિંહે કહ્યું કે અત્યાર સુધી જે જોવામાં આવ્યું છે, તેના આધારે આ ફિલ્મ આદિપુરુષ કરતાં વધુ સારી લાગી રહી છે. તેમણે કહ્યું કે પહેલાની રામાયણ અને મહાભારત સીરિયલે એક માપદંડ નક્કી કર્યો છે, જેનાથી સરખામણી થવી સ્વાભાવિક છે.

### કંગના રનૌતની ફિલ્મ 'ક્વીન'ની સિક્વલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે

# 'ક્વીન 2' માં કંગના રનૌત જોવા મળશે એપ્રિલના અંત સુધીમાં શૂટિંગ શરૂ થશે, જાણો કેવી હશે સ્ટોરી

કંગના રનૌતની ફિલ્મ 'ક્વીન'ની સિક્વલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કંગના અને ડિરેક્ટર વિકાસ બહલ 'ક્વીન 2'નું શૂટિંગ એપ્રિલના અંત સુધીમાં શરૂ કરશે. 'મિડ ડે'ના રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી જણાવાયું છે કે ફિલ્મની સ્ટોરી પહેલી ફિલ્મની સીધી સિક્વલ નહીં હોય, પરંતુ તે પોતાને શોધવા અને આત્મનિર્ભરતાના વિષયોને દર્શાવશે. આ વખતે કંગનાનું પાત્ર રાની નાના શહેરની નહીં, પરંતુ શહેરમાં રહેતી છોકરી હશે. વાર્તામાં રાની એક એવી પરિસ્થિતિનો સામનો કરશે, જે તેને પોતાને શોધવાની યાત્રા પર લઈ જશે. ફિલ્મમાં બતાવવામાં આવશે કે તે પોતાની ઓળખ, સમજ અને હિંમતથી જીવનની મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરે છે. આ વખતે તેની યાત્રા તેને ભારતના અલગ-અલગ શહેરોમાં લઈ જશે. ફિલ્મમાં કંગના ઉપરાંત પહેલી ફિલ્મના કલાકારો જેવા કે રાજકુમાર રાવ અને લીઝા હેડન જોવા નહીં મળે. કહેવામાં આવી રહ્યું છે કે સપોર્ટિંગ રોલ્સ માટે થિયેટર કલાકારોને પસંદ કરવામાં આવ્યા છે. શૂટિંગની શરૂઆત મુંબઈના એક સ્ટુડિયોમાં થશે, જ્યાં ઉત્તર ભારતીય શહેર અને રાનીના ઘરના સેટ તૈયાર કરવામાં આવશે. આ પછી ટીમ અન્ય મેટ્રો શહેરોમાં શૂટિંગ કરશે. ફિલ્મનું શૂટિંગ લગભગ ત્રણ મહિનામાં પૂરું કરવામાં આવશે. 'ક્વીન' (2014) ને ફેન્ટમ ફિલ્મ્સ અને વાયકોમ18 મોશન પિક્ચર્સે પ્રોડ્યુસ કરી હતી. ફેન્ટમ ફિલ્મ્સ 2018માં બંધ થયા પછી, 'ક્વીન 2'ને વિકાસ બહલ પોતાના બેનર હેઠળ બનાવી રહ્યા છે. તે ફિલ્મના રાઈટર પણ છે. આ ફિલ્મ પછી કંગના રનૌત 'તનુ વેડ્સ મનુ 3'નું શૂટિંગ શરૂ કરશે, જેનું ડિરેક્શન આનંદ એલ રાય કરશે. કંગના રનૌતની ફિલ્મ 'ક્વીન'ની સિક્વલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કંગના અને ડિરેક્ટર વિકાસ બહલ 'ક્વીન 2'નું શૂટિંગ એપ્રિલના અંત સુધીમાં શરૂ કરશે. 'મિડ ડે'ના રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી જણાવાયું છે કે ફિલ્મની સ્ટોરી પહેલી ફિલ્મની સીધી સિક્વલ નહીં હોય, પરંતુ તે પોતાને શોધવા અને આત્મનિર્ભરતાના વિષયોને દર્શાવશે. આ વખતે કંગનાનું પાત્ર રાની નાના શહેરની નહીં, પરંતુ શહેરમાં રહેતી છોકરી હશે. વાર્તામાં રાની એક એવી પરિસ્થિતિનો સામનો કરશે, જે તેને પોતાને શોધવાની યાત્રા પર લઈ જશે. ફિલ્મમાં બતાવવામાં આવશે કે તે પોતાની ઓળખ, સમજ અને હિંમતથી જીવનની મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરે છે. આ વખતે તેની યાત્રા તેને ભારતના અલગ-અલગ શહેરોમાં લઈ જશે. ફિલ્મમાં કંગના ઉપરાંત પહેલી ફિલ્મના કલાકારો જેવા કે રાજકુમાર રાવ અને લીઝા હેડન જોવા નહીં મળે. કહેવામાં આવી રહ્યું છે કે સપોર્ટિંગ રોલ્સ માટે થિયેટર કલાકારોને પસંદ કરવામાં આવ્યા છે. શૂટિંગની શરૂઆત મુંબઈના એક સ્ટુડિયોમાં થશે, જ્યાં ઉત્તર ભારતીય શહેર અને રાનીના ઘરના સેટ તૈયાર કરવામાં આવશે. આ પછી ટીમ અન્ય મેટ્રો શહેરોમાં શૂટિંગ કરશે. ફિલ્મનું શૂટિંગ લગભગ ત્રણ મહિનામાં પૂરું કરવામાં આવશે. 'ક્વીન' (2014) ને ફેન્ટમ ફિલ્મ્સ અને વાયકોમ18 મોશન પિક્ચર્સે પ્રોડ્યુસ કરી હતી. ફેન્ટમ ફિલ્મ્સ 2018માં બંધ થયા પછી, 'ક્વીન 2'ને વિકાસ બહલ પોતાના બેનર હેઠળ બનાવી રહ્યા છે. તે ફિલ્મના રાઈટર પણ છે.

